દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 55 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ- ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 March 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૬ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભારતના માલસામાન પર ૧૦૦ ટકા ટેરિફ લાદીશુંઃ ટ્રમ્પ

બીજી એપ્રિલથી નવા દરનો અમલઃ દવા, કૃષિ, આઈટી ક્ષેત્રને અસર થશે

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ભારતના માલસમાન પર ૧૦૦ ટકા ટેરિફ લાદીશું.

બીજી એપ્રિલથી નવા દરનો અમલ શરૂ થશે જેને કારણે દવા, કૃષિ, આઈટી ક્ષેત્રને અસર થશે. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આજે ભારત અને અન્ય રાષ્ટ્રો દ્વારા લાદવામાં આવેલા 'ખૂબ જ અયોગ્ય' ટેરિફની તેમની ટીકાનો પુનરોચ્ચાર કરી અને જાહેરાત કરી હતી કે નવા ટેરિફ ૨ એપ્રિલથી અમલમાં આવશે.

ટ્રમ્પનો ઉદ્દેશ્ય વિદેશી દેશોમાંથી આયાત પર સમાન ટેરિફ દરો લાદવાનો છે જે તે રાષ્ટ્રો યુએસ નિકાસ પર લાદે છે.

ટ્રમ્પે ભારત, ચીન અને દક્ષિણ કોરિયા તરફથી ઊંચા ટેરિફનાં ઉદાહરણો આપીને વર્તમાન વેપાર પ્રથાઓની અયોગ્યતા દૂર કરવાની અને આંતરરાષ્ટ્રીય વેપારમાં સંતુલિત અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

''અન્ય દેશોએ દાયકાઓથી અમારી સામે ટેરિફનો ઉપયોગ કર્યો છે, અને હવે તે અન્ય દેશો સામે તેનો ઉપયોગ શરૂ કરવાનો અમારો વારો છે, 'એમ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળના પ્રથમ કૉંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધનમાં કહ્યું.

''સરેરાશ, યુરોપિયન યુનિયન, ચાઇના, બ્રાઝિલ, ભારત-મેક્સિકો અને કેનેડા - શું તમે તેમના વિશે સાંભળ્યું છે? - અને અસંખ્ય અન્ય રાષ્ટ્રો આપણે તેમની પાસેથી ચાર્જ કરીએ છીએ તેના કરતાં તેઓ ખૂબ જ વધારે ટેરિફ વસૂલે છે. તે ખૂબ જ અયોગ્ય છે.'

ભારતને ઉદાહરણ તરીકે ટાંકીને ટ્રમ્પે કહ્યું, 'ભારત અમારી પાસેથી ૧૦૦ ટકાથી વધુ ઓટો ટેરિફ વસૂલે છે.'

ટ્રમ્પે તેમની લાંબા સમયથી ચાલી રહેલી સ્થિતિને પુનરાવર્તિત કરી હતી કે યુનાઇટેડ સ્ટેટ્સે તેને અસમાન વેપાર નીતિઓ તરીકે જોતા તેનો સામનો કરવો જ જોઇએ.

તેમણે કહ્યું કે તેમનું વહીવટીતંત્ર 'ટૂંક સમયમાં' ભારત અને ચીન જેવા દેશો પર પારસ્પરિક ટેરિફ

(જુઓ પાનું ૨) ▸▸

ભારત પાંચ ટ્રિલ્યન ડૉલરનું અર્થતંત્ર બનવાની નજીકઃ મોદી

નવી દિલ્હીઃ ભારત પાંચ ટ્રિલ્યન ડૉલરના અર્થતંત્રવાળું રાષ્ટ્ર બનવાની નજીક પહોંચી ગયું છે એમ જણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોની કાર્યકુશળતા વધારવા, બુદ્ધિપ્રતિભા ખીલવવા, નવી બાબતોને પ્રોત્સાહન આપવા તેમ જ અર્થતંત્રને વેગ આપવા રોજગારનું નિર્માણ કરવા સંબંધિત લોકોને એકજૂટ થવાની અને વિવિધ ક્ષેત્રમાં રોકાણ કરવાની બુધવારે વિનંતી કરી હતી.

પ્રવાસન ઉદ્યોગ યુવાનો માટે રોજગારનું નિર્માણ કરી શકે છે. પ્રવાસ ઉદ્યોગનો માળખાકીય દરજ્જો દેશના જીડીપીમાં તેનો હિસ્સો વધારશે, એમ મોદીએ કહ્યું હતું.

બજેટ બાદના રોજગાર અંગેના વૅબિનારમાં ભાગ લેતાં મોદીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪થી સરકારે દેશના ત્રણ કરોડ કરતાં પણ વધુ યુવાનોને કાર્યકુશળતા વિકસાવવાની તાલીમ આપી છે અને ૧,૦૦૦ આઈઆઈટીને અપગ્રેડ કરવાનો તેમ જ પાંચ સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે.

ક્ષમતાનું નિર્માણ અને પ્રતિભાનું પોષણ કરવા જેવી બાબતો રાષ્ટ્રીય વિકાસના પાયાના પથ્થર તરીકે કામ કરે તેમ જ વિકાસના હવે પછીના તબક્કામાં આ ક્ષેત્રોમાં વધુ રોકાણ થાય તે જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

મણિપુરમાં ભૂકંપના બે આંચકા

ઈમ્ફાલઃ મણિપુરમાં બુધવારે ૫.૭ની તીવ્રતા વાળા ભૂકંપના બે આંચકા આવ્યા હતા, એમ જણાવતા અધિકારીઓએ કહ્યું હતું કે સમગ્ર ઈશાન ભારતમાં ધ્રૂજારી અનુભવાઈ હતી.

બુધવારે સવારે ૧૧:૦૬ વાગ્યે ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના યેરિપોકની પૂર્વમાં ૪૪ કિ.મી.ને અંતરે અને જમીનની સપાટીથી ૧૧૦ કિ.મી. ઊંડે હતું.

આસામ, મેઘાલય સહિતના અન્ય વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ભૂકંપનો બીજો આંચકો બપોરે ૧૨:૨૦ વાગ્યે મણિપુરના કામજોન્ગ જિલ્લામાં અનુભવાયો હતો અને તેની તીવ્રતા ૪.૧ની હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનની સપાટીથી ૬૬ કિ.મી. ઊંડે હતું.

ભૂકંપ બાદ મણિપુરમાં અનેક ઈમારતોમાં તિરાડ પડેલી જોવા મળી હતી.

વંશીય હિંસાનો ભોગ બનેલા લોકો માટે જ્યાં રાહત છાવણી ઊભી કરવામાં આવી હતી તે થૉઉબલ જિલ્લાના વાન્ગજિન્ગ લામ્બડિંગસ્થિત સ્કૂલની ઈમારતમાં પણ તિરાડો પડી ગઈ હતી. ભૂકંપના કારણે થયેલા

(જુઓ પાનું ૨) ▸▸

મોદી આજે ટ્રેક અને બાઈક રેલીને લીલીઝંડી બતાવશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે ઉત્તરાખંડની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન મોદી ટ્રેક અને બાઈક રેલીને લીલીઝંડી બતાવશે તેમ જ હર્ષિલમાં યોજાનારી એક જાહેર સભાને સંબોધન કરશે.

સવારે ૯:૩૦ વાગ્યે મોદી મુખવા ખાતે મા ગંગાના શિયાળાના નિવાસસ્થાનના દર્શન કરી પૂજા કરશે. સવારે ૧૦:૪૦ વાગ્યે મોદી ટ્રેક અને બાઈક રેલીને લીલીઝંડી બતાવશે તેમ જ હર્ષિલમાં યોજાનારી એક જાહેર સભાને સંબોધન કરશે, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ઉત્તરાખંડ સરકારે આ વરસે વિન્ટર ટૂરિઝમ પ્રોગ્રામ શરૂ કર્યો છે. હજારો શ્રદ્ધાળુઓએ અત્યાર સુધીમાં ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદરીનાથના શિયાળામાંના નિવાસસ્થાનની મુલાકાત લીધી છે.

આ કાર્યક્રમનો મુખ્ય આશય ધાર્મિક પ્રવાસ, સ્થાનિક અર્થતંત્ર, હૉટલ અને પ્રવાસન સહિતના ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. (એજન્સી)■

કરારઃ ગાંધીનગરમાં બુધવારથી શરૂ થયેલી ત્રણ દિવસની ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૫ના પ્રથમ દિવસે રાજ્ય સરકાર અને માઈક્રોન વચ્ચેના એમઓયુ પર ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સહી કરી હતી. (એજન્સી)

બેંગલૂરુ એરપોર્ટ પર કન્નડ અભિનેત્રી પાસેથી ₹ ૧૨.૫૬ કરોડનું સોનું જપ્ત કરતું ડીઆરઆઇ

બેંગલૂરુઃ બેંગલૂરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રી એરપોર્ટ પર કન્નડ અભિનેત્રી રાન્યા રાવ પાસેથી જપ્ત કરાયેલી સોનાની લગડીઓની કિંમત ૧૨.૫૬ કરોડ રૂપિયા છે. આ જાણકારી ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ બુધવારે આપી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર રાવ વરિષ્ઠ આઇપીએસ અધિકારી રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે, જે હાલમાં કર્ણાટક રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના પોલીસ મહાનિર્દેશક તરીકે સેવા આપી રહ્યા છે. આ કેસમાં કુલ જપ્તી રૂા. ૧૭.૨૯ કરોડની છે, જેમાં ૪.૭૩ કરોડની સંપત્તિનો સમાવેશ થાય છે, જે સંગઠિત સોનાની દાણચોરીના નેટવર્ક માટે એક મોટો ઝટકો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ૧૪.૨ કિલો સોનાનો આ જથ્થો તાજેતરમાં બેંગલૂરુ એરપોર્ટ પર જપ્ત કરાયેલા સોનાની સૌથી મોટી જપ્તીમાંનો એક છે. નાણાં મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ બેંગલૂરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૧૨.૫૬ કરોડ રૂપિયાના વિદેશી મૂળની સોનાની લગડીઓ લઇ જતા એક મુસાફરને સફળતાપૂર્વક પકડી પાડ્યો હતો.

નિવેદનમાં જણાવાયું છે કે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા ડીઆરઆઇ અધિકારીઓએ ૩ માર્ચના રોજ અમીરાતની ફ્લાઇટ દ્વારા દુબઇથી બેંગલૂરુ પહોંચેલી આશરે ૩૩ વર્ષની એક ભારતીય મહિલા મુસાફરને અટકાવી હતી. તપાસ કરતા તેમના શરીર પર ચાલાકીથી છુપાવેલી ૧૪.૨ કિલો વજનની સોનાની લગડીઓ મળી આવી હતી. ઉલ્લેખનીય છે કે ડીઆરઆઇ નાણા મંત્રાલય હેઠળ આવે છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર કસ્ટમ્સ ઍક્ટ, ૧૯૬૨ની જોગવાઇઓ હેઠળ ૧૨.૫૬ કરોડ રૂપિયાની કિંમતનો પ્રતિબંધિત માલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ અટકાયત

(જુઓ પાનું ૨) ▸▸

ગોધરાકાંડના ૧૪ સાક્ષીની સુરક્ષા હટાવાઈ

નવી દિલ્હીઃ ગોધરા રમખાણના ૧૪ સાક્ષીની સુરક્ષા હટાવી દેવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સીટની ભલામણના આધારે આ નિર્ણય લેવાયો છે.

ગોધરાકાંડના ૧૪ સાક્ષીની સુરક્ષામાં સીઆઇએસએફનાં ૧૫૦ સૈનિક તૈનાત હતા.

ગોધરાકાંડ પર બનેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સીટ) એ ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ આ સાક્ષીઓની સુરક્ષા હટાવવા પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો.

ગોધરાકાંડના જે ૧૪ સાક્ષીની સુરક્ષા હટાવાઈ એના નામ હબીબ રસૂબ સયૈદ, અમીનાબેન હબીબ રસૂલ સૈયદ, અકીલાબેન યાસીનમિન, સૈયદ યુસુફ ભાઇ, અબ્દુલભાઇ મરિયમઆપા, યાકુબ ભાઇ નૂરાન નિશાર, રજતભાઇ અખ્તર હૂસૈન, નજીમભાઇ સત્તાર ભાઇ, માજીદભાઇ શેખ યાનુશ મહમ્મદ, હાજી

(જુઓ પાનું ૨) ▸▸

આગઃ ગુજરાતના ભરૂચમાં બુધવારે નિઓજન કેમિકલમાં આગ ફાટી નીકળ્યા બાદ દેખાઈ રહેલી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા. (એજન્સી)

ઝારખંડમાં ધડાકામાં ત્રણ જવાન ઘાયલ

ચાઈબાસા (ઝારખંડ) : પશ્ચિમ ઝારખંડના સિંઘભુમ જિલ્લામાં એક ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) સ્ફોટ થતાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના ઓછામાં ઓછા ત્રણ જવાન ઈજા પામ્યા હતા. ઘાયલ જવાનોને સારવાર માટે હવાઈમાર્ગે રાંચી લઈ જવામાં આવ્યા હતા.

સીઆરપીએફ ૧૯૭ બટાલિયનના જવાનોને મનોહરપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બાલિવાના સારંડાના જંગલમાં સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો, એવી માહિતી કોલહાન ડીઆઈજી મનોજ રત્ન ચોટેએ આપી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે ઓપરેશન દરમિયાન આઈઈડીનો ધડાકો થતાં ત્રણ જવાન ઘાયલ થયા હતા. તેમને હવાઈમાર્ગે રાંચી મોકલવામાં આવ્યા હતા. (એજન્સી)■

યમુના નદીમાંથી ૧,૩૦૦ ટન કચરો કઢાયો

નવી દિલ્હી : દિલ્હી સિંચાઈ અને પૂર અંકુશ ખાતાના પ્રધાન પરવેશ વર્માએ બુધવારે હોડીમાં યમુના નદીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે છેલ્લા દસ દિવસમાં યમુના નદીમાંથી ૧,૩૦૦ ટનનો કચરો કાઢ્યો હતો. તેમણે યમુના સ્વચ્છ કરવાની પ્રગતિની સમીક્ષા કરવા અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું હતું કે દિલ્હીની બધી ગટરોને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે જોડવામાં આવશે અને નદીમાં રાસાયણિક પ્રક્રિયા કર્યા વગરનું પ્રદૂષિત પાણી ન છોડવામાં આવે એટલા માટે પ્લાન્ટની ક્ષમતા વધારવામાં આવશે. તાજેતરની દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં યમુનાના શુદ્ધીકરણનું વચન ભાજપે આપ્યું હતું. વર્માએ લોકોને ખાતરી આપી હતી કે સ્યુએજ ટ્રિટમેન્ટને લગતી ફરિયાદો પર કામ કરાશે અને બધા જ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બે વર્ષમાં સ્થાપવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે ૨૦૨૩માં દિલ્હીમાં પૂર આવ્યું હતું. અગાઉ બધા ફ્લડગેટ બંધ કરવામાં આવ્યા હતા. જોકે હવે તેને રિપેર કરવામાં આવ્યા હતા અને પૂર અટકાવવા ગેટ મોટા કરવામાં આવશે. અમારું વચન યમુનાને સ્વચ્છ કરવાનું છે.(એજન્સી) ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

વિરાટે હીરો બનવાની વૃત્તિ દબાવીને ભારતને જિતાડ્યું

એક સમય એવો હતો કે જ્યારે ક્રિકેટમાં ભારત પાકિસ્તાનને હરાવે ત્યારે અવર્ણનીય આનંદ થતો હતો. હવે આપણે પાકિસ્તાનને એટલી બધી વાર હરાવીએ છીએ કે એ જીતમાં પહેલાં જેવો રોમાંચ નથી થતો ને એ રોમાંચનું સ્થાન ઑસ્ટ્રેલિયા સામે મળતી જીતે લીધું છે. ઑસ્ટ્રેલિયા ઘણાં વરસોથી વિશ્વ ક્રિકેટમાં સુપર પાવર છે અને વિશ્વ ક્રિકેટમાં ભારતની સર્વોપરિતા સામે સૌથી મોટો અવરોધ છે.

વર્લ્ડકપ સહિતની વૈશ્વિક સ્પર્ધાઓ જીતવાના આપણા મિશનમાં ઑસ્ટ્રેલિયા જ સૌથી મોટું વિલન બને છે. ૨૦૨૩ના વન ડે વર્લ્ડકપમાં અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાએ ભારતને હરાવ્યું તેનો ઘા તો તાજો જ છે તેથી ઑસ્ટ્રેલિયાને હરાવીએ ત્યારે જોરદાર આનંદ થાય છે. ચેમ્પિયન્સ ટ્રોફીની દુબઈમાં રમાયેલી સેમિ ફાઈનલમાં આપણે જીત્યા અને ફાઈનલમાં ગયા ત્યારે આનંદ થયો, પણ ઑસ્ટ્રેલિયાને હરાવીને ફાઈનલમાં ગયા તેના કારણે આ આનંદ અનેક ગણો વધી ગયો.

દુબઈમાં રમાયેલી સેમિ ફાઈનલમાં ઑસ્ટ્રેલિયા પ્રથમ બેટિંગ કરતા ૪૯.૩ ઓવરમાં ૨૬૪ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું. જવાબમાં ભારતે શરૂઆતના બે આંચકાને પચાવીને ૪૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને સ્કોર ચેઝ કરીને વટભેર ફાઈનલમાં પ્રવેશ કર્યો. પેટ કમિન્સ અને મિશેલ સ્ટાર્ક જેવા ભારતને સતત નડતા ફાસ્ટ બોલરોની ગેરહાજરીનો બરાબર લાભ લઈને ભારતીય બેટ્સમેને જીત અપાવી. વિરાટ કોહલીના ૮૪ રનનું આ રન ચેઝમાં સૌથી મોટું યોગદાન છે, પણ શ્રેયસ ઐયરના ૪૫ અને કેએલ રાહુલના અણનમ ૪૨ રને પણ ભારતને જીત અપાવવામાં મોટું યોગદાન આપ્યું.

ક્રિકેટમાં ટીમ જીતે ત્યારે મોટા ભાગે બેટ્સમેનને વધારે ક્રેડિટ મળે છે, પણ ભારતની જીતમાં બોલરોની ભૂમિકા પણ એટલી જ મહત્ત્વની હતી. ભારત તરફથી મોહમ્મદ શમીએ સૌથી વધારે ૩ વિકેટ ઝડપી જ્યારે વરુણ ચક્રવર્તી અને રવિન્દ્ર જાડેજાને ૨-૨ વિકેટ મળી. હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલને ૧-૧ વિકેટ મળી હતી. આ તો આંકડાની વાત થઈ, પણ મહત્ત્વની વાત ભારતીય બોલરોએ જબરદસ્ત લાઈન-લેંથ સાથે નાખેલી બોલિંગ છે.

ઑસ્ટ્રેલિયાના સ્ટાર ફાસ્ટ બોલરો ગેરહાજર છે, પણ બેટિંગમાં તો બધા ધરખમ ખેલાડીઓએ છે જ. ઊલટાનું આપણો સ્ટાર બોલર જસપ્રિત બૂમરાહ ગેરહાજર હતો તેથી ભારતની બોલિંગ કાગળ પર નબળી લાગે, પણ મેદાન પર ભારતીય બોલરો જરાય નબળા ના લાગ્યા. ઑસ્ટ્રેલિયાની ધરખમ બેટિંગને તેમણે ૨૬૪ રન સુધી સીમિત રાખી તેના પરથી જ કેવી જોરદાર બોલિંગ નાખી હશે તેનો અંદાજ આવી જાય. હાર્દિક પંડ્યાએ ઓવરદીઠ ૭ રનથી વધારેની એવરેજથી રન આપ્યા, પણ એ સિવાય બધાની એવરેજ ઓવરદીઠ છ રનથી ઓછી જ છે.

મોહમ્મદ શમીએ ૧૦ ઓવરમાં ૪૮ રન આપીને ૩ વિકેટ લઈને સૌથી જોરદાર દેખાવ કર્યો. શમીએ પહેલી જ ઓવરમાં ટ્રેવિસ હેડનો પોતાની જ બોલિંગમાં કેચ છોડી દીધેલો. શમીએ એક સેકંડથી પણ ઓછા સમયમાં રીફ્લેક્શન આપીને કેચ પકડવા પ્રયત્ન કરેલો, પણ કેચ અઘરો હતો એ સ્વીકારવું પડે તેથી શમીનો વાંક ના કાઢી શકાય. શમીએ જામેલા સ્ટીવન સ્મિથને ક્લીન બોલ્ડ કરીને એ અફસોસ કાઢી નાખ્યો, પણ શમીએ હેડનો કેચ પકડ્યો હોત તેના ફિગર વધારે જોરદાર હોત.

આપણે કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ એમ ચાર સ્પિનરો સાથે ઊતરેલા. ચારેય સ્પિનરે ઑસ્ટ્રેલિયાના બેટ્સમનને બાંધી જ ના રાખ્યા, પણ સમયાંતરે વિકેટો પાડીને જામવા પણ ના દીધા. ઑસ્ટ્રેલિયા તરફથી એક પણ સો રનની ભાગીદારી જ ના થઈ એ જ આપણા સ્પિનરોની સૌથી મોટી સિદ્ધિ કહેવાય. ૫૦ રનની ત્રણેક ભાગીદારી થઈ, પણ તેમાં પણ ઊડીને આંખે વળગે એવું કશું નથી. બલકે આપણા સ્પિનરો તેમના પર હાવી રહ્યા. ટ્રેવિસ હેડ વરુણને સિક્સર મારવાના ચક્કરમાં આઉટ થયો ને અક્ષર પટેલે ડેન્જરમેન ગ્લેન મેક્સવેલને ક્લીન બોલ્ડ કર્યો એ તેના પુરાવા છે.

ભારતીય બેટિંગના હાલ પણ ઑસ્ટ્રેલિયા જેવા થઈ ગયા હોત, પણ ના થયા તેનો યશ વિરાટ કોહલીને જાય છે. શુભમન ગિલ ક્લીન બોલ્ડ થઈને પાછો જતો રહ્યો પછી રોહિત શર્માએ થોડી જવાબદારીભરી બેટિંગ કરવાની જરૂર હતી. તેના બદલે રોહિત શર્મા રાબેતા મુજબ બેજવાબદારીભરી બેટિંગ કરીને આઉટ થયો ત્યારે ભારત પર પ્રેશર આવશે એવું લાગતું હતું, પણ વિરાટે એ પ્રેશર ના આવવા દીધું ને પહેલાં શ્રેયસ અય્યર અને પછી અક્ષર પટેલે તેને બરાબર સાથ આપ્યો. આ ત્રણેયે ઓછામાં ઓછું જોખમ લઈને સ્કોર બોર્ડને સતત ફરતું રાખ્યું ને વધતા રન-રેટનું પ્રેશર ના આવવા દીધું એ બદલ પ્રશંસા કરવી જોઈએ.

વિરાટ તો યાદગાર ઈનિંગ રમ્યો કેમ કે તેણે જોખમ લીધાં વિના રન કર્યે રાખ્યા. વિરાટે ૯૮ બોલમાં ૮૪ રન કર્યા અને માત્ર પાંચ ચોગ્ગા માર્યા જ્યારે એક પણ સિક્સર ન મારી. આદમ ઝમ્પા, કૂપર કોન્નોલી, તનવીર સાંઘા, ગ્લેન મેક્સવેલ સહિતના સ્લો બોલરોની બોલિંગમાં બહાર નીકળીને હીરો બનવાની વૃત્તિને દાબી રાખવાનો સંયમ કોહલીએ બતાવ્યો એ કાબિલે તારીફ છે.

હીરો બનવાના ચક્કરમાં રોહિત શર્માની જેમ વિકેટ ફેંકવાના બદલે વિરાટ મેચ્યોરિટીથી રમ્યો ને ભારતને જીત અપાવી. શ્રેયસ અય્યરની બેટિંગ પણ ઠવાકાઈભરી હતી કેમ કે તેણે પણ ૪૫ રન કરવા ૬૫ બોલ લીધા ને માત્ર ૩ બાઉન્ડ્રી મારી. અક્ષર પટેલે પણ સારી બેટિંગ કરી. આ ત્રણેયની બેટિંગના કારણે ભારત મજબૂત થયેલું એટલે કે.એલ. રાહુલ અને હાર્દિક પંડ્યા છેલ્લે છેલ્લે ફટાફટી કરી શક્યા ને ભારત જીતી શક્યું.

ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે ૪ વિકેટે વિજય મેળવ્યો પછી કેટલાકે ભારતે ઑસ્ટ્રેલિયા સામે ૨૦૨૩ના વર્લ્ડ કપની ફાઇનલમાં મળેલા પરાજયનો બદલો લઈ લીધો છે એવું લખ્યું, પણ આ બદલો નથી. ભારતે ઑસ્ટ્રેલિયાની જેમ હરાવીને ટ્રોફી જીતી હોત તો બદલો કહેવાય, પણ હજુ તો ભારતે પોતે ફાઈનલમાં જીતવાનું બાકી છે. ભારત હવે ૯ માર્ચે દુબઈમાં દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલૅન્ડ વચ્ચેની વિજેતા ટીમ સામે ટકરાશે ને એ જ અસલી જંગ છે.

ઑસ્ટ્રેલિયા સામે જીત સાથે ભારતે સતત ત્રીજી વખત આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ પહેલાં ૨૦૧૩ અને ૨૦૧૭માં ભારતે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૧૩માં વરસાદના કારણે ૨૦-૨૦ ઓવરની કરાયેલી ફાઈનલમાં ભારતે ઈંગ્લૅન્ડને હરાવેલું જ્યારે ૨૦૧૭માં આપણે નાલેશીભરી રીતે પાકિસ્તાન સામે ૧૮૦ રને હારી ગયેલા. સ્વાભાવિક રીતે જ ભારતીય ક્રિકેટ ચાહકો ફાઈનલમાં ૨૦૧૭નું નહીં પણ ૨૦૧૩નું પુનરાવર્તન ઇચ્છે છે.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૬-૩-૨૦૨૫,
હોળાષ્ટક પ્રારંભ રાત્રે ક. ૧૦-૫૨

ભારતીય દિનાંક ૧૫, માહે ફાગણ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૭
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૭
પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
નક્ષત્ર રોહિણી મધ્યરાત્રે ક. ૨૪-૦૬ સુધી, પછી મૃગશીર્ષ.
ચંદ્ર વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સાંજે ક. ૧૬-૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૪ (તા. ૬)
ઓટઃ સવારે ક. ૦૯-૨૮, રાત્રે ક. ૨૧-૫૪
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - સપ્તમી. હોળાષ્ટક પ્રારંભ રાત્રે ક. ૧૦-૫૨, ભદ્રા ક. ૧૦-૫૨ થી ૨૨-૦૨.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-ગુરુ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મુંડન કરાવવું નહિ. મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, નિત્ય થતાં દુકાન-વેપાર દસ્તાવેજ, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું.
આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારોમાં મુશ્કેલી પડે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ.
ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

અદબ ઈન્સાનને મહામાનવ બનાવે

ઈસ્લામ તેની ઉમ્મત અર્થાત્ પ્રજા-અનુયાયીઓને શિષ્ટ-અશિષ્ટ વિશે જે હિદાયત (શિક્ષણ, માર્ગદર્શન) આપે છે તે અત્રે દર્શાવેલ આઠ બાબતોથી સ્પષ્ટ થવા પામે છેઃ

- આ આઠ બાબતો પર- તેના આચરણ પર બેઆબરૂ-અપમાનિત થવું પડે તો તેવો સખશ સ્વયં ધિક્કારને પાત્ર બની રહેતો હોય છેઃ

* સ્વાર્થીઃ પોતાના મતલબ-હિતનું જ જોનાર તે ત્યાં સુધી કે ઉપકાર કરનારાનો આભાર માનવાનું તો દૂર રહ્યું પણ અપકારથી વાળતો હોય,
* લાલચું, કંજૂસ, પોતાના હિતનું જ જોનાર
* મીંઢો પોતાની ઘરવાળી, સંતાનોનું હિત તો નથી જોતો પણ સ્વયં પોતાના પેટને પણ મારતો હોય છે, હાય પૈસા, હાય પૈસા કરતો રહેતો હોય છે.
* દુષ્ટ-કંજૂસ પાસે પણ દાનની અપેક્ષા રાખનાર-આજીજી કરનાર,
* બે વ્યક્તિ વાત કરતી હોય તો વગર વિચાર્યે ટપકી પડનાર, ખલેલ પહોંચાડનાર,
* સત્તાધીશનો તિરસ્કાર કરનાર,
* વગર આમંત્રણે કોઈને ત્યાં પહોંચી જનાર અને
* પોતાની વાત તરફ બેધ્યાન રહેતો હોય તેવા શખસ સાથે વાતચીત કરનાર.

વ્હાલા વાચક બિરાદરો!

હદીસ અર્થાત્ પયગંબર (સંદેશવાહકો) ઈમામો તેમજ અલ્લાહવાલા પીરો, ઓલિયાઓના જીવનકથનો, રહેણીકરણી, આચાર-વિચારોમાંથી બોધ મળે છે કે, અત્રે દર્શાવેલ ત્રણ બાબતની લાયકાત જે વ્યક્તિમાં ન હોવા છતાં સભામાં પ્રમુખસ્થાને બેસે-બેસવાનો આગ્રહ રાખે તે - મહામૂર્ખ છેઃ નાદાન છેઃ

૧) જે કંઈ પૂછવામાં આવે તેનો જવાબ આપી શકતો ન હોય,

૨) લોકો હકની વાત રજૂ કરે છતાં શક્તિમાન હોવા છતાં જવાબ આપી શકતો ન હોય અને

૩) એવા વિચારો વ્યક્ત કરે કે જેના પર અમલ કરવાથી લાભ થવાને બદલે ગેરલાભ થાય, નુકસાન પહોંચે...

- ટૂંકમાં આવો માણસ
* સભા,
* જલસો,
* પ્રમુખસ્થાન
* કોમ, જમાત, સમુદાયમાં ઉચ્ચ સ્થાને બેસવા લાયક નથી અને તે બાબત કરવી હોદ્દાને અપમાનિત કરવા સમાન છે.

- આવી વ્યક્તિને માન આપવું - નિમણૂંક કરવી પણ ગુનાને પાત્ર ઠરે છે.

પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સાહેબ કહે છે કે અત્રે દર્શાવેલ ચાર બાબતોનું જે વ્યક્તિ અનુકરણ કરે તો તે વખાણને પાત્ર ઠરે છે તથા અન્યોને હિદાયત (બોધ, જ્ઞાન) આપનારું બની રહેવા પામે છેઃ

૧) જે કંઈ પૂછવામાં આવે તેનો સંતોષકારક જવાબ આપી શકે,

૨) જે તે વ્યક્તિ, સમૂહ હક (અધિકાર, સચ્ચાઈ)ની વાત રજૂ કરે તો પોતે પૂરેપૂરી હક વાત કહેવા નિડર હોય અને

૩) એવા વિચારો વ્યક્ત કરે, જે પર અમલ કરવાથી વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશને લાભ થાય.

બોધઃ

* કોઈ સભા, જલસા, સમૂહમાં લોકો બેઠા હોય તો જે તે શખસે પાછળ બેસવું જોઈએ, નહીં કે કૂદકા મારતાં મારતાં બધાની વચ્ચે થઈને આગળ બેસી જવું.

- ઈસ્લામ માત્ર દીન અર્થાત્ ધર્મનું જ્ઞાન જ નથી આપતું પણ દુન્યવી જીવનમાં આદાબ-શિષ્ટાચારના અમૂલ્ય ગુણોનો પણ બોધ આપે છે.

* સદ્ગુણી માનવીની કદર બેશક-અવશ્ય થાય છે.
* ભાગ્યશાળી-કિસ્મતવાળાઓની પાછળ જલનખોરો-ઈર્ષાળુઓ પડી જાય છે.

- સંજોગ અનુસાર કોઈ સગા-સંબંધીના ઘરે જવાનું થાય તો ઘરનો વડીલ જે જગ્યાએ બેસવાનું કહે ત્યાં બેસી જવું જોઈએ કારણ કે ઘરનો માલિક પોતાના ઘરની સઘળી હકીકત-રહેણીકરણીથી માહિતગાર હોય છે.

અમિરૂલ મુઅમિનીન હઝરત અલી સાહેબ કહે છે કે-

* જાહેર માર્ગ પર ક્યારેય ન બેસો.
* લોકોની વચ્ચે સાથળ ખુલ્લી કરી બેસવું સહેજ પણ યોગ્ય નથી.

હઝરત ઈમામ હસન ફરમાવે છે કે-

* જે શખસ પોતાના લાયક પદથી પણ જો નીચેના પદ પર બેસે છે તો જ્યાં સુધી તે વ્યક્તિ તે પદ પર બેઠેલો હોય છે ત્યાં સુધી રબ અને ફરિશ્તા તેના માટે સલામતીની દુઆ કરતા રહેશે.

વ્હાલા વાચક બિરાદરો!

શું તમે જાણો છો કે મહાન સુધારક પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ લગભગ કિબ્લા તરફ મુખમુબારક કરી નમાઝ અદા કરતી વખતે જે રીતે નમાઝીઓ બેસે છે તે પ્રમાણે બેસતા તો ક્યારેક જમણો પગ ડાબા સાથળ પર રાખીને બેસતા, પરંતુ ક્યારેય પલોઠીવાળીને બેસતા નહોતા. આપ હુઝૂરે અનવરની દરેક બાબતમાં શિષ્ટાચારના અમૂલ્ય ગુણ ઝલકતા.

ઈસ્લામ તેની ઉમ્મત (પ્રજા, અનુયાયી)ઓને શિષ્ટ-અશિષ્ટ વચ્ચેની પાતળી પણ અતિ મહત્ત્વની ભેદરેખાને યાદ રાખવાનું તથા તે પ્રમાણે અમલ કરવાની હિદાયત (ધર્મજ્ઞાન, આદેશ) આપતા ફરમાવે છે કે

૧) સભા-જલસામાં જે પદ માટે લાયક હોય તેનાથી એક પદ નીચેના સ્થાને બેસવું.

- દરેકને સલામ કરવી,
* લડાઈ-ઝઘડાથી દૂર રહેવું,
* સચ્ચાઈના હિમાયતી હોવું અને
* પોતાના વખાણની અપેક્ષા ન રાખવી.

- સભા-જલસામાં લોકો બેઠા હોય તે સમયે માણસ પહોંચે અને બેઠેલાઓમાંથી કોઈ વ્યક્તિ તેને આગ્રહ કરી બોલાવે અને બેસવા માટે જગ્યા કરી આપે તો તેણે જવું જોઈએ. શિષ્ટાચારનો આ નિયમ છે. કારણ કે જેણે તેને બેસવાની જગ્યા કરી આપી તેની ઈજ્જત છે.

- બેશક કોઈ ન બોલાવે તો જ્યાં જગ્યા હોય ત્યાં બેસી જવું યોગ્ય છે.

- શિષ્ટાચારનો આવો વ્યવહાર વ્યક્તિની પ્રતિષ્ઠામાં વધારો કરનાર અને અલ્લાહનો રાજીપો હાંસલ કરનાર બની રહેવા પામશે.

સાપ્તાહિક સંદેશ

હુઝૂરે અનવર (સલ.) ફરમાવો છો કે,

* જે કોઈ સાંકડી જગ્યામાં પલોઠી વાળીને બેસે તો તેનામાં માણસાઈનો અભાવ છે, કમી છે.
* સભા-જલસા-મજલિસ-વ્યાખ્યાનમાં એકબીજા વચ્ચે યોગ્ય અંતર રાખી બેસનારની લાયકાત વધારે છે.

ધર્મ સંદેશઃ

અહીં રજૂ કરેલ ચાર પ્રકારના શખસોની દુઆ ક્યારે પણ મિથ્યા-નામંજૂર-રદ થતી નથી.

૧) નેતૃત્વ સંભાળનાર ન્યાયી. અર્થાત્ ઈમામે આદીલ.

૨) પિતાએ પુત્રના હકમાં માગેલી દુઆ.

૩) વ્યક્તિ માટે તેની પીઠ પાછળ-ગેરહાજરીમાં કરવામાં આવતી દુઆ અને

૪) પીડિત અર્થાત્ મઝલૂમે માગેલી કોઈના હકમાં દુઆ બેશક, અલ્લાહ સાંભળે છે અને તેને નિર્વિવાદ કબૂલ કરે છે. માન્ય કરે છે.

- હુઝૂરે અનવર (સલ.)

કેદારનાથ અને હેમકુંડ સાહિબજી રોપવે પ્રોજેક્ટ માટે ₹ ૬,૮૧૧ કરોડ ફાળવાયા

નવી દિલ્હી : સરકારે બુધવારે ઉત્તરાખંડના બે રોપવે પ્રોજેક્ટ સોનપ્રયાગથી કેદારનાથ (૧૨.૯ કિલોમીટર) અને ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબજી (૧૨.૪ કિલોમીટર)ને ૬,૮૧૧ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવાને મંજૂરી આપી હતી.

આ બે મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પો માટે ચારથી છ વર્ષની સમયમાર્યાદા નક્કી કરવામાં આવી છે. માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે આર્થિક બાબતોની કેબિનેટ નિર્ણયોની જાહેરાત કરી હતી.

સોનપ્રયાગથી કેદારનાથ સુધીનો ૧૨.૯ કિલોમીટરનો રોપવે પ્રોજેક્ટ રૂપિયા ૪,૦૮૧.૨૮ કરોડ રૂપિયાના ખર્ચે ડિઝાઈન, બિલ્ડ, ફાયનાન્સ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (ડીબીએફઓટી) મોડમાં બંધાશે.

રોપવે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપના આધારે વિકસાવવામાં આવશે. આ સૌથી આધુનિક ટ્રાઈ-કેબલ ડીટેચેબલ ગોન્ડોલા (૩૫)ના આધારિત હશે. આ એક કલાકમાં કોઈ પણ એખ બાજુએ ૧,૮૦૦ પેસેન્જરનું પરિવહન કરશે. દિવસમાં ૧૮,૦૦૦ પેસેન્જરનું પરિવહન કરશે. દિવસમાં ૧૮,૦૦૦ પેસેન્જરનું પરિવહન કરશે. .

વૈષ્ણવે માહિતી આપી હતી કે ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબજીનો ૧૨.૪ કિલોમીટરનો રપવે પ્રોજેક્ટ ડીબીએફઓટીના મોડ પર ૨,૭૩૦.૧૩ કરોડ રૂપિયાના ખર્ચે પાર પડાશે.

હાલમાં હેમકુંડ સાહિબજી ૨૧ કલિમીટરના ટ્રેક પર ચાલીને કે ટટ્ટુ પર કે પાલખીમાં બેસીને જવું પડ ઠેય બીજી બાજુ ગૌરીકુંડથી કેદારનાથ જવા ૧૬ કિલમીટર ચઢાણ ચડવું પડેસછે. આ અંતર પગપાળા કે ટટ્ટુ પર ક પલખીમાં બેસીને કાપવું પડે છે. રોપવે આવવાથી કેદારનાથ દર્શન કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓને સુગમતા પડશે. (એજન્સી)

કાશ્મીરમાં પોલીસ ચોકી પર ગ્રેનેડ હુમલો

શ્રીનગર : આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક પોલીસ ચોકી પર હાથબૉમ્બ ફેંકીને હુમલો કર્યો હતો. પોલીસે આપેલી માહિતી પ્રમાણે હુમલામાં કોઈ જાન કે માલનું નુકસાન થયું નથી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે મંગળવારે રાત્રે ૯-૨૦ કલાકે બારામુલ્લાના જૂના નગરની પોલીસ ચોકીની પાછળની બાજુ પર ધડાકાનો અવાજ સંભળાયો હતો. પોલીસે બીજા સુરક્ષા દળોની સાથે મળીને તરત જ વિસ્તારની ઘેરાબંદી કરી હતી અને સર્ચ ઓપરેશન ચાલુ કર્યું હતું. ઓપરેશનમાં એક ગ્રેનેડ પિન મળી હતી. હુમલામાં કોઈ જાન કે માલનું નુકસાન થયું નથી. પોલીસે અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે વિગતવાર તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને શોધ અભિયાન ચાલુ છે. (એજન્સી)

પાકિસ્તાનમાં બે બોમ્બ બ્લાસ્ટમાં ૧૨નાં મોત, 30 ઘાયલ

પેશાવરઃ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક શહેરમાં બે બોમ્બધડાકા થયા હતા. બે આત્મઘાતી હુમલાખોરોએ લશ્કરી થાણાની દીવાલ તોડવા માટે બોમ્બ વિસ્ફોટ કર્યા હતા. આ હુમલામાં ૧૨ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૩૦ ઘાયલ થયા હતા. બન્નુ શહેરના લોકો દ્વારા મૃતકોના અંતિમ સંસ્કારની તૈયારીના ભાગરૂપે દુકાનો અને શાળાઓ બંધ રહી હતી. પાકિસ્તાની તાલિબાન સાથે જોડાયેલા એક આતંકવાદી જૂથે મંગળવારે સાંજે બન્નુમાં થયેલા બે બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી હતી. બે આત્મઘાતી હુમલાખોરોએ લશ્કરી થાણાની આસપાસની દીવાલ તોડી નાખી હતી. વિસ્ફોટ વખતે મોટાભાગના સ્થાનિક રહેવાસીઓ પવિત્ર રમઝાન માસનો દિવસભરનો ઉપવાસ તોડી રહ્યા હતા અથવા તો નજીકની મસ્જિદમાં નમાઝ અદા કરી રહ્યા હતા. વિસ્ફોટ બાદ અન્ય હુમલાખોરોને હુમલો કરવાની તક મળી હતી. જેથી હુમલાખોરો કમ્પાઉન્ડમાં ઘૂસી ગયા અને સૈનિકો સાથે ગોળીબાર કર્યો હતો. શક્તિશાળી વિસ્ફોટોથી દીવાલો તૂટી પડી હતી અને છતના કૂરચા ઊડી ગયા હતા. તેમજ મસ્જિદને પણ ભારે નુકસાન થયું હતું.

પહેલા પાનાનું ચાલુ

ભારતના માલસમાન

લાદશે, ગયા મહિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વોશિંગ્ટન મુલાકાત દરમિયાન તેમણે કરેલી ટિપ્પણીઓનો પડઘો પાડ્યો હતો. તેમણે કહ્યું કે તેમણે પીએમ મોદીને સ્પષ્ટ કરી દીધું છે કે ભારતને નવા ટેરિફ પગલાંમાંથી મુક્તિ આપવામાં આવશે નહીં. આના પર 'કોઈ મારી સાથે દલીલ કરી શકે નહીં.'

ટ્રમ્પે કહ્યું કે ૨ એપ્રિલથી, યુએસ અન્ય રાષ્ટ્રો દ્વારા વસૂલવામાં આવેલા ટેરિફની સમકક્ષ ટેરિફ લાદશે. 'તેઓ અમને, અન્ય દેશો જે કંઈપણ ટેરિફ કરે છે, અમે તેમને ટેરિફ કરીશું. તે પારસ્પરિક છે - આગળ અને પાછળ. તેઓ અમારા પર જે પણ ટેક્સ લગાવે છે, અમે તેમના પર ટેક્સ લગાવીશું. જો તેઓ અમને તેમના બજારથી દૂર રાખવા માટે બિન-નાણાકીય ટેરિફ કરે છે, તો અમે તેમને અમારા બજારની બહાર રાખવા માટે બિન-નાણાકીય અવરોધો કરીશું,' એમ તેમણે કહ્યું.

મણિપુરમાં ભૂકંપના

નુકસાન અંગેના અહેવાલને અમે સમર્થન આપીએ છીએ એમ જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે આ વિસ્તાર અન્ય રાજ્યોમાં ભૂકંપને કારણે નુકસાન થયું હોવાનાં અત્યાર સુધીમાં કોઈ અહેવાલ નથી. (એજન્સી)

બેંગલૂરુ એરપોર્ટ

બાદ ડીઆરઆઇ અધિકારીઓએ બેંગલૂરુના લવેલ રોડ ખાતેના તેમના રહેણાક પરિસરમાં તપાસ હાથ ધરી હતી, જ્યાં તેણી તેના પતિ સાથે રહે છે. તપાસ દરમિયાન ૨.૦૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૨.૬૭ કરોડ રૂપિયાનું ભારતીય ચલણ જપ્ત કરવામાં આવ્યું હતું. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે મહિલા મુસાફરની કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની સંબંધિત જોગવાઇઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી અને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવી છે.

ગોધરાકાંડના

મયુદ્દીન, સમસુદ્દીન ફરીદાબાનુ, મદીનાબીબી મુસ્તફા અને ભાઇલાલભાઇ ચંદુભાઇ રાઠવા હોવાનુ જાણવા મળ્યું હતું.

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરામાં અયોધ્યાથી પરત આવી રહેલી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એક કોચને આગ ચાંપી દેવામાં આવી હતી. તેમા અયોધ્યાથી પરત આવેલા કર સેવકો સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના જે ડબ્બામાં બેઠા હતા તેને આગ ચાંપવામાં આવી હતી.

આ ઘટનામાં ૫૯ લોકોનાં મોત થયાં હતાં, જેમા ૨૭ મહિલા અને ૧૦ બાળક પણ સામેલ હતાં. ઉપરાંત સાબરમતી ટ્રેનમાં સવાર અન્ય ૪૮ મુસાફરને પણ ઈજાઓ પહોંચી હતી.

ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવતા સમગ્ર ગુજરાતમાં કોમી રમખાણ ફાટી નીકળ્યાં હતાં, પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા કેન્દ્ર સરકારે રાજ્યમાં સેના મોકલવી પડી હતી. ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ આ કેસની તપાસ માટે તપાસ પંચની રચના કરી હતી. આ તપાસ પંચમાં ન્યાયાધીશ જી ટી નાણાવટી અને કે જી શાહનો સમાવેશ થાય છે.

તપાસ પંચે પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે માર્યા ગયેલા ૫૯ લોકોમાંથી મોટા ભાગના કરસેવકો હતા જે ઉત્તર પ્રદેશના અયોધ્યાથી પરત ફરી રહ્યા હતા.

સાબરમતી એક્સપ્રેસ ટ્રેન ઉત્તર પ્રદેશના મુજફ્ફરપુરથી ઊપડી હતી અને ગુજરાત અમદાવાદ જઈ રહી હતી.

પૂર્ણાહુતિ મહાયજ્ઞમાં ભાગ લેવા માટે વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના આહ્વાન પર ઓછામાં ઓછા ૨૦૦૦ કરસેવક અયોધ્યાથી ટ્રેનમાં સવાર થયા હતા. આ યજ્ઞ રામ મંદિર નિર્માણ કાર્યક્રમનો એક ભાગ હતો. ગોધરામાં સાબરમતી ટ્રેન સળગાવવાની ઘટનાના ગણતરીના કલાકોમાં જ સમગ્ર ગુજરાતમાં હિંસક તોફાનો ફાટી નીકળ્યાં હતાં. ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરીની સાંજે રમખાણો ફાટી નીકળ્યાં હતાં અને રાજ્યભરમાં ૨-૩ મહિના ગંભીર પરિસ્થિતિ રહી હતી.

જૂનાગઢના મેયર તરીકે ધર્મેશ પોસિયા, ડે. મેયર આકાશ કટારાની વરણી, ૬૮ ન.પા.ના પ્રમુખોની પણ જાહેરાત

અમદાવાદઃ ભાજપ પાર્લમેન્ટરી બોર્ડની બેઠક ગાંધીનગર ખાતે મંગળવારે યોજાઈ હતી. જેમાં જૂનાગઢ મેયર અને ૬૮ નગરપાલિકા પ્રમુખોની નિમણૂક અંગે ચર્ચા કરવામાં આવ્યા બાદ નામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર તરીકે ધર્મેશ પોસિયાની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે ડેપ્યુટી મેયર તરીકે આકાશ કટારાની પસંદગી કરવામાં આવી હતી, બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટી ચૅરમૅન તરીકે પલ્લવી ઠાકરનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં દ્વારકા નગરપાલિકાના પ્રમુખઃ કોમલ ડાભી, ઉપપ્રમુખઃ સંજય માણેક અને કારોબારી ચૅરમૅનઃ પરેશ જાખરિયાની પસંદગી થઈ હતી. કોડીનાર નગરપાલિકાના પ્રમુખ તરીકે આબીદાબહેન નકવી, ઉપપ્રમુખ તરીકે શિવાભાઈ હમીરભાઈ સોલંકી અને કારોબારી ચૅરમૅન તરીકે વિવેક મેરની નિમણૂક થઈ હતી.

તે જ પ્રમાણે બોટાદ નગરપાલિકાના પ્રમુખ તરીકે ધર્મિષ્ઠાબહેન જોટાણિયા, ઉપપ્રમુખઃ નિરુબહેન ત્રાસડિયા, કારોબારી ચૅરમૅનઃ જયશ્રીબહેન જ્યારે ગઢડા નગરપાલિકાના પ્રમુખ તરીકે હિતેશ પટેલ અને ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ મેર, ચોરવાડ નગરપાલિકાના પ્રમુખપદે બહેનાબહેન ચુડાસમા, માંગરોળ નગરપાલિકાના પ્રમુખ તરીકે ક્રિષ્ણાબહેન થાપલિયા, માણાવદર નગરપાલિકાના પ્રમુખઃ જીતુ પનારા, બાટવા નગરપાલિકાના પ્રમુખઃ સુનીલ જેઠવાણી, વિસાવદર નગરપાલિકાના પ્રમુખઃ રક્ષાબહેન મહેતા, વંથલી નગરપાલિકાના પ્રમુખઃ રાકેશ ત્રાંબડિયા ધોરાજી નગરપાલિકાના પ્રમુખઃ સંગીતાબેન બારોટ ભચાઉ નગરપાલિકાના પ્રમુખઃ પેથા રાઠોડ, થાન નગરપાલિકાના પ્રમુખઃ પ્રદ્યુમ્નસિંહ રાણા, રાપર નગરપાલિકાના પ્રમુખઃ ચાંદ ઠક્કર, બોરિયાવી નગરપાલિકાના રમીલાબેન ભોઈ અને ભચાઉ નગરપાલિકાના પ્રમુખપદે પેથા રાઠોડની પસંદગી કરાઈ હતી. મહિસાગર જિલ્લાની ૩ નગરપાલિકાના પ્રમુખ પણ જાહેર કરાયા હતા, જેમાં લુણાવાડા નગરપાલિકાના પ્રમુખઃ ડૉ. કીર્તિ પટેલ અને બાલાસિનોર નગરપાલિકા પ્રમુખઃ ગાયત્રીબહેન ત્રિવેદી, સંતરામપુર નગરપાલિકાના પ્રમુખઃ નિશાબહેન મોદી, બીલીમોરા નગરપાલિકાના પ્રમુખઃ મનીષ પટેલ, ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખઃ પ્રિયંકા ખરાડી ઉપપ્રમુખઃ રાજેન્દ્રસિંહ ચૌહાણ, પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખઃ અનિતા પંડ્યા. ઉપપ્રમુખઃ ગિરીશ પટેલ. તલોદ નગરપાલિકા પ્રમુખ તરીકે રમીલા ચાવડા, ઉપપ્રમુખઃ મયૂર પારેખ અને કારોબારી અધ્યક્ષ તરીકે જીતેન્દ્ર શાહની વરણી કરવામાં આવી હતી.

કાલોલ નગરપાલિકાના પ્રમુખ તરીકે હસમુખ મકવાણા, ઉપપ્રમુખઃ ગૌરાંગ દરજી અને કારોબારી ચૅરમૅનઃ જ્યોત્સના બેલદાર. વડનગર નગરપાલિકા, પ્રમુખઃ મિકિતા શાહ ઉપપ્રમુખઃ જયંતીજી હદુજી ઠાકોર, કારોબારી ચૅરમૅનઃ ઉત્તમ પટેલ, હારીજ નગરપાલિકાના પ્રમુખપદે ધરતી સચદે, ઉપપ્રમુખ તરીકે કિંજલ મહેતા અને નવસારી નગરપાલિકાના પ્રમુખઃ મનીષ પટેલ અને ઉપપ્રમુખઃ તેજલ જોશીની તથા આંકલાવ નગરપાલિકા પ્રમુખઃ ઉન્નતિ પટેલ ઉપપ્રમુખઃ અમિતકુમાર પઢિયારની વરણી થઈ હતી. જ્યારે છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ તરીકે મંજુલાબેન કોળી, ઉપપ્રમુખઃ પરવેઝ મકારાણીને તક મળી છે.

ગુજરાત પર ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવનો ફૂંકાતાં ઠંડીની ઘર વાપસીઃ દરિયાકાંઠાના વિસ્તારોમાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાને પગલે અમદાવાદ સહિત રાજ્યમાં મંગળવાર રાતથી સુસવાટાભર્યા પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. ઠંડીની વિદાય વેળાએ એકાએક ઠંડા પવનો ફૂંકાતાં લોકોને શિયાળા જેવા માહોલની અસર વર્તાઈ હતી. જેને કારણે એક જ દિવસમાં અમદાવાદનું મહત્તમ તાપમાન અઢી ડિગ્રી ગગડ્યું હતું. હજુ બે દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા છે. બાદમાં ફરી ગરમી ભુક્કા બોલાવશે. ગુજરાત રાજ્યના રહેવાસીઓને છેલ્લા બે દિવસથી ગરમીથી રાહત મળી છે તથા હજુ પણ આગામી ૩૬થી ૪૮ કલાક ગરમીનો પારો ઊંચકાવાની શક્યતાઓ નહિવત્ છે. હાલમાં ગુજરાત પર ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે. બીજી તરફ અરબ સાગરમાં મજબૂત પ્રેશર ગ્રેડિયન્ટ સક્રિય થયું છે. જેથી દેશમાં સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતા ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં અત્યંત ઝડપી ગતિએ પવનો ફૂંકાવાની શક્યતાઓ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગની આગાહી અનુસાર મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. જેથી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન સામાન્ય કે સામાન્યથી નીચું રહ્યું હતું, તથા રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુતમ તાપમાન સામાન્યથી નીચું નોંધાયું હતું જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ફેબ્રુઆરી મહિનામાં ગરમીથી ત્રાહિમામ્ પોકારી ઊઠેલા ગુજરાતવાસીઓ માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં ઠંડક અનુભવી રહ્યા છે, જોકે ત્યાર બાદ લોકોએ ભુક્કા બોલાવતી ગરમી સહન કરવા માટે તૈયાર રહેવું પડશે.

હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી હતી તથા યલો એલર્ટ જાહેર કર્યું હતું. કારણ કે દરિયાકાંઠાના વિસ્તારોમાં એટલે કે કચ્છના અખાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. જેથી આ સ્થિતિમાં માછીમારો દરિયો ખેડવા જાય તો તેમને જોખમ હોવાથી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રેશર ગ્રેડિયન્ટ સક્રિય હોવાથી હળવા તોફાન જેવી સ્થિતિ નિર્માણ પામી શકે તેવી શક્યતા છે.

બેવડી ઋતુથી અમદાવાદમાં રોગચાળો વકર્યોઃ સોલા સિવિલ હોસ્પિટલ ઓપીડીમાં ૭,૭૪૪ કેસ નોંધાયા

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ૧૦ દિવસથી બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. જેના કારણે અમદાવાદ સહિત રાજ્યનાં વિવિધ શહેરોમાં રોગચાળો વકર્યો છે. તેમાં પણ ગત સપ્તાહે દિવસ દરમિયાન અમદાવાદના રહેવાસીઓ કાળઝાળ ગરમીમાં શેકાયા હતા અને સાંજ થતા જ આંશિક ઠંડક અનુભવાતી હતી. જેથી ઠંડી-ગરમીની બેવડી ઋતુમાં શરદી, ખાંસી, તાવ જેવાં લક્ષણો સાથે અનેક લોકો વાયરલ ઇન્ફેક્શનમાં સપડાયા છે. હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતારો લાગી હતી. સોલા સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહે મોટી સંખ્યામાં વાયરલ ઇન્ફેક્શન અને ઝાડા ઊલટીના કેસ નોંધાયા હતા.

ગત સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં ૭,૭૪૪ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ૩,૯૪૪ દર્દીઓને વિવિધ પ્રકારની સઘન સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બેવડી ઋતુમાં વાયરલ ઇન્ફેક્શનના કેસમાં વધારો થાય છે. તેવામાં ગત સપ્તાહે સોલા સિવિલ હોસ્પિટલમાં વાયરલ ઇન્ફેક્શનના ૧૩૦ જેટલા કેસ નોંધાયા હતા. ગરમીમાં વધારો થતા મચ્છરોનો ઉપદ્રવ ઘટે છે, પરંતુ બેવડી ઋતુને કારણે મચ્છરજન્ય રોગચાળાના કેસ પણ નોંધાઇ રહ્યા છે. ગત સપ્તાહે હૉસ્પિટલમાં મલેરિયાના ૪ તથા ડેન્ગ્યુનો ૧ કેસ નોંધાયો હતો. જ્યારે ચિકનગુનિયાનો એક પણ કેસ નોંધાયો ન હતો. રાજ્યમાં પાણીજન્ય રોગચાળો પણ વધ્યો છે. ગત સપ્તાહે ટાઈફોઈડના ૧૦ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ઝાડા ઊલટીના ૮૪ અને વાયરલ હિપેટાઈટીસના ૨૧ કેસ નોંધાયા હતા. મુખ્યત્ત્વે એક સપ્તાહ દરમિયાન બાળ વિભાગમાં ૭૦-૮૦ દર્દીઓ આવતા હોય છે.

૭ માર્ચ સુધી ગુજરાત સેમિકનેક્ટ-૨૦૨૫, આઈઈએસએ વિઝન સમિટ, આઈએસપીઈસીની કૉન્ફરન્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત જ્યારે સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક કેન્દ્ર બનવા પોતાના માર્ગ પર આગળ વધી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્ય આ પરિવર્તનમાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત હાલ સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે રોકાણ માટે પ્રથમ પસંદગી બન્યું છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલૉજી વિભાગ (ડીએસટી), ગ્લોબલ સેમિકન્ડક્ટર ઍસોસિયેશન સેમિ અને ઇન્ડિયા ઇલેક્ટ્રૉનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર ઍસોસિયેશન (આઈઈએસએ)એ એવી જાહેરાત કરી છે કે, ગુજરાત સેમિકનેક્ટ-૨૦૨૫ સેમિ-કન્ડક્ટર ટેકનોલૉજીમાં આત્મનિર્ભરતા તરફ ભારતની સફરને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તા. ૫થી ૭ માર્ચ દરમિયાન ગુજરાત સેમિકનેક્ટ-૨૦૨૫ની સાથે આઈઈએસએ વિઝન સમિટની ૧૯મી આવૃત્તિ અને ઇન્ડિયન સેમિકન્ડક્ટર્સ એન્ડ પેકેજિંગ ઇકોસિસ્ટમ કૉન્ફરન્સ (આઈએસપીઈસી)નું આયોજન કરાયું છે. આ કૉન્ફરન્સનું આયોજન ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રૉનિક્સ મિશન (જીએસઈએમ), સેમિ અને આઈઈએસએ દ્વારા સંયુક્ત રીતે કરાશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર દ્વારા ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રૉનિક્સ મિશન (જીએસઈએમ)ના મિશન ડિરેક્ટર મનીષ ગુરવાણી, જીઊખઈ ગ્લોબલના પ્રમુખ અને સીઈઓ અજિત મનોચા, આઈઈએસએના પ્રમુખ અશોક ચાંડક અને ગુજરાતના સેમિકન્ડક્ટર ક્ષેત્રે મુખ્ય રોકાણકારો માઇક્રોન, ટાટા, સીજી પાવર અને કેન્સના પ્રતિનિધિઓની હાજરીમાં આ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતના સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રૉનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગ (ઈએસડીએમ) ક્ષેત્રને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર આ મુખ્ય કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ભારત સરકારના રેલવે, ઈન્ફોર્મેશન અને બ્રોડકાસ્ટિંગ અને ઇલેક્ટ્રૉનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલૉજી મંત્રાલયના મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ૫ માર્ચે મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર ખાતે કરાશે. ગુજરાત સેમિકનેક્ટ-૨૦૨૫ની મુખ્ય થીમ સિલિકોન ગુજરાતઃ પાવરિંગ ઈન્ડિયાઝ સેમિકન્ડક્ટર રિવોલ્યુશન- રહેશે. વિકસતા ક્ષેત્રમાં વિશેષ તાલીમ દ્વારા કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને ગુજરાતમાં એક મજબૂત સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ બનાવવા માટે ઇકોસિસ્ટમ વિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ હોવાનું સરકારે વિધાનસભામાં કબૂલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી કાળમાં સરકારે આપેલી વિગતોમાં જાણવા મળ્યું હતું કે, ગુજરાતની સરકારી શાળાઓમાં ઓરડાની ઘટ છે. સરકારે ધારાસભ્યએ પૂછેલા સવાલનો જવાબ આપતાં કહ્યું હતું કે, દ્વારકા અને જામનગર જિલ્લામાં ૬૨૮ ઓરડાઓની ઘટ છે. દ્વારકાની સરકારી શાળાઓમાં ૩૦૫, જામનગમાં ૧૫૦ શાળાઓમાં ૩૨૩ અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં ૭૦૪ ઓરડાઓ જર્જરીત હાલતમાં છે.

સરકારે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે અરવલ્લીમાં ૪૦૭ અને સાબરકાંઠા જિલ્લામાં ૮૧૮ નવા ઓરડા બનાવ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં ૩૮૦ ઓરડાઓ જર્જરિત હાલતમાં છે. તે ઉપરાંત અમદાવાદ શહેર અને જિલ્લાની કુલ ૧૩૧ સરકારી પ્રાથમિક શાળામાં ૭૫૧ ઓરડાની ઘટ છે. અમદાવાદ શહેરની ૮૭ શાળામાં ૬૧૯ અને જિલ્લાની ૪૪ શાળામાં ૧૩૨ ઓરડાની ઘટ છે. ઓરડાઓની ઘટને કારણે વિદ્યાર્થીઓને શાળામાં ભારે મુશ્કેલીઓ વેઠીને અભ્યાસ કરવો પડે છે. સરકારે આપેલી માહિતી પ્રમાણે અમદાવાદ જિલ્લામાં ૧૩૧ સરકારી પ્રાથમિક શાળામાં ૭૫૧ ઓરડાની ઘટ છે. જેમાં શહેરના સૈજપુર, કોતરપુર, સાબરમતી, રાણીપ, અમરાઈવાડી, ઓઢવ, ખોખરા, અસારવા, બેહરામપુરા, બાપુનગર, દાણીલીમડા, નારણપુરા, સરદારનગર, કાલુપુર, કુબેરનગર, દાણીલીમડા, વાડજ, વટવા, દૂધેશ્વર, સરસપુર સહિતના વિસ્તારની ૮૭ જેટલી સરકારી પ્રાથમિક શાળામાં ૬૧૯ ઓરડાની ઘટ છે.

અમદાવાદ ખ્યાતિ હૉસ્પિટલ કાંડના આરોપી કાર્તિક પટેલના ૧૧ માર્ચ સુધીનાં રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર ક્રાઇમ બ્રાન્ચે ખ્યાતિ હૉસ્પિટલ પીએમજય કૌભાંડ મામલે આરોપી કાર્તિક પટેલને મેટ્રો કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા મહત્ત્વના ૮ મુદ્દે ૧૪ દિવસનાં રિમાન્ડની માગ કરવામાં આવી હતી. કોર્ટે આરોપી કાર્તિક પટેલના ૧૧ માર્ચ સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં. નિમેશ ડોડિયા નામના આરોપી સાથે મળીને કાર્તિકે બનાવેલા પીએમજય કાર્ડની માહિતી માટે રિમાન્ડની માગ કરવામાં આવી હતી.

આ મામલે ક્રાઇમ બ્રાન્ચે કહ્યું હતું કે કાર્તિક પટેલ અન્ય હૉસ્પિટલમાંથી પણ કમિશનની લાલચ આપીને ૫૦થી વધુ વયના દર્દીઓને લાવવા માટે કયા-કયા ડૉક્ટર્સના સંપર્કમાં હતો એ બાબતે તપાસ જરૂરી છે. આરોપી કાર્તિક પટેલ દ્વારા વોટ્સએપ ગ્રુપ અને ટેલિગ્રામ ગ્રુપમાં પીએમજય કાર્ડ બનાવવા મામલે સંડોવણી છે કે કેમ? તે અંગે પણ પૂછપરછ જરૂરી છે.

કોર્ટમાં ક્રાઇમ બ્રાન્ચે કહ્યું હતું કે પીએમજય યોજના સાથે સંકળાયેલા અધિકારી અને કર્મચારીઓ સાથે સંડોવણી છે કે કેમ? તે અંગે આરોપીને હાજર રાખી તપાસ માટે રિમાન્ડ જરૂરી છે. ખ્યાતિકાંડ એક સિસ્ટમેટિક અને ઇકોનોમિક કૌભાંડ હોવાથી સુનિયોજિત ગુનાની તપાસ માટે આરોપીની તપાસ જરૂરી છે. તમામ દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી કાર્તિક પટેલના ૧૧ માર્ચ સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં.

જલારામ બાપા વિશે બફાટ કરનારા જ્ઞાનપ્રકાશ સ્વામી માફી માગશેઃ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વીરપુરના પરમ પૂજ્ય સંત શ્રી જલારામ બાપા વિશે સુરતના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલા બફાટથી લોહાણા સમાજમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. સુરતના અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામી હાલ વિવાદમાં સપડાયા છે ત્યારે આ સમગ્ર મામલે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલે જામનગરમાં જણાવ્યું હતું કે, આ સ્વામી વિરપુર જલારામ મંદિરમાં આવશે અને માફી માગશે તથા સ્વામિનારાયણ વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા પણ ખુલાસો આપવામાં આવશે.

તેમણે પૂ.જલારામ બાપા વિશે કરેલ ટિપ્પણીથી રઘુવંશી સમાજ તેમજ જલારામબાપાના ભક્તોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જામનગરમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલે જણાવ્યું હતું, કે પૂજ્ય બાપા વિશે બફાટ કરનાર જ્ઞાનપ્રકાશ સ્વામી વિરપુર જલારામ મંદિરમાં આવશે અને બાપાના મંદિરમાં માફી માગશે. તેમજ સ્વામિનારાયણ વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા પણ જરૂરી ખુલાસો કરવામાં આવશે. આમ સ્વામી દ્વારા જાહેરમાં માફી માગવામાં આવશે અને વિવાદનો અંત આવશે. આ પત્રકાર પરિષદમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલની સાથે અગ્રણીઓ રમેશભાઈ દંતાણી અને ગિરીશભાઈ ગણાત્રા પણ જોડાયા હતા.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રાજ્યના ૨.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં ₹ ૬૮૭.૮૦ કરોડના ૫૧ પ્રોજેક્ટ શરૂ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાની વિગતો આપતાં ગ્રામવિકાસ રાજ્યપ્રધાન કુંવરજી હળપતિએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(ડબલ્યુડીસી-૨.૦) હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨થી રાજ્યના ૨.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં રૂ.૬૮૭.૮૦ કરોડના ૫૧ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે.

જ્યારે જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત રૂ. ૬.૩૭ કરોડથી વધુના ખર્ચે જળસંગ્રહનાં કામો કરવામાં આવ્યાં છે. રાજ્યમાં વોટરશેડ કાર્યક્રમની વિગતો આપતાં રાજ્યપ્રધાને જણાવ્યું હતું કે, રાજ્યમાં વર્ષ ૧૯૯૫-૯૬માં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૩-૦૪થી આ યોજનાને ‘હરિયાળી’ યોજના તરીકે નામકરણ કરી, તેના અમલીકરણની જવાબદારી ગ્રામ પંચાયતોને સોંપવામાં આવી હતી. ત્યાર બાદ કેન્દ્ર સરકાર દ્વારા આ બંને તબક્કાની કામગીરીનું આંકલન કરવા માટે એસ. પાર્થસારથીના વડપણ હેઠળ રચવામાં આવેલી ટેકનિકલ કમિટીની ભલામણ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા વોટરશેડ કાર્યક્રમને સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (ઇન્ટિગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ) તરીકે જાહેર કરવામાં આવી હતી. જે અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦થી વર્ષ ૨૦૧૪-૧૫ના છ વર્ષના ગાળામાં મંજૂર કરવામાં આવેલા ૬૧૦ પ્રોજેક્ટમાં કુલ રૂ. ૪૦૨૨.૧૮ કરોડના ખર્ચે ૩૧.૦૩ લાખ હેક્ટર વિસ્તાર અને ૪૭૪૬ ગામોને આવરી લેવામાં આવ્યાં છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૫-૧૬થી સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ ડેવલોપમેન્ટ કોમ્પોનન્ટ) તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨થી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(ડબલ્યુડીસી-૨.૦) હેઠળ ગુજરાત રાજ્ય માટે ૨.૯૨ લાખ હેક્ટર વિસ્તારના કુલ રૂા.૬૮૭.૮૦ કરોડના ૫૧ પ્રોજેક્ટ પાંચ વર્ષ માટે મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૨૦૨૪માં ૭૫૨૯ કરોડનું ૨૧.૯૧ લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરાયું

અમદાવાદઃ કેન્દ્ર સરકારે ગરીબો અને વંચિતોના વિકાસ માટે અનેક લોક કલ્યાણ યોજનાઓ શરૂ કરી છે. પાંચ વર્ષ પહેલાં વડા પ્રધાને અંત્યોદય કુટુંબો માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની જાહેરાત કરી હતી. ગુજરાત સરકાર દ્વારા ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં ૨૧.૯૧ લાખ મેટ્રિક ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેની અંદાજિત બજાર કિંમત ૭૫૨૯ કરોડ રૂપિયા છે. વડા પ્રધાને કોરોના કપરા સમયગાળામાં ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવાના હેતુથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી હતી. આ યોજનાને હવે ડિસેમ્બર ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે. આ યોજનામાં સમાવિષ્ટ અંત્યોદય કુટુંબોને માસિક ૩૫ કિ.ગ્રા. અનાજ અને અગ્રતા ધરાવતા કુટુંબોને માસિક વ્યકિતદીઠ ૫ કિ.ગ્રા. અનાજ એમ બે પ્રકારના કુટુંબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના અંતર્ગત રાજ્યના ૭૬.૬ લાખથી વધુ કુટુંબોના ૩.૭૨ કરોડ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ૨૦૨૪ની વાત કરીએ તો, રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૭,૫૨૯ કરોડની કિંમતના ૨૧.૯૧ લાખ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. આમાં અંત્યોદય અન્ન યોજનાના ૩૬.૪૦ લાખથી વધુ લાભાર્થીઓ અને અગ્રતા ધરાવતા કુટુંબોના ૩.૩૦ કરોડથી વધુ લાભાર્થીઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં રજૂ થયેલા ગુજરાતના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ ૨૭૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પોષણક્ષમ આહાર પૂરો પાડવા તુવેરદાળ અને ચણાના વિતરણ માટે ૭૬૭ કરોડ, નેશનલ ફૂડ સિક્યોરિટી ઍક્ટ-૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને અનાજ પૂરું પાડવા ૬૭૫ કરોડની જોગવાઈ, લાભાર્થી કુટુંબોને વર્ષમાં બે વખત ખાદ્યતેલ રાહત દરે આપવા માટે ૧૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓના ધરણાં

ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી પર પરીક્ષાર્થીઓનો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. આ દરમિયાન રાજ્યના પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓએ માસ સીએલ પર ઊતરીને આંદોલન શરૂ કર્યું છે. પાટનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરી વિરોધ દર્શાવ્યો હતો. આરોગ્ય કર્મચારી મહાસંઘે પડતર પ્રશ્નો અંગે બે વર્ષથી સરકારમાં અનેક રજૂઆતો કરી હતી.સરકારને અલ્ટીમેટર આપ્યા બાદ બેઠક પણ યોજાઈ હતી, પરંતુ કોઈ નિર્ણય નહીં આવતાં કર્મચારીઓ આંદોલન પર ઊતર્યા હતાં. બીજી તરફ ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી પર ઉમેદવારોએ પરીક્ષાની તારીખ અને પરિણામ જાહેર કરવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાતમાં પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓએ ગ્રેડ પે અને ટેકનિકલ ગ્રેડ પે મુદ્દે સરકારને અનેક વખત રજૂઆતો કરી હતી. તેનો કોઈ ઉકેલ નહીં આવતાં આ કર્મચારીઓએ બુધવારે ગાંધીનગર ખાતેની સત્યાગ્રહ છાવણીમાં આંદોલન પર ઉતર્યા હતાં. તેમણે જણાવેલી માગમાં મુખ્યત્વે ખાતાકીય પરીક્ષા રદ કરવી, ટેક્નિકલ કર્મચારી ગણી ગ્રેડ પે સુધારવો, ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિનો સમાવેશ થાય છે. કોરોના વોરિયર્સ તરીકે કામ કરનારા આ કર્મચારીઓને ૧૩૦ દિવસનો પગાર મળ્યો છે. ટેકનિકલ અહેવાલ આપ્યા છતાં નિર્ણય વિલંબિત થઈ રહ્યો છે. જો ૧૦ દિવસમાં કોઈ નિર્ણય નહીં આવે તો અચોક્કસ મુદ્દતની હડતાલ પર જવાની ચીમકી આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી જ ૩૦૦થી વધુ કર્મચારીઓ માસ સીએલ લઈને આંદોલનમાં જોડાયા છે. મંડળ હવે જિલ્લાઓમાં બેઠકો યોજી આગામી આંદોલનની રણનીતિ નક્કી કરશે. અગાઉ વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી વખતે આંદોલનોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા અમુક માગો સંતોષી આંદોલન સમેટાઈ લેવામાં આવતું હતું. હવે ચૂંટણીના બે વર્ષ પછી આરોગ્ય કર્મચારીઓએ ફરી સરકાર સામે બાંયો ચઢાવી છે.

ગુજરાતમાં પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં ફેરફાર કરવા શિક્ષણ વિભાગે કમિટી રચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવી શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં ફેરફાર કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક શાળામાં લેવાતી એકમ કસોટી તથા પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાના મૂલ્યાંકન માટે સમિતિ પોતાની ભલામણો સરકારને સુપરત કરશે. શિક્ષણ વિભાગે રચેલી કમિટી દ્વારા આગામી મે મહિના સુધીમાં પોતાની ભલામણો સુપરત કરવામાં આવ્યા બાદ સરકાર તે અંગે નિર્ણય કરશે અને નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવામાં આવશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં દર સપ્તાહે શનિવારના રોજ એકમ કસોટી લેવાતી હતી. એકમ કસોટીને લઈને કેટલાક સમયથી વિરોધ શરૂ થયો હતો. જેથી સરકારે એકમ કસોટી મુદ્દે વિચારણા શરૂ કરી હતી.

તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એકમ કસોટીને લઈને ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં એક કમિટીની રચના કરવાનું નક્કી થયું હતું. જો કે હવે શિક્ષણ વિભાગ દ્વારા એક પરિપત્ર કરીને કમિટીની જાહેરાત કરવામાં આવી હતી. આ કમિટીમાં ૧૨ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ કમિટી શાળામાં અભ્યાસ કરતા બાળકોના મૂલ્યાંકન અંગે વિચારણા કર્યા બાદ પોતાનો અહેવાલ મે મહિના સુધીમાં સરકારને સુપરત કરશે.આ અહેવાલ સરકારને મળ્યા બાદ થોડા જ દિવસમાં તેના અમલને લઈને જાહેરાત કરાશે.

અમેરિકાની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ કંપની જેબિલ ગુજરાતમાં સિલિકોન ફોટોનિક્સ પ્લાન્ટ સ્થાપશે

અમદાવાદઃ ગુજરાતમાં રોકાણ કરવા માટે વિદેશી કંપનીઓને લાવવા માટે સરકાર દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યમાં અમેરિકાની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ કંપની જેબિલ સિલિકોન ફોટોનિક્સ પ્લાન્ટ સ્થાપશે. આઈએસએ વિઝન સમિટમાં જેબિલના ગ્લોબલ બિઝનેસ યુનિટના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રોસિડેન્ટ મેટ ક્રોવલેએ કહ્યું હતું કે, કંપનીને સિલિકોન ફોટોનિક્સ ઉત્પાદનમાં દાયકાઓનો અનુભવ છે. ભવિષ્યની વાત કરીએ તો, અમે ગુજરાતમાં નવી ફેક્ટરી શરૂ કરી રહ્યાં છીએ. અમે ગુજરાત સાથે સિલિકોન ફોટોનિક્સ મેન્યુફેક્ચરિંગ અંગે એમઓયુની જાહેરાત કરવા ઘણા ઉત્સાહિત છીએ. તેમણે કહ્યું હતું કે, કંપનીએ ગુજરાત સરકાર સાથે આ પ્લાન્ટ સ્થાપવા માટે એમઓયુ કર્યાં છે. જેબિલ અને ભારત વચ્ચે વાટાઘાટો બાદ ૨૦૦૩માં ઓપરેશન શરૂ થયું હતું. અમારી કંપની ભારતમાં હાલમાં ૭૫ હજાર લોકોને રોજગારી આપી રહી છે. અમારું માનવું છે કે, ફોટોનિક્સમાં ઓટોનોમસ વ્હિકલ, ૫જી નેટવર્ક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશન જેવાં ક્ષેત્રોમાં અનેક તકો છે. ભારતમાં જેબિલની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગની શાખાનું સંચાલન મુખ્યત્વે રિલાયંસ ઈન્ડસ્ટ્રી પાસે છે.

ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંક કૌભાંડ

ભૂતપૂર્વ ચેરમેનના ઘરે પોલીસની સર્ચ, મહેતા પર ૧૧ માર્ચે લાઇ ડિટેક્ટર ટેસ્ટ

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ બૅંકના ભૂતપૂર્વ ચેરમેન હિરેન ભાનુના નિવાસે સર્ચ હાથ ધરી હતી. સર્ચ દરમિયાન અનેક દસ્તાવેજો પોલીસને મળી આવ્યા હતા, જેની તપાસ કરાઇ રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. દક્ષિણ મુંબઈના મલબાર હિલ વિસ્તારમાં ફ્લેટમાં સર્ચ કરવામાં આવી હતી, જ્યાં હિરેન ભાનુ અને તેની પત્ની ગૌરી ભાડા પર રહેતાં હતાં. ગૌરી અગાઉ બૅંકમાં વાઇસ ચેરમેન હતી.

આ દંપતી નેપીયન સી રોડ ખાતે ફ્લેટ ધરાવે છે, જે તેમણે ભાડા પર આપ્યો છે. કરોડો રૂપિયાની ઉચાપતના કેસમાં હિરેન અને ગૌરીને વોન્ટેડ આરોપી બતાવાયાં છે. દરમિયાન આ કેસમાં ધરપકડ કરાયેલા બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને અકાઉન્ટ્સ હેડ હિતેશ મહેતા પર ૧૧ માર્ચે લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરવામાં આવશે, એમ અધિકારીએ કહ્યું હતું.

હિતેશ મહેતા તપાસમાં સહકાર આપતો નથી અને આ કેસને લગતી કેટલીક મહત્ત્વની માહિતી તે છુપાવી રહ્યો છે. આથી તેના પર લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરવામાં આવશે, જે માટે કોર્ટે પરવાનગી આપી છે. આ કેસમાં પોલીસે અત્યાર સુધી ચાર જણની ધરપકડ કરી છે. (પીટીઆઇ)

વસઈ-વિરારનું ડમ્પિંગ ગ્રાઉન્ડ પાલઘરમાં નહીં બને

મુંબઈઃ વસઈ-વિરાર શહેર મ્યુનિસિપિલ કોર્પોરેશને (વીવીએમસી) મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના અચોલેથી ગેસ ગામમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ અને સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) માટેનું જમીનનું અનામત સ્થળાંતર કરવાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. સોમવારે આ અંગે એક સૂચના પણ આપવામાં આવી હતી.

વીવીએમસીએ અચોલેમાં ૪૧ અનધિકૃત ઈમારતો તોડી પાડ્યા બાદ આ મુદ્દો ઊભો થયો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તે ૨૦૦૭ની વિકાસ યોજના મુજબ ડમ્પિંગ ગ્રાઉન્ડ અને એસટીપી માટે અનામત જમીન પર ગેરકાયદે રીતે બાંધવામાં આવી હતી. વીવીએમસીએ ડમ્પિંગ ગ્રાઉન્ડ અને એસટીપીને ગેસ ગામમાં સ્થળાંતરિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સ્થાનિકોના વિરોધ ઊઠતાં અને મુખ્ય પ્રધાને દરમિયાનગીરી કરતાં નિર્ણયને પાછો ખેંચવો પડ્યો હતો.

થાણેથી પુણે અને નાશિક વચ્ચે લોકલ ટ્રેનો શરૂ કરવાની માગણી

મુંબઈઃ રેલવે કનેક્ટિવિટી વધુ સારી બને એ માટે થાણેથી પુણે અને નાશિક વચ્ચે લોકલ સેવા શરૂ કરવાની માગ કરવામાં આવી છે. પ્રવાસીઓએ નાશિક-ટિટવાળા અને પુણે-અંબરનાથ વચ્ચે મેમુ ટ્રેન દોડાવવામાં આવે તો પ્રવાસીઓને ઘણી રાહત પહોંચી શકે છે, એવું જણાવ્યું હતું.હાલમાં જ એક પ્રતિનિધિમંડળે રેલવેને તેઓની માગણી અંગેનું મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. બુધવારે પત્રકારો સાથે વાત કરતાં પ્રતિનિધિમંડળના એક સભ્યએ જણાવ્યું હતું કે વધતી જતી વસતિ અને પ્રવાસીઓની જરૂરિયાતોને કારણે અહીં સીધી ટ્રેનસેવાની જરૂર છે.

૧૧ કરોડનું કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલો પ્રવાસી મુંબઈ ઍરપોર્ટ પર પકડાયો

મુંબઈઃ ૧૧.૮ કરોડની કિંમતનું કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને યુગાન્ડાથી આવેલા પ્રવાસીને કસ્ટમ્સ વિભાગે મુંબઈ ઍરપોર્ટ પર પકડી પાડ્યો હતો. પ્રવાસીને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેના પેટમાંથી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી. યુગાન્ડાનો નાગરિક ૨ માર્ચે ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર આવ્યો હતો, જ્યાં કસ્ટમ્સ વિભાગના ઍર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) શંકાને આધારે તેને આંતર્યો હતો. તેના સામાનની તલાશી લેવામાં કાંઇ મળ્યું નહોતું. જોકે પૂછપરછમાં તેના પેટમાં કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ હોવાનું તેણે કબૂલ્યું હતું. પ્રવાસીને બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેના પેટમાંથી ૧૦૦ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી, જેમાંથી ૧૧.૮ કરોડનું કોકેઇન મળી આવ્યું હતું. પ્રવાસી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પાંચમા પાનાનું ચાલુ

અબુ આઝમી કો

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ છે. આઝમીની ઝાટકણી કાઢતાં યોગી આદિત્યનાથે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી... ઉસ કો (અબુ આઝમી) નિકાલો પાર્ટી સે, યુપી ભેજ દો, બાકી ઉપચાર હમ અપને આપ કરવા લેંગે. એક તરફ તમે કુંભની ટીકા કરો છે બીજી તરફ ક્રુર અને પાશવી હત્યારા ઔરંગઝેબની પ્રશંસા કરો છો. આ વ્યક્તિ સામે કાર્યવાહી કરવાથી કોણ રોકી રહ્યું છે ? એવો સવાલ તેમણે કર્યો હતો.

સેશન્સ કોર્ટના

સોંપવામાં આવ્યો હતો. ફેબ્રુઆરીમાં થાણે સેશન્સ કોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશ પર ગયા અઠવાડિયે હાઈ કોર્ટથી ટીકા થયા પછી સરકારનો નિર્ણય આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષના એન્કાઉન્ટરની તપાસમાં મેજિસ્ટ્રેટે પાંચ પોલીસ અધિકારીઓના દાવા પર શંકા વ્યક્ત કરી હતી કે નવી મુંબઈની તળોજા જેલમાંથી થાણે જિલ્લાના કલ્યાણમાં પોલીસ વાનમાં લઈ જતી વખતે આરોપીએ તેમની પાસેથી બંદૂક છીનવી લીધી હતી, જેના કારણે તેમને સ્વ-બચાવમાં ગોળીબાર કરવો પડ્યો હતો.

જોગેશ્વરીમાં

સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. એસી મિકેનિક જોગેશ્વરીના સંજય નગરની એક રૂમમાં લઈ ગયો હતો, જ્યાં આરોપીઓએ વારાફરતી તેની સાથે કુકર્મ કર્યું હતું, એવું નિવેદન બાળકીએ પોલીસને આપ્યું હતું. માહિતીને આધારે પોલીસે પાંચ શકમંદોની ધરપકડ કરી હતી.

ભાજપના પ્રધાન

બન્યા બાદ ફરી એક વખત મહિલાની સતામણી ચાલુ કરી દીધી છે. તેમના આરોપોનો જવાબ આપતાં ગોરેએ કહ્યું હતું કે મને કોર્ટ દ્વારા મુક્તિ આપવામાં આવી છે અને મારા પર આરોપ કરનારા લોકો સામે બદનક્ષીનો દાવો કરીશ.

શિવસેના (યુબીટી)એ ગોરેનું નામ લઈને આક્ષેપ કર્યા હતા અને કેબિનેટમાંથી બરતરફ કરવાની માગણી કરી હતી. સંજય રાઉતે કહ્યું હતું કે સ્વારગેટ કેસ પ્રકાશમાં આવી રહ્યો છે. સ્વારગેટમાં જે થયું તે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ફડણવીસના લાડકા પ્રધાન જયકુમાર ગોરેની બાબતે થઈ રહ્યું છે. એવી માહિતી મળી રહી છે કે કેવી રીતે ગોરેએ મહિલાનો વિનયભંગ અને અત્યાચાર કર્યો હતો. લાચાર મહિલા વિધાનભવનની સામે ભૂખહડતાળ પર બેસવાની છે.

ઔરંગઝેબની પ્રશંસા

પાટીલે કહ્યું હતું. આઝમીના નિવેદને રાજ્ય વિધાનમંડળના બંને ગૃહોમાં ભારે ધમાલ થઈ હતી. સત્તાધારી પક્ષના સભ્યોએ સસ્પેન્શનની અને તેમની સામે દેશદ્રોહનો ગુનો નોંધવાની માગણી કરી હતી. આઝમીએ મંગળવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એવી સ્પષ્ટતા કરી હતી કે તેનું નિવેદન મારી મચડીને વ્યક્ત કરવામાં આવ્યું છે. મેં ઔરંગઝેબ માટે જે કહ્યું તે ઈતિહાસકારો અને લેખકો દ્વારા લખવામાં આવ્યું છે. મેં શિવાજી મહારાજ કે સંભાજી મહારાજ કે પછી અન્ય કોઈ રાષ્ટ્રીય મહાપુરુષ માટે કોઈ અપમાનજનક વાત કરી નથી. જો મારા નિવેદનથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું મારું નિવેદન અને ટિપ્પણી પાછી ખેંચું છું.

‘ટિપ્પણી પાછી ખેંચી હોવા છતાં મને સસ્પેન્ડ કરાયો’

મોગલ સમ્રાટ ઔરંગઝેબની પ્રશંસા કરતી ટિપ્પણી બદલ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયા બાદ સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમીએ કહ્યું હતું કે ટિપ્પણી પાછી ખેંચી હોવા છતાં મારી સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અબુ આઝમીને દેશદ્રોહી કહીને તેમને ગૃહમાં બેસવાનો કોઇ અધિકાર ન હોવાનું કહ્યું હતું. આઝમીના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા વીડિયો નિવેદનમાં આઝમીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે કંઈ ખોટું કહ્યું નથી. ગૃહના કાર્યમાં કોઇ પણ ખલેલ ન પહોંચે એ માટે મેં મારી ટિપ્પણી પણ પાછી ખેંચી લીધી હતી. તેમ છતાં મને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

૨,૧૦૦ રૂપિયા

૨,૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત મહાયુતિએ પોતાના ચૂંટણીઢંઢેરામાં કરી હતી, જેનો ફાયદો તેમને મોટાપાયે થયો હોવાનું માનવામાં આવે છે.

વિધાન સભ્ય અનિલ પરબના સવાલ પર અદિતી તટકરે આ યોજના બાબતે વધુ માહિતી આપતા કહ્યું હતું કે યોજનામાં રહેલી શરતો અનુસાર લાભાર્થી મહિલાઓની પાત્રતા નક્કી કરવામાં આવી રહી છે. તેમની અરજીની ચકાસણી કરવામાં આવી રહી છે. આ યોજના હેઠળ અત્યાર સુધી ૨ કરોડ ૬૩ લાખ મહિલાઓએ અરજી કરી હતી, તેમાંથી હાલ ૨ કરોડ ૫૨ લાખ મહિલાઓ પાત્ર ઠરી છે. આ યોજના ૨૧થી ૬૫ વર્ષની મહિલાઓને લાગુ પડે છે. મહિલાની ઉંમર ૬૫ વટાવે એ સાથે જ આ લાભ તેને મળવાનો બંધ થાય છે.

બદલાપુર એન્કાઉન્ટર

હતું. પોલીસે એવો દાવો કર્યો હતો કે આરોપીએ એક જણની બંદૂક છીનવી લીધી હતી અને ગોળીબાર કર્યો હતો ત્યારે સ્વબચાવમાં તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આરોપીનું મૃત્યુ કસ્ટોડિયલ ડેથ હતું એટલે મેજિસ્ટ્રેટે તપાસ હાથ ધરીને અહેવાલ હાઈ કોર્ટને સુપરત કર્યો હતો. મેજિસ્ટ્રેટે આરોપીનાં માતા-પિતાએ દ્વારા કરવામાં આવેલા આરોપોમાં તથ્ય છે કે આ એક નકલી એન્કાઉન્ટર હતું. તપાસ અહેવાસ મુજબ પાંચ પોલીસકર્મી મૃત્યુ માટે જવાબદાર હતા. બુધવારે ન્યાયાધીશ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે તેઓ ફક્ત એ જાણવા માગે છે કે મેજિસ્ટ્રેટે પોતાનો અહેવાલ રજૂ કર્યા પછી રાજ્ય સરકાર શું કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

કોસ્ટલ રોડ પર

ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ હેલિપેડ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે કામચલાઉ ધોરણે બનાવવામાં આવેલી વરલી ડેરીની સામેની વરલી જેટ્ટીની જગ્યા પર હોઈ શકે છે. કોસ્ટલ રોડના કામ દરમ્યાન બે જેટ્ટી બનાવવામાં આવી હતી, જેમાં એક અમરસન્સ ગાર્ડન પાસેની તોડી પાડવામાં આવી છે. જ્યારે પોલીસે દેખરેખ માટે વિનંતી કરી હોવાથી વરલી જેટ્ટીની હજી સુધી એમ જ રાખવામાં આવી છે. તેથી કન્સલ્ટન્ટને અભ્યાસ કરવા માટે નીમ્યા બાદ તેની ભલામણને આધારે વરલી જેટ્ટીનો ઉપયોગ મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ સહિત એર સહિત વોટર ટ્રાન્સપોર્ટેશન માટે કરી શકાશે.

ક્લાસિફાઈડ

૪. ધાર્મીક સંબંધી

જૈન - હિન્દુ

ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર. Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

૬. પરચુરણ

R. K. ANTIQUE ARTS

ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)

૧૨. યાત્રા સહેલગાહ

■ Bfast ડિનર સાથે વ્યક્તિગત પ્રવાસ જોવાલાયક સ્થળોનો પ્રવાસ પ્રાઈવેટ કાર. Per Couple Starting from સિક્કિમ 58000 ઉત્તરાંચલ 55000 કાશ્મીર 54000 હિમાચલ 45000 આંદામાન 44000 સિંગાપોર 127000 અઝરબૈજાન 108000 અરહામ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૬૧૨)

૧૭. જગ્યા આપવી છે

કાંદિવલી - (વેસ્ટ)

કબજો ટૂંક સમયમાં ૧ બી.એચ.કે. માસ્ટર બેડરૂમ સાથે. શાંતિલાલ મોદી રોડ નંબર-૨, ૯૯ લાખ પ્લસ ગવરમેન્ટ ટેક્સ, મહારેરા નં. - P51800052812 સેલ્સ ઓફિસ - 9702007481 - 9702007482 - 9702002095. (બી-૧૫૫૮૫)

તારદેવ

2 બેડરૂમ 580 કારપેટ રેડી પઝેશન હરેશ 9821030822. (૧૫૬૨૯-ઈ)

પ્રિન્સેસ સ્ટ્રીટ

1 બેડરૂમ 483 રેરા કારપેટ / 2 બેડરૂમ 666 / 696 / 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબજો. સંપર્ક 9821030822. (૧૫૬૨૯-એફ)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ‘‘એસ પેસ્ટ કંટ્રોલ’’ ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

એસ પેસ્ટીસાઈડ

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

૪૬. વોટર પ્રુફિંગ

વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, - 8450941119. (બી-૧૫૬૪૨)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

૪. ધાર્મીક સંબંધી

(૧૫૬૭૪-એ)

હિન્દુ મરણ

સ્વ. ખખ્ખર નવિનચંદ્ર ચત્રભુજભાઈ (લીલાપૂર) હાલ રાજકોટ તે સ્વ.કાકુભાઈ, સ્વ. બાલકૃષ્ણભાઈ, સ્વ. બટુકભાઈ, સ્વ. ભુપતભાઈના નાનાભાઈ. તે ખખ્ખર જીગ્નેશભાઈ, આશિષભાઈ, દિપકભાઈ - અંજનાબેન, ડિમ્પલબેનના પિતાશ્રી. તે અશ્વિનભાઈ, અશોકભાઈના સસરા. તે કુંડલિયા સ્વ. કાંતિલાલ, મનસુખભાઈના બનેવી તા. ૫-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. (ચક્ષુદાન કરેલ છે.) પિયર પક્ષની સાદડી તથા ઉઠમણું તેમના નિવાસે સાથે જ રાખેલ છે. તા. ૬-૩-૨૫ને ગુરુવાર, ૪ થી ૫. એ-૧૩૦૨, સોપાન લકઝરીયસ ડ્રીમ સિટીના પાછળ, રૈયાધાર, રાજકોટ.

લેઉવા પટેલ

ગામ ચિતલ, હાલ મલાડ નિવાસી લાભુબેન જીવરાજભાઈ આસોદરીયા (ઉં. વ. ૭૫) તા. ૪-૩-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. તે જીવરાજભાઈ વશરામભાઈ આસોદરીયાના ધર્મપત્ની. વિપુલ અને ઉમેશના માતા. તેમનું બેસણું ૬-૩-૨૫ ગુરુવારે સાંજે ૫ થી ૭. પારેખ હોલ, જીતેન્દ્ર રોડ, મલાડ ઈસ્ટ.

ઔદિચ્ય સહસ્ર સાઠા બ્રાહ્મણ

ટીંટોઈ અમદાવાદ અ. સૌ. કોમલબેન (ઉં. વ. ૩૭) તે જયકિશન (જેકી) ધીરજભાઈ રાવલના પત્ની. તે ભાવનાબેન તથા ધીરજભાઈ સોમેશ્વર રાવલના પુત્રવધૂ. તે ઈશાનભાઈ - ધૃતિબેનના ભાભી. તે નીનાબેન તથા મુકેશભાઈ પ્રહલાદજી ગોર (સરડોઈ)ના પુત્રી. તે અદિતિ-હર્ષિતભાઈના બહેન મંગળવાર, તા. ૪-૩-૨૫ના મુંબઈ મુકામે દેવલોક પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૩-૨૫ના સાંજે ૫ થી ૭. સ્થળઃ પ્રબોધન ઠાકરે હોલ, સી-વિંગ, બીજે માળે, ચામુંડા સર્કલ, બોરીવલી વે.

ઘોઘારી લોહાણા

મૂળ ગામ ચલાળા, હાલ નાલાસોપારા સ્વ. રણજીત શશીકાંત ગઢિયા (ઠક્કર) (ઉં. વ. ૫૪) તા. ૨-૩-૨૫ને રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. સુશીલા શશીકાંત ગઢિયા (ઠક્કર)ના સુપુત્ર. સ્વ. રહીસચંદ્ર ગઢિયા, સંયુક્તાબેન અતુલકુમાર ગઢિયા, મનોરમાબેન હસમુખકુમાર પોપટ, રીટાબેન રમેશકુમાર વોરાના ભાઈ. ભાવિકાબેનના પતિ તથા રુચિકાબેનના પિતા અને પ્રફુલચંદ્ર ગઢિયાના કાકા તેમજ ગં. સ્વ. મધુકાંતા ભાઈલાલ રાજપોપટના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૫ ગુરુવાર, સાંજે ૪ થી ૬. સ્થળઃ ગુરુકૃપા હોલ, રેલવે ટિકિટબારીની પાછળ, નાલાસોપારા (પૂર્વ).

કચ્છી ભાટીયા

ગં. સ્વ. નીલમ, તે સ્વ. રમેશ માધવજી આશરના ધર્મપત્ની (ઉં. વ. ૭૧) સ્વ. મણિબેન માધવજી આશરના પુત્રવધૂ. સ્વ. જયાબેન ગોપાલદાસ કાનાણીના દીકરી. તે અ. સૌ. નીતલ, અ. સૌ. ધૃતિ અને જયના માતુશ્રી. તે પ્રદ્યુમ્ન, જિતેન્દ્ર તથા અ. સૌ. પૂર્વીના સાસુમા. તે નચિકેત, ઈશાન અને સમિકાના નાની ને દાદી. તા. ૪-૩-૨૫ના પુના મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી લોહાણા

ગામ મંગવાણા, હાલ ઘાટકોપરના રહીશ જયંતભાઈ પુરુષોત્તમ ગણાત્રા (ઉં. વ. ૭૦) તા. ૪-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ગોદાવરીબેનના પુત્ર. વર્ષાબેનના પતિ. સ્વ. નાગરદાસ મહેતાના જમાઈ. ચી. પ્રમિત, મોનિત, અ. સૌ. પાયલ, નિકિતાના પિતા. અ. સૌ. સ્મિતા, તનુજા, દીપાના ભાઈ. ચિ. વ્રીયોના, ઈવાન, કિયાશના દાદા. પ્રાર્થનાસભા રાખેલ નથી.

મોડાસા એકડા વિશા ખડાયતા મોદી

સ્વ. મગનલાલ કાળીદાસ શાહના પુત્ર સાથંબા નિવાસી હાલ મુંબઈ કિરીટભાઈ શાહ તે તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વ્રજબાળાબેનના પતિ. સોનુ (અમિત) તથા પૂર્વીના પિતા. દીપા તથા હેમાંગકુમારના સસરા. સ્વ. નટવરલાલ સાંકળચંદ શાહના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૫ના ૫ થી ૭. ઠેઃ હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્ષ્ટેંશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

હાલાઈ લોહાણા

સ્વ. હરેશકુમાર હરજીવનદાસ ઠક્કરના ધર્મપત્ની ગં.સ્વ. કરુણાબેન (ઉં.વ.૬૬) ગામ મહિયારી, હાલ-વસઈ તા. ૧-૩-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તેઓ કુમારી કાજલ અને ચિ. નિમેષ ઠક્કરના માતુશ્રી. તેઓ સ્વ. પ્રદીપભાઈ ઠક્કર, ગં.સ્વ. મધુબેન રમેશભાઈ મહેતા અને ગં.સ્વ. રંજનબેન રાજેન્દ્રભાઈના ભાભી. સ્વ. ધીરજબેન ત્રિભુવનદાસ પટેલિયાના પુત્રી. પ્રવિણભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. દિનુભાઈ, મહેશભાઈ, સ્વ. મુકેશભાઈ, બિપિનભાઈ અને ગં.સ્વ. ગીતાબેન અમરકુમાર વિઠલાણીના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૫, ગુરુવારના સાંજે ૫થી ૬.૩૦. સ્થળઃ કેટી વાડી, કેટી વિલેજ, ૬૦ ફૂટ રોડ, વસઈ (વેસ્ટ).

હાલાઈ લોહાણા

સ્વ. હરેશકુમાર હરજીવનદાસ ઠક્કરના ધર્મપત્ની ગં.સ્વ. કરુણાબેન (ઉં.વ.૬૬) ગામ મહિયારી, હાલ-વસઈ તા. ૧-૩-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તેઓ કુમારી કાજલ અને ચિ. નિમેષ ઠક્કરના માતુશ્રી. તેઓ સ્વ. પ્રદીપભાઈ ઠક્કર, ગં.સ્વ. મધુબેન રમેશભાઈ મહેતા અને ગં.સ્વ. રંજનબેન રાજેન્દ્રભાઈના ભાભી. સ્વ. ધીરજબેન ત્રિભુવનદાસ પટેલિયાના પુત્રી. પ્રવિણભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. દિનુભાઈ, મહેશભાઈ, સ્વ. મુકેશભાઈ, બિપિનભાઈ અને ગં.સ્વ. ગીતાબેન અમરકુમાર વિઠલાણીના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૫, ગુરુવારના સાંજે ૫થી ૬.૩૦. સ્થળઃ કેટી વાડી, કેટી વિલેજ, ૬૦ ફૂટ રોડ, વસઈ (વેસ્ટ).

ઝાલાવાડી સઈ સુથાર

બલદાણા નિવાસી, હાલ દહીંસર ગં.સ્વ. ધનગૌરી જગદીશભાઈ સોલંકી (ઉં.વ. ૬૭) તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દિનેશ, દીપક, રૂપેશના માતુશ્રી. તે સ્વ. રસિકભાઈ કાનજીભાઈ સોલંકી, સ્વ. લીલાધરભાઈના નાના ભાઈના વહુ. તે સ્વ. જયંતીભાઈ, નરોત્તમભાઈ, અશોકભાઈના ભાભી. તે હળવદ નિવાસી સ્વ. બાલાભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. દલસુખભાઈ, સ્વ. વિજયાબેન, સ્વ. પ્રેમીલાબેનના બેન. તે કનન, મયંક, ક્રિશાના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૭-૩-૨૫, શુક્રવાર સાંજે ૪થી૬. સ્થળઃ શ્રી આયંબીલ ભવન, જૈન મંદિર રોડ, હવેલીની સામે, વિરાર (વે). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કપોળ

રાજુલાના નિવાસી સ્વ. જયંત મંગળદાસ મહેતા તે ૧/૩/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. રક્ષાબેનના જેઠ. ઊર્મિલ, સ્વ. રશ્મિભાઈ, કલ્પના ભરતકુમાર મહેતા, દક્ષા હર્ષદકુમાર મહેતાના ભાઈ. યશ ધૃતિ, શ્રમીન, રુહીના મોટાપપ્પા. સાસરાપક્ષે ભાવનગરવાળા વૃજલાલ મકનદાસ વળીયાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સોરઠીયા બ્રહ્મક્ષત્રિય

બગસરા નિવાસી, હાલ મલાડ સ્વ. મનસુખલાલ માધવજી પડિયાના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન (ઉં.વ. ૭૯) તે ૧/૩/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ભાવનગરવાળા વલ્લભદાસ ગીરધરલાલ દયાણીના પુત્રી. તુષાર, અમિત, વિક્રમ, નિશાના માતુશ્રી. જશ્મીના, કવિતા, પલ્લવીના સાસુ. માનસી, પૂર્વા, આર્યન, મીતના બા. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર ૬/૩/૨૫ના રોજ ૪ થી ૬. કેવલબાગ, ફ્લાયઓવર બ્રિજ પાસે, નમન હૉસ્પિટલની સામે, કાંદિવલી વેસ્ટ.

ઔદીચ્ય સહસ્ર સાઠા બ્રાહ્મણ

ટીંટોઇ-અમદાવાદ નિવાસી અ. સૌ. કોમલબેન (ઉં.વ. ૩૭) તે જયકિશન (જેકી) ધીરજભાઈ રાવલના પત્ની. તે ભાવનાબેન તથા ધીરજભાઈ સોમેશ્વર રાવલના પુત્રવધૂ. તે ઈશાનભાઈ- ધૃતિબેનના ભાભી. તે નીનાબેન તથા મુકેશભાઈ પ્રહલાદજી ગોર (સરડોઈ)ના પુત્રી. તે અદિતિ-હર્ષિતભાઈના બહેન તે મંગળવાર તા. ૪-૩-૨૫ના રોજ મુંબઈ મુકામે દેવલોક પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૬-૩-૨૫ના રોજ સાંજે ૫ થી ૭. સ્થળઃ પ્રબોધન ઠાકરે હોલ, સી-વિંગ, બીજે માળે, ચામુંડા સર્કલ, બોરીવલી (વે).

લુહાર સુથાર

ગામ દેલવાડા, હાલ દહિસર સ્વ. નંદુબેન ગીરધરભાઇ દેવરાજભાઈ મકવાણાના સુપુત્ર ધર્મેશભાઈ (ઉં.વ. ૬૦) તેઓ તા. ૨૮/૨/૨૫ શુક્રવારના રોજ શ્રીરામચરણ પામ્યા છે. તે વર્ષાબેનના પતિ. મિતેશ તથા દર્શનના પિતાશ્રી. તે વિશાખાના સસરા. ગામ મોઠાવાળા સ્વ. આણંદજીભાઈ મેઘજીભાઇ પરમારના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૬/૩/૨૫ના ગુરુવારે સાંજે ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, વિશ્વકર્મા ચોક, અંબાજી માતા મંદિરની બાજુમાં, કાર્ટર રોડ ૩, બોરીવલી ઈસ્ટ.

હાલાઇ બ્રહ્મક્ષત્રિય

મુંબઈ નિવાસી સ્વ. પ્રવિણકુમાર વ્રજલાલ જોગી તથા સ્વ. હંસાગૌરીના સુપુત્ર સ્વ. પ્રફુલ (ઉં.વ. ૫૯) તે જયશ્રીના પતિ. પ્રણવ અને જયના પિતાશ્રી તથા અતુલ અને જયોતિ વિજયકુમાર જાજલના મોટા ભાઈ તથા સ્વ. રમણીકલાલ હરજીવનદાસ મેર બગસરાવાળાના જમાઈ તે તા. ૧-૩-૨૫ના શનિવારના રોજ શ્રી રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી તા. ૬-૩-૨૫ ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, શંકર મંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ).

વાંઝા જ્ઞાતિ

સિમરાળાવાળા હાલ મુંબઈ લક્ષ્મીકાંત (જગાભાઈ) લવજીભાઈ સોલંકી (ઉં.વ. ૫૫) ભૂપેન્દ્રભાઈ લવજીભાઈ સોલંકી તથા ગૌ. વા. લલિતભાઈ લવજીભાઈ સોલંકીના નાનાભાઈ તથા અક્ષય સોલંકીના પિતાશ્રી તથા રૂપાબેનના પતિનું બેસણું તા. ૬/૩/૨૫ ને ગુરુવારના રોજ સાંજના ૪ થી ૬ કલાકે નિવાસ સ્થાને રાખેલ છે. સરનામુંઃ રૂમ નંબર ૨૧, પ્લોટ નંબર ૩૦૬, મિત્ર પરિવાર સોસાયટી, સેક્ટર ૩, ચારકોપ માર્કેટ, કાંદિવલી વેસ્ટ.

લુહાર સુથાર

મૂળગામ સરા, હાલ બોરીવલી ગં.સ્વ. ભાનુમતિ ધીરજલાલ વડગામા (ઉં.વ. ૭૮) તે સ્વ. ધીરજલાલ હીરાલાલ વડગામાના ધર્મપત્ની. તે અનિલભાઈ, સ્વ. મનોજભાઈ, ભરતભાઈ, રાજેશભાઈના માતુશ્રી. તે ચેતનાબેન, હિરલબેન, ઉષાબેન, અલકાબેનના સાસુ. સ્વ. અમૃતલાલ, સ્વ. વિનોદભાઈ, તારાબેન હિંમતલાલ બદ્રકિયા, સ્વ. રેખાબેન મુકુંદભાઈ આમરણિયાના ભાભી તેમજ હરિલાલ પોપટલાલ બુરીવાળા હાલ માણાવદરના દીકરી તા. ૩-૩-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૭-૩-૨૫ ને શુક્રવાર સાંજે ૫ થી ૭ શ્રી લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ મુંબઈ, કાર્ટર રોડ નંબર ૩, દત્તપાડા મેન રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી પૂર્વ.

વેજલપુર એકડા વિસા ખડાયતા વણિક

મૂળ અડાદરા, હાલ મુંબઈ નિવાસી, અ.સૌ. નીલા ઈન્દ્રવદન શાહ (ઉં.વ. ૭૦) તે સ્વ. કાંતિલાલ જેઠાલાલ શાહ તથા સ્વ. લીલાબેનના પુત્રવધૂ. ઈન્દ્રવદનના ધર્મપત્ની તે અ.સૌ. ઈશા આદિત્ય દેસાઈ તથા અ.સૌ. નીતિ વૃષાંક શ્રોફના માતુશ્રી. સ્વ. નિરુપમાબેન હીરાલાલ મણિયારની સુપુત્રી. તે બીના, ઉષા, દીના, રીટા અને રાનીના બહેન તા. ૫-૩-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી હાલાઈ લોહાણા

તેરાવાસી હાલ ઘાટકોપર, સ્વ. મહેન્દ્રભાઈ ધનજી તથા વિલાસબેન ચંદનના પુત્ર જગદીશ ચંદન (ઉં.વ. ૬૮) તા. ૪-૩-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. જે દિવ્યાબેનના પતિ. આદિત્ય, શીવના પિતાશ્રી. અનિલ, સુભાષ કાનજી ઠક્કરના ભાઈ. સ્વ. હંસાબેન સુરેશ કારિયા, સ્વ. વિણા ધીરજ સોમૈયા, કોકિલા પ્રતાપ સોમૈયા, સુધા હંસરાજ મજીઠિયાના ભાઈ. તે હુબલિવાળા શ્રી પ્રતાપભાઈ લધુભાઈ ઠક્કર તથા સ્વ. કમળાબેનના જમાઈ. પિનાકીન, શીવાનીના કાકા. મનીષા, ભાવીની, કિષિ, રોશની, રામ, બિન્દુ, ભાવેશના મામા. લૌકિક વ્યવહાર બંધ છે. (ચક્ષુદાન કરેલ છે.)

મોડાસા એકડા દશા ખડાયતા વૈષ્ણવ

લીહોડા નિવાસી (હાલ કલંબ) શ્રી ઈન્દ્રવદન જીવણલાલ શાહના ધર્મપત્ની અ.સૌ. ચંપાબેન ઈન્દ્રવદનદાસ શાહ (ઉં.વ. ૭૫)નું બુધવાર, તા.૫-૩-૨૫ના અવસાન થયું છે. તેઓ ધર્મેન્દ્રભાઈ, અ.સૌ. વંદનાબેન અને અ.સૌ. જ્યોતિબેનના માતુશ્રી. અ.સૌ. દીપાબેન, ધર્મેન્દ્રકુમાર, પરેશકુમારના સાસુમા તથા હરિશ કાકા. અશોક કાકા અને ભરત કાકા, સૂર્યાબેન, મીના કાકી, રેણુકા કાકી, ગં.સ્વ. પુષ્પાબેનના ભાભી. કુ. પ્રાચીબેન અને રોનકના દાદીમા. અ.સૌ. કિંજલબેન, અ.સૌ. તેજલબેન અને અ.સૌ. ઉન્નતિબેન, ધવલભાઈ, કાર્તિકભાઈના નાનીમા. સદ્ગત સ્વ. ચંપાબેનનું બેસણું શુક્રવાર, તા. ૭-૩-૨૫ના ૩થી ૫. સરનામુંઃ સી કે ખડાયતા છાત્રાલય ગુલબાઈ ટેકરા અમદાવાદ ગુજરાત પિયર પક્ષનું બેસણું સ્વ.શ્રી નરસિંહદાસ ઘેલાદાસ શાહ, ખાલાપુર (આંબલીયારાવાળા) પરિવાર આજ સમયે અને આજ સ્થળે રાખેલ છે.

દશા સોરઠિયા વણિક

વઢવાણ નિવાસી (હાલ ભાયંદર) સ્વ. અમૃતલાલ અને સ્વ. શાંતાબેનના સુપુત્ર નરેન્દ્રભાઈ બાબરીયા (ઉં.વ. ૮૪) મંગળવાર, તા. ૪-૩-૨૫ના દિને શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાબેનના પતિ. તે સ્વ. મહેશભાઈ તથા દીપકભાઈ માંડવિયા, રંજનબેન, જસુબેન અને અલ્કાબેનના બનેવી. તે આશિષ, ધવલ, દક્ષા, છાયાના પિતાશ્રી. તે નિશા, ધર્મીષ્ઠા, ચંદ્રેશકુમાર, નિખિલકુમારના સસરા. તે સ્વ. ઈન્દુબેન લલિતકુમાર રઘાણી અને રંજનબેન નટવરલાલ શાહના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પારસી મરણ

બોમી મેહેરજીભાઈ કાવસમાનેક તે વિરા બી. કાવસમાનેકના ખાવિંદ. તે મરહુમો ટેમીના તથા મેહેરજીભાઈના દીકરા. તે વાસપાન બોમી કાવસમાનેકના પપ્પા. તે મરહુમો જીમી, સોલી ને મેહેરનોશના ભાઈ. તે નવઝર, ફરીતા ને જીમીના કાકા. તે મરહુમો ડોલી તથા દીનશાજી ગોટલાના જમઈ. (ઉં. વ. ૭૮) રે. ઠે.: પારખ ધરમશાલા, ખરેઘાટ, મુંબઈ-૧૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૩-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ મધ્યે એમ. જે. વાડિયા અગિયારીમાં.

ઝીનોબ્યા ખરશેદ કાસદ તે ખરશેદ હોશંગ કાસદના ધનીયાની. તે મરહુમો ફ્રેની તથા ભીખાજી કેકોબાદ કાથાવાલાના દીકરી. તે ચેરાગ ને કરીશ્માના મમ્મી. તે કયનાઝના સાસુજી. તે મરહુમ સાયરસ ભીખાજી કાથાવાલાના બહેન. તે ઉરાવાઝી પોરસના ફૂઈજી. રે. ઠે.: ૬૬૭૦ કારલીઈલ કોર્ટ વેસ્ટ, બ્લુમ ફિલ્ડસ, મીશીગન ૪૮૩૩૨.

જૈન મરણ

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

રાણપુર ભેંસાણ નિવાસી, હાલ સાંતાક્રુઝ સ્વ. લલિતકુમાર જયંતીલાલ શાહના ધર્મપત્ની ઈન્દિરાબેન (ઉં.વ.૮૦) તે સોનલ મનીષ દોશી, રૂપલ જયેશ ઘેલાણી અને રાજેનના માતુશ્રી. શીતલના સાસુ. છોટાલાલભાઈ એમ. અજમેરાની સુપુત્રી. તે ધ્રુવી, આરાધ્યા અને સિદ્ધાર્થના દાદી. તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

વાગડ વિ. ઓ. જૈન

ગામ ભચાઉના સ્વ. મુરઈબેન ઉગમશી ગડા (ઉં. વ. ૮૭) સ્વ. ભચીબેન જખુ રીણા ગડાના પુત્રવધૂ. સ્વ. ઉગમશીના ધર્મપત્ની સોમવાર, તા. ૩-૩-૨૫ના અવસાન પામેલ છે. તે અમૃતલાલ, નવિન, અશ્વિન, સ્વ. વિનોદ, મનિષ, જેવર, શાંતિ, નયનાના માતુશ્રી, સ્વ. તારા, દમયંતી, મનિષા, સાવિત્રી, શામજી, ગેલાભાઈ, અરવિંદના સાસુ. રોહન, નયન, ભવ્ય, સ્મિત, આદેશ, નમ્રતા, ઉર્વી, કેયા, હિરલના દાદી. સ્વ. રતનાબેન ભચુ લાલજી નિસરના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૩-૨૫, ૧૦.૩૦ થી ૧૨. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનક, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકિઝની સામે, બોરીવલી વેસ્ટ.

દશા સ્થા. જૈન

બગસરા નિવાસી, હાલ કાંદિવલી સ્વ. કલાવતી સુખલાલ કામદારના પુત્ર મહેશભાઈ (ઉં.વ. ૬૯) તે સ્વ. ગીતાબેન, નરેશભાઈ, સ્વ. રજનીભાઇના ભાઈ. અમદાવાદ નિવાસી સ્વ. હસમુખબાળા યોગેશભાઈ રાઈજીના જમાઈ. માલાબેનના પતિ. ધ્વનિ તથા વિનેશના પિતા. ઓચ્છવલાલ અમરચંદ શેઠના ભાણેજ. મિનળના સસરા. તે ૧/૩/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

પાલીતાણાવાળા હાલ (જુહુ) સ્વ. શાહ વીરચંદ ફુલચંદ શાહના પુત્ર ચીમનલાલ શાહ (ઉં.વ. ૯૨) તા. ૪-૩-૨૫ના અવસાન પામેલ છે. તે સરલાબેનના પતિ. સ્નેહલ/ફેનીલના પિતાશ્રી. સ્વ. કનુભાઈ, હર્ષદભાઈ, નરેન્દ્રભાઈ, દિલીપભાઈના ભાઈ. સ્વ. હીરાબેન, સ્વ. જસુબેન, ઈન્દુબેન, શારદાબેનના ભાઈ. ફાલ્ગુની, વિભાબેનના શ્વસુર સ્વ. ચંદુલાલ ગુલાબચંદના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

ઔરંગઝેબની પ્રશંસા ભારે પડી: અબુ આઝમી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આસિમ આઝમીને બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યપદેથી ચાલુ સત્રના અંત સુધી ઔરંગઝેબની પ્રશંસા કરનારા તેમના નિવેદનને પગલે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

રાજ્ય વિધાનસભાનું બજેટસત્ર ૨૬ માર્ચે પૂરું થશે.

રાજ્યના પ્રધાન ચંદ્રકાંત પાટીલે બુધવારે ગૃહમાં સસ્પેન્શનનો પ્રસ્તાવ માંડ્યો હતો. સત્તાધારી બેન્ચના સભ્યોએ કહ્યું હતું કે ઔરંગઝેબની પ્રશંસા કરવી એટલે મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજનું અપમાન છે.

મૌખિક મતદાન દ્વારા સસ્પેન્શનનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

આઝમીની ઔરંગઝેબની પ્રશંસા કરવાની ટિપ્પણી અને છત્રપતિ સંભાજી મહારાજની ટીકા કરવાનું કૃત્ય વિધાનસભાના સભ્ય તરીકેના કદને છાજતું નથી. આ વિધાનસભાની લોકશાહી સંસ્થાનું અપમાન છે, એમ

(જુઓ પાનું ૪) ▸▸

અબુ આઝમીને ૧૦૦ ટકા જેલમાં નાખીશ: ફડણવીસ

મુંબઈ: સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમીને મહારાષ્ટ્ર બજેટ સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય વિધાનસભામાં સર્વાનુમતે લેવામાં આવ્યો છે. જોકે, અગાઉ વિધાનસભા અને વિધાન પરિષદમાં ચર્ચા દરમિયાન, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આક્રમક વલણ અપનાવતા વિપક્ષને ચૂંટણીની ટીકા ન કરવા કહીને ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ પર નિશાન સાધ્યું હતું.

અબુ આઝમીના નિવેદન બાદ, વિધાન પરિષદમાં વિપક્ષી ધારાસભ્યોએ તેમની ધરપકડની માંગ કરી. આ મુદ્દાનો જવાબ આપતા મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ''અધ્યક્ષ મહોદય તેમને જેલમાં નખાશે. હું તેમને ૧૦૦ ટકા જેલમાં નાખીશ.'' ■

અબુ આઝમી કો યુપી ભેજ દો, બાકી ઉપચાર હમ કરવા લેંગે: યોગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સમાજવાદી પાર્ટીના નેતા અબુ આસિમ આઝમીને મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા તેના પડઘા ઉત્તર પ્રદેશમાં જોવા મળ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સમાજવાદી પાર્ટીને આઝમીની ટિપ્પણી અંગે તેમની સામે કાર્યવાહી કરવાની હાકલ કરતાં એવી માગણી કરી હતી કે મોગલ શાસકની પ્રશંસા કરવા બદલ પાર્ટીએ આઝમીને પાર્ટીએ બરતરફ કરવા જોઈએ. આઝમી મહારાષ્ટ્ર

(જુઓ પાનું ૪) ▸▸

જોગેશ્વરીમાં બાળકી પર ગૅન્ગ-રેપ

ગુમ થયાના ત્રણ દિવસે બાળકી દાદરમાં મળી: પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પુણેના સ્વારગેટ પરિસરમાં બસમાં યુવતી સાથે દુષ્કર્મની ઘટના તાજી છે ત્યાં જોગેશ્વરીમાં રહેતી ૧૨ વર્ષની બાળકી પર કથિત સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જોગેશ્વરીની જ એક રૂમમાં લઈ ગયા પછી બાળકી સાથે કુકર્મ આચરાયું હોવાનું ફરિયાદમાં જણાવાતાં પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી હતી. બાળકી ગુમ થયાના ત્રણ દિવસ પછી મધરાતે દાદર રેલવે સ્ટેશનેથી મળી આવી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ છઠ્ઠા ધોરણમાં ભણતી બાળકીની ફરિયાદને આધારે જોગેશ્વરી પરિસરમાંથી પાંચ જણની ધરપકડ કરવામાં આવી હતી. બાળકીએ જણાવેલી આપવીતીની ખાતરી કરવામાં આવી રહી છે અને આ પ્રકરણે વધુ તપાસ હાથ ધરાઈ છે.

મળતી માહિતી અનુસાર જોગેશ્વરીમાં રહેતી બાળકી એ જ પરિસરમાં રહેતી નાનીને મળવા જવાને બહાને ૨૪ ફેબ્રુઆરીની રાતે ઘરથી નીકળી હતી. ખાસ્સો સમય વીત્યા છતાં તે પાછી ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. બાળકીની કોઈ ભાળ ન મળતાં આખરે જોગેશ્વરી પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પોલીસે બાળકીના અપહરણનો ગુનો નોંધી તેની શોધ હાથ ધરી હતી.

દરમિયાન બાળકી ૨૭ ફેબ્રુઆરીની મધરાતે બે વાગ્યાની આસપાસ દાદર સ્ટેશનેથી રેલવે પોલીસને મળી આવી હતી. બાળકી એક યુવાન સાથે હતી. બાળકીના અપહરણની ફરિયાદ જોગેશ્વરી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હોવાથી બાળકીને જોગેશ્વરી પોલીસના તાબામાં સોંપાઈ હતી. તે સમયે બાળકીએ તેની સાથે ગૅન્ગ રૅપની જાણકારી આપી ન હોવાનું રેલવે પોલીસનું કહેવું છે.

જોગેશ્વરી પોલીસની પૂછપરછમાં બાળકીએ તેની સાથે

(જુઓ પાનું ૪) ▸▸

ભાજપના પ્રધાન જયકુમાર ગોરેનો પગ કુંડાળામાં, મહિલાને અશ્લીલ ફોટો મોકલ્યા

ધનંજય મુંડે પછી હવે ગોરેના રાજીનામાની ઊઠી છે માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના રાજીનામાના બીજા દિવસે હવે વિપક્ષી પાર્ટીઓએ ભાજપના પ્રધાન જયકુમાર ગોરેના રાજીનામાની માગણી કરી છે. તેમના પર મહિલાની સતામણી કરવાની અને તેમને અશ્લીલ ફોટો મોકલવાનો આરોપ છે.

કોંગ્રેસના વિધાનસભ્ય વિજય વડ્ેટીવારે એવો દાવો કર્યો હતો કે પ્રધાને ફરી એક વખત મહિલાને ધમકીઓ આપી છે. તેમણે કોઈનું નામ લીધું ન હોવા છતાં તેમણે એવી માગણી કરી હતી કે પ્રધાનનું કેબિનેટમાંથી રાજીનામું લેવામાં આવે. તેમણે વધુમાં એવો આરોપ કર્યો હતો કે ગોરેએ આ પ્રકરણે પહેલાં કોર્ટમાં માફી માગી હતી અને હવે પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

લાડકી બહેનોને ઠેંગો

૨,૧૦૦ રૂપિયા આપવાની કોઈ વાત જ નથી: સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી સમયે મહાયુતિ સરકારે લાડકી બહીણ યોજના હેઠળ મહિલાઓને ૨,૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. મહાયુતિ સરકારને બેથી ત્રણ મહિનાનો સમય વીતી ગયો હોવા છતાં હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. તેમ જ ફેબ્રુઆરી મહિનાના પૈસા પણ બેન્ક એકાઉન્ટમાં જમા થયા નથી. એ બાબતે મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતી તટકરેએ સ્પષ્ટતા આપતા કહ્યું હતું કે આ વિશે બજેટ સત્રમાં ચર્ચા થશે એવું અમે ક્યારેય કહ્યું નથી.

શિવસેના (યુબીટી)નેતા અને વિધાનસભ્ય અનિલ પરબે વિધાન પરિષદમાં 'મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના' બાબતે સવાલ કર્યો હતો, તેનો જવાબ આપતા સમયે અદિતી તટકરેએ કહ્યું હતું અધિવેશનના સમયમાં અથવા બજેટમાં ૨,૧૦૦ રૂપિયા આપવા બાબતે જાહેરાત કરવામાં આવશે એવી કોઈ જાહેરાત સરકારે અગાઉ કરી નથી. નોંધનીય છે કે ચૂંટણી દરમ્યાન બહેનોને લાડકી બહીણ યોજના હેઠળ

(જુઓ પાનું ૪) ▸▸

ખાણમાં સ્લેબ તૂટી પડતા બે મજૂરનાં મોત

ભંડારા: મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં આવેલી મૅંગેનીઝ ઓર (ઇન્ડિયા) લિમિટેડની ચિખલા માઇન્સ (ખાણ)માં સ્લેબ તૂટી પડતા બે મજૂરનાં મોત તથા એક જણ ઘાયલ થયા હોવાનું સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું. ખાણમાં ૧૦૦ મીટરના ઊંડાણમાં સવારે નવ કલાકની શિફ્ટ વખતે આ ઘટના બની હતી. ત્રણ કાયમી કર્મચારીઓ કાટમાળ હેઠળ દબાઇ ગયા હતા જેમાંથી બે જણનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, એમ ભંડારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસે એક અહેવાલમાં જણાવ્યું હતું.

ઘાટકોપરમાં આજે પાણીપુરવઠો બંધ

૧૨ કલાક પાઈપલાઈનની મરામતનું કામ ચાલવાનું હોવાથી નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર (પૂર્વ)માં આર.બી. મહેતા માર્ગ પર ૭૫૦ મિલિમીટર વ્યાસની ૭૫૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈનમાં પાલિકાના પાણીપુરવઠા વિભાગને મોટા પાયા પર ગળતર જણાઈ આવ્યું હતું. તેથી તેનું સમારકામ કરવાની સાથે અન્ય પાઈપલાઈનનું કામ ગુરુવાર, ૭ માર્ચના કરવામાં આવવાનું હોવાથી ગુરુવારે ઘાટકોપર (પૂર્વ)માં પાણીપુરવઠો બંધ રહેશે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ઘાટકોપર પૂર્વમાં આર.બી. મહેતા માર્ગ પર એમઆઈસીએસ પ્રોજેક્ટની સામે ૭૫૦ મિલિમીટર વ્યાસની પાઈપલાઈનમાં બુધવારે ગળતર જણાઈ આવ્યું હતું. તેથી તેનું સમારકામ કરવાનું આવશ્યક છે. એ સાથે જ ઘાટકોપર-અંધેરી લિંક રોડ પર મરાઠી વિદ્યાલય સામે ૬૦૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈનનું જોડાણનું કામ ગુરુવાર, ૭ માર્ચના સવારના નવ વાગ્યાથી કરવામાં આવવાનું છે, જે રાતના નવ વાગ્યા સુધી એટલે કે લગભગ ૧૨ કલાક સુધી ચાલશે.

આ સમય દરમિયાન ઘાટકોપર (પૂર્વ)માં સમગ્ર વિસ્તારમાં આજે પાણી પુરવઠાને બંધ કરવામાં આવશે. આ કામ પૂરું થયા બાદ તબક્કાવાર પાણીપુરવરઠો પૂર્વવત્ કરવામાં આવશે. તેથી આ સમય દરમ્યાન નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી છે. ■

બદલાપુર એન્કાઉન્ટરના આરોપી પાંચ પોલીસ સામે ગુનો નોંધશો?

હાઇ કોર્ટનો મહારાષ્ટ્ર સરકારને સીધો સવાલ

મુંબઈ: શું બદલાપુર સ્કૂલના જાતીય હુમલાના આરોપીના એન્કાઉન્ટર પર મેજિસ્ટ્રેટના અહેવાલ દ્વારા દોષિત જાહેર કરાયેલા પાંચ પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધશો, એવો સવાલ હાઈ કોર્ટે બુધવારે સરકારને પૂછ્યો હતો.

કોર્ટના પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ કેસમાં પહેલાંથી જ અલાહાબાદ હાઈ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળ એક કમિશનની રચના કરવામાં આવી છે અને રાજ્ય સીઆઈડી દ્વારા કથિત ગોળીબારની તપાસ હાથ ધરવામાં આવી છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ્યારે તળોજા જેલમાંથી થાણે જિલ્લાની કલ્યાણ લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે આરોપીનું પોલીસે કરેલા એન્કાઉન્ટરમાં મોત થયું

(જુઓ પાનું ૪) ▸▸

ગરવારે ક્લબમાં આવતી કાલે વુમન ઑન્ટ્રપ્રેન્યોર એક્ઝિબિશન

મુંબઈ: મહિલાઓ ઉદ્યોગ ક્ષેત્રે આગળ આવે એ અર્થે આયોજવમાં આવતું વુમન ઑન્ટ્રપ્રેન્યોર એક્ઝિબિશન ગરવારે ક્લબ હાઉસમાં ૭મી માર્ચે યોજાવાનું છે. આવું આ ૭મું એક્ઝિબિશન યોજનારી ગરવારે પ્રથમ ક્લબ છે જેણે મહિલાઓના સશક્તીકરણ માટે વિચારણા કરીને એ તરફ કદમ આગળ વધાર્યા છે.

રોટરી ક્લબ ઓફ બોમ્બે સીફેસ અને રોટરી ક્લબ ઓફ મુંબઈ મલબાર હિલના સથવારે ગરવારે ક્લબ હાઉસના બેન્કવેટ હોલમાં શુક્રવારે સવારે ૧૧થી ૭ વચ્ચે આ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં સભ્યો માટે સ્ટોલનું બુકિંગ હાથ ધરાયું હતું.

સેશન્સ કોર્ટનો એ આદેશ ગેરકાયદે: સરકારની અરજી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે હાઈ કોર્ટમાં અરજી કરી હતી કે બદલાપુર સ્કૂલના જાતીય હુમલા કેસમાં આરોપીના એન્કાઉન્ટરમાં મૃત્યુ માટે પાંચ પોલીસકર્મીઓને જવાબદાર ઠેરવતા મેજિસ્ટ્રેટનાં તારણોને સ્થગિત રાખવાના સેશન્સ કોર્ટના આદેશ સામે અરજી કરી હતી.

સરકારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે સેશન્સ કોર્ટનો આદેશ ખોટો અને ગેરકાયદે હતો અને ન્યાયાધીશે મેજિસ્ટ્રેટ અહેવાલનાં તારણોને સ્થગિત રાખવામાં ભૂલ કરી હતી.

સરકારે એવી દલીલ કરી હતી કે સેશન્સ કોર્ટ એ હકીકતને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગઇ હતી કે આરોપીના કથિત એન્કાઉન્ટર સંબંધિત મામલો હાઈ કોર્ટને

(જુઓ પાનું ૪) ▸▸

શિંદે કનેક્શન?: આદિત્ય ઠાકરે ફરી મળ્યા ફડણવીસને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું હતું ત્યારે શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષના નેતા અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી શિવસેના (યુબીટી) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વચ્ચે નજદીકી વધી રહી છે. શિયાળુ સત્ર દરમિયાન, ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે અને પક્ષના અન્ય વિધાનસભ્યો મુખ્ય પ્રધાનને મળ્યા હતા. હવે બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે આદિત્ય ઠાકરે મુખ્ય પ્રધાનને મળ્યા હતા. આ મુલાકાતનું કારણ પણ જાણવા મળ્યું છે.

વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું હતું ત્યારે વિધાનસભ્ય અને ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે મુખ્ય પ્રધાનને મળ્યા હતા. આ પ્રસંગે વિધાનસભ્ય વરુણ સરદેસાઈ અને સચિન આહિર પણ તેમની સાથે હતા. મુંબઈના કેટલાક મુદ્દાઓ અંગે તે બધા મુખ્ય પ્રધાનને મળ્યા હતા, એમ કહેવાઈ રહ્યું છે.

આ મુલાકાત પાંચથી દસ મિનિટ ચાલી હતી. ઠાકરેએ ફડણવીસ સાથે પોલીસ કોલોની અને મિલ કામદારોના ઘરોના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બંને નેતાઓ વચ્ચેની મુલાકાત વિધાનસભામાં ચર્ચાનો વિષય બની હતી.

બંને નેતાઓએ જાહેર બાંધકામ વિભાગને લગતા કેટલાક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. જાહેર બાંધકામ વિભાગ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ છે. મહાયુતિ સરકાર ૨.૦ સત્તામાં આવી ત્યારથી મુખ્ય પ્રધાન ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન શિંદે વચ્ચે સતત શીતયુદ્ધ ચાલી રહ્યું છે. ફડણવીસે મુખ્ય પ્રધાન બનતાની સાથે જ શિંદેએ મુખ્ય પ્રધાન હતા ત્યારે લીધેલા કેટલાક નિર્ણયો ઉલટાવી દીધા હતા. કેટલાક નિર્ણયો મુલતવી રાખવામાં આવ્યા હતા. તેથી, બંને નેતાઓ વચ્ચે છુપા સંઘર્ષની ચર્ચા થઈ રહી છે.

મુખ્ય પ્રધાન ફડણવીસ આગલી સરકારના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયોને સ્થગિત કરી રહ્યા છે અને કેટલાક નિર્ણયોની સમીક્ષા કરવાનો આદેશ આપી રહ્યા છે, ત્યારે ઠાકરેની શિવસેના મુખ્ય પ્રધાનના વખાણ કરી રહી છે. તેથી, એવી ચર્ચા છે કે ફડણવીસ અને ઠાકરે વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે. ઠાકરેની શિવસેના, જે શિંદેની આકરી ટીકા કરતી રહી છે, તે ફડણવીસની એટલી ટીકા કરતી હોય તેવું લાગતું નથી. ફડણવીસે પૂરતી સંખ્યા ન હોવા છતાં વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાનું પદ ઠાકરેની સેનાને આપ્યું છે. તેથી, એ જોવાનું ઉત્સુક છે કે વિપક્ષી નેતાઓ હવે કોના પર ધ્યાન કેન્દ્રિત કરશે

કોસ્ટલ રોડ પર હેલિપેડ?

હા, શક્ય છે: શિંદેના આદેશ પછી પાલિકા કન્સલ્ટન્ટ નીમશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાશ શિંદેના નિર્દેશ બાદ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈ કોસ્ટલ રોડ પર પ્રસ્તાવિત હેલિપેડ માટે વ્યાપક શક્યતાનો અભ્યાસ કરવા માટે કન્સલ્ટન્ટ નીમવાનો નિર્ણય લીધો છે. વરલી જેટ્ટીની જગ્યા પર હેલિપેડ બાંધી શકાય કે નહીં અને સુરક્ષા સહિત પર્યાવરણના નિયમનો અનુકૂળ હશે કે નહીં? એ સાથે જ આ જગ્યાનો મલ્ટિ-મોડલ પરિવહન માટે વરલી જેટીનો ઉપયોગ કરી શકાય કે નહીં તેનો કન્સલ્ટન્ટ અભ્યાસ કરશે.મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી, એ દરમ્યાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કોસ્ટલ રોડ પર હેલિપેડ બનાવવા બાબતે સૂચન કર્યું હતું. પાલિકાના

(જુઓ પાનું ૪) ▸▸

હોદ્દાઓ માટે મર્સિડીઝ

વિધાન પરિષદમાં નીલમ ગોર્હે સામે અવિશ્વાસ ઠરાવ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હે સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે વિપક્ષે નોટિસ આપી હોવાનું શિવસેના (યુબીટી) ના નેતા અનિલ પરબે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ૧૧ ધારાસભ્યો દ્વારા હસ્તાક્ષર કરાયેલી આ નોટિસ વિધાનસભા સચિવ જિતેન્દ્ર ભોલેને સુપરત કરવામાં આવી હતી અને તેની એક નકલ વિધાનસભા પરિષદના અધ્યક્ષ રામ શિંદેને પણ મોકલવામાં આવી છે. આ નોટિસમાં જણાવાયું છે કે શિવસેનાના સભ્ય ગોર્હેએ ગૃહનો વિશ્વાસ ગુમાવ્યો છે.

ગયા મહિને, ગોર્હેએ મરાઠી સાહિત્ય સંમેલનમાં સેના (યુબીટી) તરફથી આકરી પ્રતિક્રિયાઓ મેળવી હતી, જેમાં તેમણે દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની અવિભાજિત શિવસેનામાં હોદ્દાઓ ભ્રષ્ટ માધ્યમો દ્વારા મેળવવામાં આવ્યા હતા, જેમાં મર્સિડીઝ કાર ભેટ આપવાનો પણ સમાવેશ થાય છે. ગોર્હે એક સમયે ઠાકરેના વિશ્વાસુ તરીકે જાણીતા હતા. ૨૦૨૨ માં શિવસેનામાં ભાગલા પડ્યા પછી, તેમણે શરૂઆતમાં ઠાકરેનો પક્ષ લીધો હતો પરંતુ બાદમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સેનામાં જોડાઇ ગયા. ત્યારથી, સેના (યુબીટી) નેતાઓ અને ગોર્હે વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી. (પીટીઆઈ) ■

બીએમસીની ચૂંટણી લંબાશે: ઓબીસી અનામત કેસમાં સુપ્રીમ કોર્ટમાં તારીખ પડી

નવી દિલ્હી: મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત ૨૯ મહાનગરપાલિકા તથા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ઓબીસી અનામતનો મુદ્દો યથાવત્ છે અને તેનો ઉકેલ હજી સુધી આવ્યો નથી, એવી દલીલ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં હસ્તક્ષેપ અરજદારે કરી હતી, પરંતુ ઓબીસી અનામતનો વિષય પૂરો થયો હોવાનો દાવો મુખ્ય અરજદાર તથા સરકારે કર્યો હોવાથી મૂંઝવણ ઊભી થઇ હતી અને સુપ્રીમ કોર્ટ નારાજ પણ થઇ હતી. ત્યાર બાદ કોર્ટે તમામ હસ્તક્ષેપ અરજીઓ પરની માહિતી મગાવીને સુનાવણી છઠ્ઠી મે સુધી મુલતવી રાખી હતી.

મુંબઈ, થાણે પાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ રખડી પડી છે. આ ચૂંટણીઓ તાકીદે યોજવાની માગણીઓ કરવામાં આવી રહી છે. આ કેસની સુનાવણી વખતે મંગળવારે ઓબીસી અનામતનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે વોર્ડની પુનઃરચનાનો મુદ્દો રજૂ કરવાનો હતો, પરંતુ તે અગાઉ જ ઓબીસીનો મુદ્દો ઉઠાવવાને કારણે મૂંઝવણ ઊભી થઇ હતી. તેથી સુપ્રીમ કોર્ટે આ બાબતે સ્પષ્ટતા ન હોવા પર નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાર બાદ ઓબીસી અનામતની સ્થિતિ અંગેની અરજીઓ પરની સુનાવણી છઠ્ઠી મે સુધી મુલતવી રાખી હતી. ■

હવે ચોમાસા બાદ ચૂંટણીઓ યોજાશે?

ગત સુનાવણી વખતે ઓબીસી અનામતના મુદ્દાનો ઉકેલ આવ્યો હોવાનું કોર્ટને જણાવાયું હતું અને વોર્ડ રચના પર વિસ્તૃત દલીલ કરવાની તૈયારી દેખાડી હતી. તેથી ચૂંટણીઓ જલદીથી યોજાશે એવા સંકેત હતા, પરંતુ હવે ફરી ઓબીસી અનામતનો મુદ્દો ઉઠાવવામાં આવવાથી ચૂંટણીઓ રખડી પડવાની શક્યતા છે. હવે ચોમાસા બાદ જ ચૂંટણીઓ યોજાશે એવી શક્યતા છે.

રાજ્યના પ્રધાન માણિકરાવ કોકાટેને દોષી ઠેરવતા આદેશ સામે અદાલતનો સ્ટે

મુંબઈ: છેતરપિંડી અને બનાવટીના ૧૯૯૫ના કેસમાં મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેને દોષી ઠરાવતા આદેશ પર નાશિકની કોર્ટે બુધવારે સ્ટે મૂક્યો હતો.

સરકારી ક્વોટા હેઠળ ફ્લેટ મેળવવા માટે ખોટા દસ્તાવેજો રજૂ કરવાના કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટે વીસમી ફેબ્રુઆરીના એનસીપીના નેતા માણિકરાવ કોકાટે અને તેમના ભાઇ સુનીલ કોકાટેને દોષી ઠરાવી બે વર્ષની જેલની સજા સંભળાવી હતી. ત્યાર બાદ બન્ને ભાઇઓએ આ આદેશને પડકારતી અને તેના પર સ્ટે મૂકવાની માગણી સાથે ડિસ્ટ્રિક્ટ જજ-૧ અને એડિશનલ સેશન્સ (નાશિક) એન. વી. જિવાને સમક્ષ અરજી કરી હતી.

સેશન્સ કોર્ટે તેમની અરજીનો બુધવારે સ્વીકાર કર્યો હતો. વિસ્તૃત આદેશ અત્યાર સુધી ઉપલબ્ધ નથી.

ભૂતપૂર્વ પ્રધાન સ્વ. ટી. એસ. દિઘોલે દ્વારા કરાયેલી ફરિયાદના આધારે નોંધાયેલા ૧૯૯૫ના કેસમાં કોકાટે બંધુઓને દોષી ઠરાવવાની સાથે મેજિસ્ટ્રેટ કોર્ટે અન્ય બે જણ ને મુક્ત જાહેર કર્યા હતા.

તપાસકર્તા પક્ષના જણાવ્યા હેઠળ મુખ્ય પ્રધાનના ૧૦ ટકા ક્વોટા હેઠળ નાશિકમાં યેઉલકર માલા વિસ્તારના કોલેજ રોડ પર આવેલી ઇમારતમાં ઓછી આવક ધરાવતા ગ્રુપ હેઠળ કોકાટે ભાઇઓએ ફ્લેટ મેળવ્યા હતા. આ માટે તેઓએ ખોટા દસ્તાવેજો રજૂ કર્યા હતા. ■

જાલનામાં અધમ ક્રૂરતા: યુવાનને બેરહેમીથી માર્યા પછી ડામ દીધા

ઘટનાનો વીડિયો વાયરલ થતાં મુખ્ય આરોપીની ધરપકડ: ઓબીસી સમાજના યુવાન પર અત્યાચારથી ભડકેલા ગામવાસીઓનું વિરોધ પ્રદર્શન

જાલના: જાલના જિલ્લામાં બનેલી કાળજું કંપાવનારી ઘટનામાં જૂની અદાવતનું વેર વાળવા ઓબીસી સમાજના યુવાન સાથે બર્બરતા આચરવામાં આવી હતી. નિર્વસ્ત્ર કરી બેરહેમીથી ફટકાર્યા પછી સળિયો ગરમ કરીને યુવાનના શરીર પર ડામ દેવામાં આવ્યા હતા.

ઘટનાસ્થળે હાજર લોકોએ યુવાનને બચાવવાને બદલે મોબાઈલથી વીડિયો શૂટ કર્યા હતા. વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. જોકે આ ઘટનાને પગલે ભડકેલા ગામવાસીઓએ રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૨૬ ફેબ્રુઆરીએ બની હતી. યુવાન બોકરદાન તાલુકાના જાનેફળ ગામમાં મહાશિવરાત્રિ નિમિત્તે મંદિરમાં ભગવાનના દર્શને ગયો હતો, જ્યાં બે આરોપીએ તેને રોક્યો હતો. કહેવાય છે કે યુવાનનો મુખ્ય આરોપી સોનુ ઉર્ફે ભાગવત દૌડ અને તેના ભાઈ નવનાથ સાથે વિવાદ હતો.

રાતના સમયે બન્ને ભાઈએ મંદિરના પાછળના ભાગમાં યુવાનને પકડી પાડ્યો હતો અને તેની મારપીટ કરી હતી. આરોપીઓના સાથીઓએ યુવાનને ઘેરી રાખ્યો હતો. બાદમાં યુવાનને નિર્વસ્ત્ર કરવામાં આવ્યો હતો અને સળિયાથી ફટકારવામાં આવ્યો હતો. પછી ચૂલા પર સળિયાને ગરમ કરી યુવાનની જાંઘ, પેટ અને ઘૂંટણ પર ડામ દેવામાં આવ્યા હતા. આ બર્બરતા વીડિયોમાં નજરે પડે છે.નિર્દયતાથી કરાયેલી મારપીટને કારણે યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પારધ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંતોષ માનેએ જણાવ્યું હતું કે આ કેસમાં સોમવારે મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ફરાર તેના સાથીઓની શોધ હાથ ધરવામાં આવી હતી.

આ ઘટનાની અમુક વીડિયો ક્લિપ સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં અધર બેકવર્ડ ક્લાસ (ઓબીસી) કાર્યકર લક્ષ્મણ હાકે અને દીપક બોરાડે, પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડીના સ્થાનિક પદાધિકારીઓએ ગામવાસીઓ સાથે મંગળવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આરોપીઓને તાત્કાલિક પકડી પાડવાની માગણી તેમણે કરી હતી.

ભારત સામે ન્યૂ ઝીલૅન્ડ ફાઈનલમાં ટકરાશેઃ વિલિયમસન-રચિનની શાનદાર સદી

લાહોરઃ અહીં બુધવારે રમાયેલી બીજી સેમિફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડે દક્ષિણ આફ્રિકાને ....થી હરાવતા હવે ફાઇનલમાં તે ભારત સામે ટકરાશે.

દક્ષિણ આફ્રિકાના ટેમ્બા બવુમા (૫૬ રન) અને રસી વેન ડેર ડસેન (૬૯ રન)એ અડધી સદી કરી હતી. એડન માર્કરામ ૩૧ રન કરીને આઉટ થયો હતો. રચિન રવીન્દ્રએ પોતાની જ બૉલિંગમાં તેનો કેચ પકડ્યો હતો. પહેલી વિકેટ ૨૦ રને પડ્યા બાદ બીજી વિકેટની ભાગીદારીમાં સદી કરાઇ હતી.

કેન વિલિયમસન અને રચિન રવિન્દ્રની સદીઓની મદદથી ન્યૂ ઝીલેન્ડે ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઇનલ મેચમાં દક્ષિણ આફ્રિકાને જીતવા માટે ૩૬૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યૂ ઝીલેન્ડે ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૬૨ રન કર્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં આ સૌથી મોટો સ્કોર છે. તેઓએ ઓસ્ટ્રેલિયન ટીમને પાછળ છોડી દીધી હતી જેણે વર્તમાન ટૂર્નામેન્ટમાં ઇંગ્લેન્ડ સામે પાંચ વિકેટે ૩૫૬ રનનો સૌથી વધુ લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. જો દક્ષિણ આફ્રિકાએ ફાઇનલમાં પ્રવેશ મેળવવો હોય તો તેણે નવો ઇતિહાસ રચવો પડશે અને બધા જૂના રેકોર્ડ તોડવા પડશે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યૂ ઝીલેન્ડે વિલ યંગની વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. વિલ યંગ ૨૧ રન કરીને આઉટ થયો હતો. જોકે, આ પછી રચિન અને વિલિયમસને બીજી વિકેટ માટે ૧૬૪ રનની ભાગીદારી કરી હતી. દરમિયાન, રચિને તેની વનડે કારકિર્દીની પાંચમી સદી પણ ફટકારી હતી. રચિન સદી ફટકાર્યા બાદ આઉટ થયો હતો. તેણે ૧૦૧ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૦૮ રન ફટકાર્યા હતા. આ પછી વિલિયમસને પણ ઇનિંગ્સને આગળ વધારી અને પોતાની વનડે કારકિર્દીની ૧૫મી સદી ફટકારવામાં સફળતા મેળવી હતી. વિલિયમસન ૯૪ બોલમાં ૧૦ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૦૨ રન કરીને આઉટ થયો હતો.

વિલિયમસન અને રચિનના આઉટ થયા પછી ટોમ લાથમ ચાર રન કરીને આઉટ થયો. જોકે, ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સે શાનદાર ભાગીદારી કરી અને ટીમનો સ્કોર ૩૦૦ ને પાર પહોંચાડ્યો હતો. મિશેલ અડધી સદી ચૂકી ગયો અને ૩૭ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૯ રન કરીને આઉટ થયો હતો. દરમિયાન માઈકલ બ્રેસવેલે ૧૨ બોલમાં ૧૬ રનનું યોગદાન આપ્યું હતું. ફિલિપ્સ અંત સુધી રહ્યો અને ૨૭ બોલમાં છ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૪૯ રન ફટકાર્યા હતા. કેપ્ટન મિશેલ સેન્ટનર બે રન કરીને અણનમ રહ્યો હતો. દક્ષિણ આફ્રિકા તરફથી લુંગી એનગિડીએ સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે કગીસો રબાડાએ બે અને વિઆન મુલ્ડરે એક વિકેટ લીધી હતી. ■

રનઃ પાકિસ્તાનના લાહોરસ્થિત ગદાફી સ્ટેડિયમ ખાતે બુધવારે ન્યૂ ઝીલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી આઈસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલ દરમિયાન રન બનાવ્યા બાદ ઉજવણી કરી રહેલા ન્યૂ ઝીલૅન્ડના ખેલાડી વિલ યન્ગ(જમણે) અને રાચિન રવીન્દ્ર. (એજન્સી)

ફિલ્ડિંગઃ પાકિસ્તાનના લાહોરસ્થિત ગદાફી સ્ટેડિયમ ખાતે બુધવારે ન્યૂ ઝીલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી આઈસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલ દરમિયાન આફ્રિકાના વિઆન મડલરે સુંદર ફિલ્ડિંગ કરી બૉલ અટકાવ્યો હતો. (એજન્સી)

ભારતે પાકિસ્તાન પછી લાહોરના સ્ટેડિયમને પણ ટૂર્નામેન્ટની બહાર ફેંકી દીધું

દુબઈઃ ભારતે મંગળવારે સેમિ ફાઈનલમાં વન-ડેના વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાને ૧૧ બોલ અને ચાર વિકેટ બાકી રાખીને પરાસ્ત કરીને ચેમ્પિયન્સ ટ્રોફીની બહાર કરી દીધું એ અગાઉ ૨૩મી ફેબ્રુઆરીએ ભારતે મુખ્ય યજમાન પાકિસ્તાનને પછડાટ આપીને સ્પર્ધાની બહાર ફેંકી દીધું હતું અને હવે એના શહેર લાહોરને પણ ટૂર્નામેન્ટમાંથી આઉટ કરી દીધું છે.

વાત એમ છે કે ભારત આ ટૂર્નામેન્ટની રવિવારની ફાઇનલમાં પહોંચી ગયું હોવાથી હવે ફાઈનલ દુબઈમાં જ રમાશે. જો ભારત ફાઇનલમાં ન ગયું હોત તો ફાઇનલ મોટા ભાગે લાહોરમાં રમાવાની હતી. જોકે મંગળવારે વર્લ્ડ ચેમ્પિયન ઑસ્ટ્રેલિયાને ફાઇનલમાં માત આપીને ભારતે ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી હતી.

પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીનું મુખ્ય યજમાન હોવા છતાં એને ત્યાં ફાઈનલ નહીં રમાય. પાકિસ્તાનની આબરૂના તો ધજાગરા થયા જ છે, યજમાન દેશની પોતાની જ ધરતી પર ફાઇનલ ન રમાવાની હોય એવું

ખાલી સ્ટેડિયમઃ પાકિસ્તાનના લાહોરસ્થિત ગદાફી સ્ટેડિયમ ખાતે બુધવારે ન્યૂ ઝીલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી આઈસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલ દરમિયાન ખાલી સ્ટેન્ડમાંથી મૅચ નિહાળી રહેલો એકમાત્ર પ્રેક્ષક. (એજન્સી)

આઇસીસી ટૂર્નામેન્ટોના ઇતિહાસમાં પહેલી જ વખત બની રહ્યું છે. 'ધાર્યું તો ધણીનું જ થાય' એ કહેવત અહીં ફિટ બેસે એવી છે. ભારતીય ટીમ પોતાની તમામ મેચો દુબઈમાં જ રમશે એવું અગાઉથી જ બીસીસીઆઈએ આઈસીસી સાથે મળીને નક્કી કર્યું હતું. એ જોતાં હવે ભારત ફાઇનલમાં આવી ગયું હોવાથી ફાઇનલ પણ દુબઈમાં જ રમાવાની છે. ભારતમાં આતંકવાદીઓને ઘુસાડતું અને ભારતની ધરતી પર આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરતા પાકિસ્તાનનું ફરી એકવાર નાક કપાયું છે.

ત્રણ દિવસ પછીની ફાઈનલ માટે દુબઈ નક્કી થઈ જતા હવે લાહોરના ગદાફી સ્ટેડિયમ પર ચોકડી મુકાઈ ગઈ છે. ન્યૂ ઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચેની લાહોરની બીજી સેમિ ફાઇનલ પાકિસ્તાનની ધરતી પર આ સ્પર્ધાની છેલ્લી મેચ હતી.

પાકિસ્તાને ૧૧૭ દિવસમાં ૧,૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે લાહોરના સ્ટેડિયમનું ઇનોવેશન કર્યું હતું. ત્યાં પાકિસ્તાનની ટીમને એક પણ મેચ તો ન રમવા મળી, પોતાના શ્રેષ્ઠ મનાતા સ્ટેડિયમોમાં ત્રણ મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. પાકિસ્તાન આ સ્પર્ધાનું મુખ્ય યજમાન હોવા છતાં પહેલી સેમિ ફાઇનલ મંગળવારે પાકિસ્તાનની બહાર (દુબઈમાં) રમાઈ હતી.

સોશિયલ મીડિયામાં પાકિસ્તાનની ખૂબ મજાક ઉડાવવામાં આવી રહી છે. 'હોસ્ટ હો કે ભી હોસ્ટ નહીં' એવી ટિપ્પણી મીમ્સમાં દુબઈની ફાઈનલને અનુલક્ષીને થઈ રહી છે અને એવા પણ અહેવાલો છે કે ફાઇનલ લાહોરમાં ન રમાવાની હોવાથી પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે આર્થિક રીતે બહુ મોટું નુકસાન ભોગવવું પડશે. ■

ટીમે હજુ સુધી પરફેક્ટ રમત રમી નથી, આશા છે કે ફાઇનલમાં એ જોવા મળશેઃ ગૌતમ ગંભીર

દુબઇઃ ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચવા છતાં તેમની ટીમે હજુ સુધી ''પરફેક્ટ રમત'' રમી નથી અને તેમને આશા છે કે રવિવારે ફાઇનલમાં આ રમત જોવા મળશે. નોંધનીય છે કે ભારતે પ્રથમ સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવ્યું જેમાં સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ૮૪ રન ફટકાર્યા હતા.

મેચ પછી પત્રકાર પરિષદમાં ગંભીરે કહ્યું હતું કે, ''આંતરરાષ્ટ્રીય મેચમાં તમારે સતત વધુ સારું પ્રદર્શન કરવા માંગો છો. તમે એવું નથી કહી શકતા કે તમે સંપૂર્ણપણે પરફેક્ટ રમત રમી છે. હજુ સુધી અમે પરફેક્ટ પ્રદર્શન કર્યું નથી. હું ક્યારેય પ્રદર્શનથી સંતુષ્ટ નથી.'' તેમણે આશા વ્યક્ત કરી કે ભારતીય ટીમ ૯ માર્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં આ કરી શકશે.

તેમણે કહ્યું હતું કે, ''અમારે હજુ એક મેચ રમવાની છે. ''આશા છે કે તે પરફેક્ટ રમત હશે. અમે સતત સારું પ્રદર્શન કરવા માંગીએ છીએ અને ક્રિકેટના મેદાન પર નિર્દયી અને મેદાનની બહાર નમ્ર રહેવા માંગીએ છીએ.''

ભારતે ચાર સ્પિનરોને મેદાનમાં ઉતારવા, અક્ષર પટેલને પાંચમા નંબરે અને કેએલ રાહુલને છઠ્ઠા નંબરે મોકલવા જેવા બોલ્ડ નિર્ણયો પણ લીધા હતા. ગંભીર માટે વ્યૂહરચનામાં આ નાના ફેરફારો ખેલાડીઓને તેમના કમ્ફર્ટ ઝોનથી બહાર રાખીને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવા માટે જરૂરી છે.

ગંભીરે કહ્યું, ''ક્રિકેટનો અર્થ છે તમારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું. આ રીતે તમે સફળ થશો. જો દરેક વ્યક્તિ કમ્ફર્ટ ઝોનમાં રહેશે, તો જડતા આવી જશે. અમારા ડ્રેસિંગ રૂમમાં દરેક વ્યક્તિ પોતાના કમ્ફર્ટ ઝોનથી બહાર રહે છે, પછી ભલે તે કોચિંગ સ્ટાફ હોય કે ખેલાડીઓ અને ભારતીય ક્રિકેટ માટે જે મહત્ત્વપૂર્ણ છે તે કરવાનું ચાલુ રાખશે. ભૂતપૂર્વ ભારતીય ઓપનરે કહ્યું કે તે ચેમ્પિયન્સ ટ્રોફી પછી ભવિષ્યની રણનીતિ બનાવશે. ■

મહિલા પ્રીમિયર લીગઃ ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહી છે યુપી વોરિયર્સ અને મુંબઇનો આજે સામનો

લખનઊઃ મહિલા પ્રીમિયર લીગમાં ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલી ઉત્તર પ્રદેશ વોરિયર્સનો સામનો ગુરુવારે મુંબઇ ઇન્ડિયન્સ સામે થશે. સતત બે મેચ હાર્યા બાદ યુપી વોરિયર્સની પ્લેઓફમાં પહોંચવાની આશા આ મેચ પર નિર્ભર છે. ઇકાના સ્ટેડિયમ ખાતે રમાયેલી છેલ્લી મેચમાં ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્સને મોટા માર્જિનથી હરાવ્યું હતું.

૮૧ રનની મળેલી હારથી તેઓ પોઇન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને પહોંચી ગયા છે અને તેમનો રન રેટ પણ ઘટ્યો છે. હવે ફક્ત બે મેચ બાકી છે અને તેમને સતત ત્રીજી હાર ટાળવી પડશે. લખનઊમાં મહિલા પ્રીમિયરની પહેલી મેચમાં બેથ મૂનીએ શાનદાર બેટિંગ કરી અને ગુજરાત જાયન્ટ્સને પાંચ વિકેટે ૧૮૬ રનના સ્કોર સુધી પહોંચી હતી. જે આ સીઝનનો ત્રીજો સૌથી મોટો સ્કોર છે. જવાબમાં વોરિયર્સના બેટ્સમેન સાવ નિષ્ફળ રહ્યા હતા. જ્યોર્જિયા વોલને ત્રીજા નંબરે બેટિંગ માટે મોકલવાનો તેમનો પ્રયોગ પણ નિષ્ફળ રહ્યો હતો. ટીમે દસ ઓવરમાં ૪૮ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. ટોચના છ બેટ્સમેનમાંથી ફક્ત એક જ બેટ્સમેન બે આંકડા સુધી પહોંચી શકી હતી. વેસ્ટ ઈન્ડિઝના ચિનેલ હેનરીએ ૧૪ બોલમાં ૨૮ રન કરીને ટીમને ૧૦૦ રનનો આંકડો પાર કરાવ્યો પરંતુ આખી ટીમ ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હેનરીએ આ સીઝનમાં અત્યાર સુધીમાં ૨૦૯થી વધુના સ્ટ્રાઇક રેટથી ૧૩૮ રન ફટકાર્યા છે. તે ઝડપથી રન બનાવવામાં સફળ રહી છે. યુપી ટીમ ફરીથી વોલને ઓપનિંગમાં મોકલી શકે છે. મિડલ ઓર્ડરમાં ગ્રેસ હેરિસની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. કેપ્ટન દીપ્તિ શર્મા બેટિંગમાં નિષ્ફળ રહી છે. મુંબઈ ઈન્ડિયન્સની સ્થિતિ વધુ સારી છે અને તેઓ છ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. તેની પાસે ટોચ પર પહોંચવાની અને સીધી ફાઇનલમાં પહોંચવાની તક છે. ડબલ્યૂપીએલમાં ટોચની ટીમ સીધી ફાઇનલમાં પહોંચે છે જ્યારે બીજા અને ત્રીજા ક્રમે રહેલી ટીમો એલિમિનેટર રમે છે. મુંબઈને હજુ ત્રણ વધુ મેચ રમવાની છે, તેથી તેનું ધ્યાન ટોચ પર પહોંચવા પર રહેશે. આ માટે કેપ્ટન હરમનપ્રીત કૌરે મોટી ઇનિંગ રમવી પડશે. નેટ સાયવર બ્રન્ટને પણ પોતાના પ્રદર્શનમાં સાતત્ય લાવવું પડશે. ■

યુએઈ 'ક્રિકેટ ફ્રેન્ડલી નેશન' ન હોવા છતાં ક્રિકેટમાં શા માટે કરે છે રોકાણ?

દુબઈઃ ભારતીય ક્રિકેટરોને દુબઈ ખૂબ ફળ્યું છે. ન્યૂ ઝીલેન્ડની મજબૂત ટીમને હરાવ્યા બાદ ટીમ ઈન્ડિયાએ મંગળવારે દુબઈમાં જ વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને માત આપીને સતત ત્રીજી વાર ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો.

દુબઈ ક્રિકેટ કન્ટ્રી નહીં હોવા છતાં ક્રિકેટમાં એના રોકાણ અંગે રસપ્રદ વાતો જાણવા મળે છે. ઑસ્ટ્રેલિયા સામે જીતીને ભારત આ ટૂર્નામેન્ટમાં ફાઇનલની હેટ-ટ્રિક કરવાનો ઈતિહાસ રચ્યો ત્યારે યુએઈ ક્રિકેટ વિશેની મહત્ત્વની વાતો જાણીએ. યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)માં ભારતીય ટીમને રમવાનો ઘણાં વર્ષોનો અનુભવ છે. એક જમાનામાં શારજાહમાં ભારતના ખેલાડીઓ ચોક્કા-છગ્ગા મારતા જોવા મળતા હતા, પરંતુ યુએઈમાં સટ્ટાનું પ્રમાણ વધ્યા પછી ક્રિકેટ ક્રેઝ ધીમે ધીમે ઘટ્યો હતો. ૨૦૦૧માં તો ભારતે રમવાની મનાઈ કરી હતી. એવું પણ કહેવાય છે કે શારજાહમાં સૌથી વધુ વન-ડે મેચનું આયોજન કરવા માટે ગિનેસ બુક ઑફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હતું. જાણીએ દુબઈના ક્રિકેટ કનેક્શનની અજાણી વાતો... ■

આઈસીસીનું હેડ ક્વોર્ટર દુબઈમાં

યુએઈ ક્રિકેટની મોટી મોટી ટૂર્નામેન્ટ માટે ફરી યજમાની કરી રહ્યું છે અને હવે અનેક ઈવેન્ટ દુબઈમાં યોજાય છે, પરંતુ યુએઈ ક્રિકેટ ફ્રેન્ડલી નેશન નહીં હોવા છતાં ક્રિકેટમાં શા માટે કરે છે રોકાણ અને ફાયદો પણ થાય છે. યુએઈનો ભલે ક્રિકેટમાં કોઈ ઈતિહાસ રહ્યો ના હોય અને ક્રિકેટની પિચ પર યુએઈનું કોઈ સારું પ્રદર્શન પણ નોંધાયું નથી, પરંતુ ક્રિકેટનો અનુભવ વધારે કર્યો છે. ક્રિકેટમાં દુબઈનું ઇન્ટરનેશનલ સ્ટેડિયમ જગવિખ્યાત છે. યુએઈમાં પાંચ સ્ટેડિયમ છે, જ્યારે ક્રિકેટની સૌથી મહત્ત્વની સંસ્થા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે આઈસીસીનું હેડ ક્વોર્ટર થોડાં વર્ષોથી લંડનના બદલે દુબઈમાં આવી ગયું છે.

દુબઈ કેટલી કરી રહ્યું છે કમાણી?

રિપોર્ટ અનુસાર રમતગમત ક્ષેત્રમાં વર્ષે ચાર અબજ યુએઈ દિનાર (૨૦૨૧ના આંકડા)થી વધુ યોગદાન આપ્યું હતું, જે એક અબજ ડોલરથી વધુ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં પણ ૧૦ અબજ ડોલરથી વધુ થઈ શકે છે, પરંતુ એના સત્તાવાર આંકડા મળ્યા નથી. દુબઈ સ્પોર્ટ્સ કાઉન્સિલના અહેવાલ અનુસાર હવે સ્પોર્ટસમાં ૨૦,૦૦૦ લોકો કામ કરી રહ્યા છે, જ્યારે આ ક્ષેત્ર સાથે ૧.૫ મિલિયનથી વધુ લોકો જોડાયેલા છે. આ વર્ષે લગભગ ૪૫ મિલિયન ડોલરની આવક થવાની અપેક્ષા છે, જ્યારે ડિજિટલ રાઈટ્સને કારણે આવકમાં વધારો થશે.

રોજગારીના સર્જન સાથે અર્થવ્યવસ્થાને ફાયદો

૨૦૨૫થી ૨૦૨૯ સુધીમાં દર વર્ષે ૧.૧૮ ટકાના હિસાબથી રોજગારમાં વધારો થશે. બીજા એક અહેવાલ અનુસાર સંયુક્ત આરબ અમિરાતે ક્રિકેટને લઈ ૧.૭ અબજ ડોલરથી વધુ ખર્ચ કર્યો હતો અને સીધા સ્પોર્ટસમાંથી ૪૨૦ મિલિયન ડોલરની કમાણી કરી હતી. એની સાથે શોપિંગ અને હોસ્પિટાલિટી (આગતા-સ્વાગતા તથા મહેમાનગતિ)ને કારણે ૬૨૦ મિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. એના સિવાય નવા રોજગારોના નિર્માણને કારણે અર્થવ્યવસ્થાને પણ ફાયદો થયો હતો.

૨૦૨૧ પછી ફરી દુબઈને મળ્યું પ્રોત્સાહન

વર્ષ ૨૦૨૧ પછી દુબઈમાં ફરી ક્રિકેટનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. દુબઈ અનેક ઈન્ટરનેશનલ મેચોની સાથે અનેક ક્રિકેટ લીગનું પણ આયોજન કરે છે. ૨૦૨૧માં દુબઈ ક્રિકેટને મળ્યો હતો બુસ્ટર ડોઝ, જ્યારે આઈપીએલનો એક ભાગ યુએઈમાં ટ્રાન્સફર કર્યો હતો. એ વખતે યુઈએ બૉર્ડે એ ટૂર્નામેન્ટ મારફત ૨૫ મિલિયન ડોલરની કમાણી કરી હતી. ત્યાર પછી અનેક ઈન્ટરનેશનલ મેચનું પણ આયોજન કર્યું હતું. દુબઈમાં ક્રિકેટનું પ્રમાણ વધ્યું હતું જેના માટે દુબઈમાં આફ્રિકા, એશિયા, યુરોપ અને મિડલ ઈસ્ટના લોકો રહે છે.

ભારત અને પાકિસ્તાન જો પોતપોતાના આંગણે હરીફ ટીમને બોલાવી ન શકતા હોય તો તેમના માટે દુબઈ સેકન્ડ-હોમ જેવું છે. ■

ભારતના દિગ્ગજ ટેબલ ટેનિસ ખેલાડી શરથ કમલે જાહેર કરી નિવૃત્તિ, કોમનવેલ્થ ગેમ્સમાં જીત્યા છે ૧૩ મેડલ

ચેન્નઇઃ ભારતના મહાન ટેબલ ટેનિસ ખેલાડી અચંત શરથ કમલે નિવૃત્તિની જાહેરાત હતી. તેમણે બુધવારે જાહેરાત કરી હતી કે આ મહિનાના અંતમાં ચેન્નઈમાં યોજાનારી ડબલ્યૂટીટી કન્ટેન્ડર ટુર્નામેન્ટ પ્રોફેશનલ ખેલાડી તરીકે તેમની છેલ્લી ટુર્નામેન્ટ હશે. વર્લ્ડ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૫ થી ૩૦ માર્ચ દરમિયાન રમાશે.

૪૨ વર્ષીય શરથ કમલે કહ્યું હતું કે 'મેં મારી પહેલી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ ચેન્નઈમાં રમી હતી અને હું મારી છેલ્લી ટુર્નામેન્ટ પણ ચેન્નઈમાં રમીશ.' આ મારી પ્રોફેશનલ ખેલાડી તરીકેની છેલ્લી ટુર્નામેન્ટ હશે.

ગયા વર્ષે પેરિસમાં પોતાનો પાંચમો અને છેલ્લો ઓલિમ્પિક રમનાર આ અનુભવી ખેલાડીએ કહ્યું હતું કે, 'મેં કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં મેડલ જીત્યા છે.' હું ઓલિમ્પિક મેડલ જીતી શક્યો નથી. તેમણે કહ્યું હતું કે, 'આશા છે કે આવનારી યુવા પ્રતિભાઓ દ્વારા હું મારું સ્વપ્ન પૂર્ણ કરી શકીશ.'

શરથ કમલે ૧૬ વર્ષ પછી ૨૦૨૨ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં મેન્સ સિંગલ ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ પહેલા તેમણે ૨૦૦૬માં મેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. કોમનવેલ્થ ગેમ્સમાં શરથનો આ એકંદરે સાતમો ગોલ્ડ મેડલ હતો. બર્મિંગહામમાં ત્રણ ગોલ્ડ ઉપરાંત, શરથે ૨૦૦૬માં મેન્સ સિંગલ્સ અને મેન્સ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ, ૨૦૧૦માં મેન્સ ડબલ્સમાં ગોલ્ડ અને ૨૦૧૮માં મેન્સ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો. આ ઉપરાંત તેમણે ૨૦૧૦માં બે બ્રોન્ઝ મેડલ, ૨૦૧૪ અને ૨૦૧૮માં એક-એક સિલ્વર અને ૨૦૨૨માં એક સિલ્વર મેડલ જીત્યો છે. શરથે કોમનવેલ્થ ગેમ્સમાં કુલ ૧૩ મેડલ જીત્યા છે.

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના સૌથી સફળ ખેલાડીઓમાં શરથ ત્રીજા ક્રમે છે. તેમના કરતાં વધુ મેડલ ફક્ત જસપાલ રાણા (શૂટિંગ) અને સમરેશ જંગ (શૂટિંગ) એ જીત્યા છે. કોમનવેલ્થ ગેમ્સમાં જસપાલના નામે ૧૫ મેડલ (૯ ગોલ્ડ) છે અને સમરેશે ૧૪ મેડલ (૭ ગોલ્ડ) જીત્યા છે.

કોમનવેલ્થ ગેમ્સ ઉપરાંત, શરથે એશિયન ગેમ્સમાં બે મેડલ જીત્યા છે. શરથ કમલે ૨૦૧૮ જકાર્તા એશિયન ગેમ્સમાં પુરુષોની ટીમ અને મિશ્ર ડબલ્સ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત તેણે એશિયન ચેમ્પિયનશિપમાં બે બ્રોન્ઝ મેડલ પણ જીત્યા છે. ૨૦૨૧ દોહા એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ જીત્યો હતો. ■

ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલ બાદ રેન્કિંગમાં પણ ચમક્યો વિરાટ, ઐય્યરને પણ થયો ફાયદો

દુબઇઃ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર વિરાટ કોહલીને તાજેતરની આઇસીસી વન-ડે રેન્કિંગમાં જોરદાર ફાયદો થયો છે. તે એક સ્થાનની છલાંગ લગાવીને ટોપ-૫માં પહોંચી ગયો છે. આ સાથે જ સેમિફાઇનલ મેચમાં કોહલી સાથે ૯૧ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરનાર શ્રેયસ ઐય્યરે પણ છલાંગ લગાવી છે અને તે આઠમા સ્થાને પહોંચી ગયો છે.

નવી આઇસીસી વન-ડે રેન્કિંગમાં ટોચના ૧૦માં ચાર ભારતીયો સામેલ છે. સ્ટાર બેટ્સમેન શુભમન ગિલ ૭૯૧ રેટિંગ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. બાબર આઝમને પાછળ છોડીને તે ગયા અઠવાડિયે ટોચ પર પહોંચ્યો હતો. વિરાટ કોહલી ચોથા સ્થાન પર છે. આ સાથે જ કેપ્ટન રોહિત શર્માને બે સ્થાનનું નુકસાન થયું છે, પરંતુ તે ટોપ પાંચમાં સામેલ છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે બીજા સૌથી વધુ રન કરનાર શ્રેયસ ઐય્યર (૧૯૫ રન) એક સ્થાનની છલાંગ લગાવવામાં સફળ રહ્યો હતો.

વિરાટ કોહલી વર્તમાન ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન ફટકારવા મામલે ત્રીજા ક્રમે છે. તેણે ૭૨.૩૩ની એવરેજ અને ૮૩.૧૪ની સ્ટ્રાઈક રેટથી ૨૧૭ રન ફટકાર્યા છે. તેણે પાકિસ્તાન સામે અણનમ સદી ફટકારી હતી. આ સાથે જ અફઘાનિસ્તાનના બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાનને ઈંગ્લેન્ડ સામે ૧૭૭ રનની શાનદાર ઈનિંગ રમવાનો ફાયદો થયો છે. તે ૧૩ સ્થાનની છલાંગ લગાવીને ટોપ ૧૦મા પહોંચી ગયો છે.

ભારતના અક્ષર પટેલને ઓલરાઉન્ડરોની રેન્કિંગમાં મોટો ફાયદો થયો છે. તે ૧૭ સ્થાનની છલાંગ લગાવીને ૧૩મા સ્થાને પહોંચી ગયો છે. ટોપ ૧૦મા રવીન્દ્ર જાડેજા સિવાય કોઈ ભારતીય ખેલાડી સામેલ નથી. તે ૨૧૩ રેટિંગ પોઈન્ટ સાથે નવમા સ્થાને યથાવત છે. આ સાથે જ અફઘાનિસ્તાનનો અઝમતુલ્લા ઓમરઝાઈ બે સ્થાનની છલાંગ લગાવી ટોપ ઓલરાઉન્ડર બની ગયો છે. ■

ચેમ્પિયન્સ ટ્રોફીઃ ભારત સામે હાર બાદ નિરાશ ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટીવ સ્મિથ, વન-ડેમાંથી લીધી નિવૃત્તિ

દુબઈઃ ઓસ્ટ્રેલિયાના કાર્યકારી કેપ્ટન અને મુખ્ય બેટ્સમેન સ્ટીવ સ્મિથે બુધવારે ચેમ્પિયન્સ ટ્રોફી સેમિફાઇનલમાં ભારત સામે મળેલી હાર બાદ વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. જોકે સ્ટીવ સ્મિથ ટેસ્ટ અને ટી-૨૦ રમવાનું ચાલુ રાખશે.

ઇજાગ્રસ્ત પેટ કમિન્સની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરનાર ૩૫ વર્ષીય સ્મિથે સેમિફાઇનલ મેચમાં ૯૬ બોલમાં ૭૩ રન ફટકાર્યા હતા. ભારત સામે ચાર વિકેટથી હાર બાદ તેણે પોતાના સાથી ખેલાડીઓને પોતાના નિર્ણયની જાણકારી આપી હતી. સ્મિથે કહ્યું હતું કે, 'મને લાગે છે કે આ બીજાઓ માટે રસ્તો બનાવવાનો યોગ્ય સમય છે. આ એક અદભુત સફર રહી છે અને મેં તેની દરેક ક્ષણનો આનંદ માણ્યો છે. અમારી પાસે ઘણી મીઠી યાદો હતી. આટલા મહાન સાથી ખેલાડીઓ સાથે બે વર્લ્ડ કપ જીતવા એ શાનદાર હતું.'

ઓસ્ટ્રેલિયાની ૨૦૧૫ અને ૨૦૨૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય સ્મિથને ૨૦૧૫ અને ૨૦૨૧માં આઇસીસીના વન-ડે પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ૨૦૧૫માં તેને આઈસીસી મેન્સ વનડે ટીમ ઓફ ધ યરમાં પસંદ કરવામાં આવ્યો હતો. તે ૨૦૧૫માં કેપ્ટન બન્યો હતો અને છેલ્લી મેચમાં પણ કેપ્ટનશિપ કરી હતી.

સ્મિથે કહ્યું હતું કે, 'હવે લોકો માટે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે તૈયારી શરૂ કરવાનો સમય છે, તેથી મને લાગ્યું કે અન્ય લોકો માટે રસ્તો બનાવવાનો આ યોગ્ય સમય છે.' તેણે કહ્યું હતું કે, ટેસ્ટ ક્રિકેટ પ્રાથમિકતા છે અને હું વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ માટે ઉત્સાહિત છું. આ પછી આપણે વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ સામે રમવાનું છે. મને લાગે છે કે હું હજુ પણ યોગદાન આપી શકું છું.'

૨૦૧૦માં લેગ-સ્પિન ઓલરાઉન્ડર તરીકે ડેબ્યૂ કર્યા પછી સ્મિથે ઓસ્ટ્રેલિયા માટે ૧૭૦ વનડે મેચમાં ૪૩ વિકેટ ઝડપી છે. તે સિવાય તેણે ૧૨ સદી સાથે ૫૮૦૦ રન ફટકાર્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગ અને પસંદગી સમિતિના ચેરમેન જ્યોર્જ બેઇલીએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં સ્મિથના યોગદાનની પ્રશંસા કરી હતી. ગ્રીનબર્ગે કહ્યું હતું કે, 'સ્ટીવને એક શાનદાર વન-ડે કારકિર્દી બદલ અભિનંદન, જેમાં તેણે ઓસ્ટ્રેલિયાના ફોર્મેટમાં પ્રદર્શનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.' પોતાની છેલ્લી વનડે ઇનિંગ્સ સુધી તેણે બધી પરિસ્થિતિઓમાં રન ફટકારવાની ક્ષમતા દર્શાવી હતી.''

બેઇલીએ કહ્યું હતું કે, ''અમે સ્ટીવના નિર્ણયને સમજીએ છીએ અને તેની સાથે છીએ. બેટ્સમેન તરીકે તેમનો રેકોર્ડ ઉત્તમ રહ્યો છે. બે વાર વર્લ્ડ કપ જીત્યા બાદ તે આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે અને તેનું નામ ઓસ્ટ્રેલિયાના મહાન વનડે ક્રિકેટરોમાં સામેલ થશે. ■

લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

એ છોકરીને દુનિયામાં પોતાનું નામ કરવું હતું



નામઃ બછેન્દ્રી પાલ
સમયઃ ૨૩ મે, ૨૦૧૮
સ્થળઃ જમશેદપુર
ઉંમરઃ ૬૪ વર્ષ
ભાગઃ ૧

જમશેદપુરના ટાટા સ્ટીલ સાથે મારી ૩૪ વર્ષની સેવા આજે પૂરી થાય છે... ૬૪ વર્ષની ઉંમર સુધી મેં વર્ષના ૩૬૫ દિવસ કામ કર્યું છે એમ કહું તો ખોટું નથી! ૩૦ વર્ષની ઉંમરે મેં અહીં નોકરી સ્વીકારી. ટાટા સ્ટીલ તરફથી મને આમંત્રણ આપવામાં આવ્યું, અહીં આવીને એમના એડવેન્ચર ફાઉન્ડેશનનો વિકાસ કરવા માટે એમને એક ઈન્સ્ટ્રક્ટરની જરૂર હતી... પરંતુ, આ પદ એક મહિલાને મળશે એવું કદાચ કોઈએ ક્યારેય નહોતું વિચાર્યું. સાહસ અને ભારતીય મહિલાને એકબીજા સાથે ઝાઝો સંબંધ નથી રહ્યો! એક દીકરીના જન્મની સાથે જ દેશમાં એના માતા-પિતા દીકરીના લગ્ન માટે દહેજ ભેગું કરવા માંડે એ દેશની દીકરી સાહસ કે શિક્ષણનો વિચાર પછી કરે, સેવા અને સમર્પણનો વિચાર પહેલાં કરે! અમારો-દીકરીઓનો ઉછેર જ એ રીતે કરવામાં આવે છે કે, એણે તો કોઈના ઘેર જઈને પોતાના પતિ અને સાસરિયાની સેવા કરવાની, સંતાનોને જન્મ આપવાનો અને એમાં જ પોતાના જીવનની ધન્યતાનો અનુભવ કરવાનો... પણ, હું એવી નહોતી. મારી મમ્મી મને હંમેશાં કહેતી, 'તારું આ તોફાન ક્યારે અટકશે?' મારા પિતાનું નામ કિશન પાલ સિંઘ અને મારી માનું નામ હંસાદેવી. ઉત્તરકાશી નજીક આવેલા એક નાનકડા ગામ નાકુરીમાં મારો જન્મ થયો. અમે કુલ પાંચ ભાઈ-બહેન હતાં. બધા ડાહ્યાં... એક હું જ જરા જુદી હતી. ભણવામાં હોંશિયાર એટલે મારા માતા-પિતાને લાગતું હતું કે, હું સારી કારકિર્દી બનાવીશ જોકે, નાકુરી ગામમાં કઈ બહુ સારી શાળા નહોતી, પણ અમારા શિક્ષકો ખૂબ સારા હતા. નાનકડી શાળાના એ પ્રતિબદ્ધ-નિષ્ઠાવાન શિક્ષકો પાસે કદાચ બહુ દીર્ઘદ્રષ્ટિ નહોતી, પરંતુ એમાંથી કેટલાક શિક્ષકોને એટલું ચોક્કસ સમજાતું હતું કે, હું બીજા બાળકો કરતાં તેજસ્વી અને જુદી હતી. મારી માઈને સતત મારી ચિંતા રહેતી. એમને લાગતું કે, મારા તોફાનોને કારણે હું મારો હાથ કે પગ તોડી બેસીશ તો મારી સાથે કોઈ લગ્ન નહીં કરે! આજે વિચારું છું તો સમજાય છે કે, એની જગ્યાએ એ જે વિચારતી હતી એ કેટલું સહજ અને એક મા તરીકે કેટલું સ્વાભાવિક હતું! મારા પિતાની આવક મર્યાદિત હતી. મારા પિતા કિશનસિંઘ તિબેટ અને ભારતીય સીમાની વચ્ચે અનાજ અને કરિયાણું પહોંચાડવાનો વ્યવસાય કરતા. ખચ્ચર પર લાવીને માલ નીચેના શહેરોથી ઉપર લાવવો-પછી પગપાળા એ ખચ્ચરો લઈને માલ સીમાની પેલી બાજુએ પહોંચાડવો એ ખૂબ જ અઘરું કામ હતું. મારા દાદાજી પણ એ જ કરતા-એટલે પિતા માટે આ પારિવારિક વ્યવસાય હતો. મારા ભાઈઓ એ વખતે બહુ નાના હતા એટલે પિતાના વ્યવસાયમાં એમણે એકલાએ જ મહેનત કરવી પડતી. પાંચ ભાઈ-બહેનોને ભણાવવા, ઉછેરવાનું કામ એને માટે કેટલું અઘરું હશે! પહાડી વિસ્તારોમાં શાકભાજીથી શરૂ કરીને જીવન જરૂરિયાતની ચીજો માટે માઈલો ચાલીને જવું પડે-પીવાનું પાણી પણ ભરી રાખવું પડે. ઠંડી અને વરસાદના દિવસો ખૂબ જ અઘરા બની જાય... આ બધાની વચ્ચે મારા માતા-પિતાએ સંઘર્ષ કરીને અમને પાંચેય ભાઈ-બહેનોને ખૂબ સારું શિક્ષણ આપ્યું, જેને કારણે હું ટાટા સ્ટીલમાં એક ઈન્સ્ટ્રક્ટર તરીકે જોડાઈ શકી અને ૩૪ વર્ષ સુધી કામ કરીને આજે સફળતાપૂર્વક રિટાયર થાઉ છું.

પાછી ફરીને જોઉ છું તો દેખાય છે એક નાનકડી છોકરી... જેના સપનાં ખૂબ મોટાં હતાં! નાનકડા પહાડી ગામની એક હાઈસ્કૂલમાં ભણતી એ છોકરીને દુનિયામાં પોતાનું નામ કરવું હતું, એક શિક્ષક તરીકે કારકિર્દી બનાવવી હતી અને રોજ સવારે ઘરની બહાર દેખાતા સફેદ બરફથી ઢંકાયેલા પહાડો પર પોતાનું નામ અંકિત કરવું હતું. આ બધું કઈ રીતે કરવું એની આ છોકરીને ખબર નહોતી. એની આસપાસની દુનિયામાં પણ કોઈ એવું નહોતું જે એને એના સપનાં સુધી પહોંચવાનો રસ્તો બતાવે.

કહે છે ને, કે આપણે કોઈ ચીજને પૂરા હૃદયથી ઝંખીએ તો આખું બ્રહ્માંડ આપણને એના સુધી પહોંચાડવા પ્રયત્નશીલ થઈ જાય છે, મારી બાબતમાં પણ કદાચ એમ જ થયું! હું રોજ એ પહાડોને જોતી-એમની સાથે વાતો કરતી. એમને કહેતી કે, 'એક દિવસ હું તમને મળવા, તમારા સુધી આવીશ.' ક્યારેક કોઈ દેવતાએ કે પછી પહાડો પર વસતી કુદરતે મારી વાત સાંભળીને 'તથાસ્તુ' કહી દીધું હશે.

મારો પહેલો અનુભવ, મારી પહેલી ચઢાઈ અહીંથી શરૂ થઈ. અમારી શાળામાંથી દર વર્ષે પિકનિક લઈ જતા. પહાડી શાળા હોવાને કારણે પિકનિક પણ પહાડોમાં જ ક્યાંક ગોઠવાતી. હું ૧૩ વર્ષની હતી ત્યારે પહેલીવાર અમારી શાળામાંથી માઉન્ટેનિયરિંગની પિકનિક ગોઠવાઈ... મારા માતા-પિતાને બહુ મંજૂર નહોતું તેમ છતાં, એમને સમજાવીને હું એ પિકનિકમાં જોડાઈ. ૧૩,૧૨૩ ફીટની એ પહેલી ઊંચાઈ સર કરી ત્યારે જ મેં નક્કી કરી લીધું હતું કે, હવે આ જ મારા જીવનનું ધ્યેય અને આ જ મારું લક્ષ્ય! મને પહાડો બોલાવતા હતા, એના પર છવાયેલા બરફને ખૂંદીને એના શિખર સુધી પહોંચવાના સ્વપ્નો મને બેચેન કરી મૂકતા-જોકે, હજી મારી પાસે એવી કોઈ સવલત કે માહિતી નહોતી!

હું સ્પોર્ટ્સમાં બહુ જ આગળ હતી, એટલે મને સ્કોલરશિપ મળી અને ઉત્તરકાશીમાં આવેલી કોલેજમાં એડમિશન પણ મળી ગયું. પહેલાં બી.એ., પછી એમ.એ. અને બી.એડ. સુધી ભણવાની સવલત મને સ્કોલરશિપને કારણે મળી જોકે, બી.એડ. સુધી ભણ્યા પછી પણ મારી પાસે નોકરી નહોતી. થોડો વખત કોઈ સ્કૂલમાં શિક્ષક રજા પર જાય ત્યારે મને ટૂંકાગાળાની જોબ મળતી... પણ, આધારભૂત કહી શકાય એવી કોઈ નોકરી લગભગ દોઢ વર્ષ સુધી મળી નહીં ત્યારે હું ખૂબ નિરાશ થઈ. મેં શિક્ષકની નોકરી શોધવાને બદલે નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગમાં કોર્સ કરવા માટે અરજી ફોર્મ ભરી દીધું. જોકે, મારા માતા-પિતા એ વખતે માનતા હતા કે, હું સમય વેડફી રહી છું!

પહેલીવાર નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગમાં મારું પ્રશિક્ષણ શરૂ થયું... મને સમજાયું કે, મારા જીવનની દિશા આ જ છે! મારા ઈન્સ્ટ્રક્ટર્સને નવાઈ લાગે એ હદે હું ઝડપથી શીખવા લાગી. જાણે પહાડો સાથે મારો પાછલા જનમનો કોઈ ઋણાનુબંધ હોય એમ મારી સાથેના અન્ય માઉન્ટેનિયર્સ કરતાં હું ખૂબ આગળ નીકળી ગઈ. પહેલે જ વર્ષે મને એડવાન્સ કેમ્પમાં સામેલ કરવામાં આવી જેમાં ૬,૬૭૨ મીટર (ગંગોત્રી) અને રૂદુરા (૫,૮૧૯) મીટરની ચઢાઈ પૂરી કરીને હું શ્રેષ્ઠ માઉન્ટેનિયરનો એવૉર્ડ જીતી.

એ વખતે બ્રિગેડિયર જ્ઞાનસિંઘ અમારા ઈન્સ્ટિટ્યૂટના હેડ હતા. દોઢ વર્ષ પૂરું થયું અને હું ઈન્સ્ટિટ્યૂટ છોડવા તૈયાર થઈ ત્યારે એમણે મને બોલાવી અને ઈન્સ્ટિટ્યૂટ છોડવાનું કારણ પૂછ્યું. મેં એમને મારા પરિવારની સ્થિતિ જણાવી અને કહ્યું કે, 'મારે કોઈપણ સંજોગોમાં નોકરી કરવી જ પડે, હું શોખ કરવા માટે માઉન્ટેનિયરિંગ ન કરી શકું.'

એમણે એ જ મિનિટે મને 'નહેરુ ઈન્સ્ટિટયૂટ ઓફ માઉન્ટેનિયરિંગ'માં ઈન્સ્ટ્રક્ટર તરીકેની નોકરીની ઓફર આપી. જોકે, આ મારા પરિવારને મંજૂર નહોતું. મેં ઘેર જઈને માતા-પિતાને જણાવ્યું ત્યારે એમણે સ્પષ્ટ ના પાડી. (ક્રમશઃ) ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

ભારતની પ્રથમ મહિલા નોબેલ પારિતોષિક વિજેતા

મધર ટેરેસા



એગ્નેસ ગોન્ઝા બોયાજિજૂ ... આ નામ સાંભળ્યું છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં કોઈ પણ ભાગ્યે જ હકારમાં જવાબ વાળશે. પણ એ જે નામે પ્રખ્યાત થયેલાં એ નામ સાંભળશો તો કોઈ એવું નહીં કહી શકે કે એ નામ અજાણ્યું છે!

એમનું નામ મધર ટેરે... સમાજસેવિકા અને ગરીબોનાં બેલી. કરુણામૂર્તિ, દયાની દેવી અને મમતાળુ માતા તરીકે પ્રખ્યાત. ૧૯૪૮માં જ ભારતનું નાગરિકત્વ લઇ લીધેલું એમણે. સમાજસેવાના ક્ષેત્રમાં મધરના અણમોલ પ્રદાનને પગલે ૧૯૬૨માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત કરાયાં હતાં. આ જ વર્ષમાં રેમન મેગ્સેસે પુરસ્કાર પણ મધરને મળેલો. એ પછી ૧૯૮૦માં દેશના સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી પુરસ્કૃત કરાયાં હતાં. આ જ વર્ષમાં, ૨૭ ઑગસ્ટ ૧૯૮૦ના રોજ ભારત સરકારે મધર ટેરેસાની સ્મૃતિમાં ત્રીસ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી. એ પહેલાં ૧૯૭૯માં શાંતિ માટેનો નોબેલ પારિતોષિક મધરને એનાયત કરાયો હતો. જોકે મધર ટેરેસાએ ઇનામની ૧,૯૨૦૦૦ ડૉલરની રકમ લેવાનો ઇનકાર કરીને કહેલું કે એ નાણાં ભારતના ગરીબ લોકોને દાનમાં આપવામાં આવે. નોબેલની રકમનો ઉપયોગ ઉમદા કાર્ય માટે કર્યો. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ નોબેલ પારિતોષિકથી પુરસ્કૃત થનારાં મધર ટેરેસા પ્રથમ ભારતીય મહિલા હતાં !

મધર ટેરેસાનો જન્મ ૨૬ ઑગસ્ટ ૧૯૧૦ના રોજ અત્યારના સ્કોપ્જે મેસિડોનિયામાં થયો હતો. જોકે મધર પોતાનો સાચો જન્મદિવસ ૨૭ ઑગસ્ટને ગણાવે છે, કારણ એ દિવસે તેમને ધર્મની દીક્ષા આપવામાં આવી હતી. ગોન્ઝા માત્ર આઠ વર્ષની હતી ત્યારે તેના પિતા નિકોલાનું અવસાન થયું. સંતાનોના ઉછેરની તમામ જવાબદારી માતા દ્રાણા બોયજુ પર આવી. ગોન્ઝા માત્ર બાર વર્ષની હતી, ત્યારે તેને સમજાયું કે તે આખું આયખું માનવસેવામાં પસાર કરશે. અઢાર વર્ષની ઉંમરે, તેણે 'સિસ્ટર્સ ઑફ લોરેટો'માં જોડાવાનું નક્કી કર્યું. લોરેટોની સિસ્ટરો સાથે જોડાવા અને મિશનરી બનવા માટે એણે ઘર છોડ્યું. પછી તે આયર્લેન્ડ ગઈ. આરંભે એગ્નેસ આયર્લેન્ડના રથફર્નહામમાં આવેલા લોરેટો મઠમાં ગઈ. લોરેટોની સિસ્ટર્સ ભારતનાં શાળાનાં બાળકોને ભણાવવા જે ભાષાનો ઉપયોગ કરતી હતી તે અંગ્રેજી ભાષા શીખવા માંડી.

૬ જાન્યુઆરી, ૧૯૨૯... ગોન્ઝા ભારત આવી. દીક્ષાર્થી તરીકેનો પોતાનો અજમાયશી કાળ હિમાલય પર્વતમાળા નજીકના દાર્જિલિંગમાં શરૂ કર્યો. મે ૧૯૩૪માં નન તરીકે પ્રથમ ધાર્મિક શપથ લીધા. મિશનરીઓના આશ્રયદાતા અને પ્રોત્સાહક સંત થેરેસે દે લિસિઅકસના નામ પરથી તેણે એ વખતે પોતાના માટે ટેરેસા નામ પસંદ કર્યું. પૂર્વ કલકત્તાની લોરેટો કોન્વેન્ટ શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપતાં હતાં ત્યારે ૧૪ મે, ૧૯૩૭ના તેમણે વિધિપૂર્વકના શપથ લીધા.

થોડા સમય માટે મધર ટેરેસાએ દાર્જિલિંગની સેન્ટ લોરેટો સ્કૂલમાં અધ્યાપન કાર્ય કર્યું, ત્યાર બાદ કોલકાતાની એક શાળામાં અધ્યાપન કાર્ય શરૂ કર્યું. બેસહારા અને દિવ્યાંગ બાળકોને જોઈને તથા રસ્તાને કિનારે પડેલા અસહાય રોગીઓની દયનીય સ્થિતિ જોઈને એમનું મન દ્રવી ઊઠયું. એમણે ભારતમાં જ રહીને સેવાની સુવાસ પ્રસરાવવાનો સંકલ્પ કર્યો. ૧૦ સપ્ટેમ્બર, ૧૯૪૬ના ૧૯૪૮માં તેમણે ગરીબો સાથેનું પોતાનું મિશનરી કાર્ય શરૂ કર્યુ. તેમણે લોરેટોના પરંપરાગત પોશાકના સ્થાને ભૂરી કિનારીવાળી સાદી સફેદ સુતરાઉ સાડી અપનાવી. ભારતીય નાગરિકત્વ સ્વીકાર્યુ અને ઝૂંપડપટ્ટીમાં પોતાનું કાર્ય શરૂ કર્યું. શરૂઆતમાં તેમણે મોતીહિલમાં એક શાળા શરૂ કરી; પરંતુ થોડા જ સમયમાં તેઓ વંચિતો, નિરાધારો અને ભૂખે મરતા લોકોની સંભાળમાં લાગી ગયાં. તેમની પાસે ત્યારે આવકનો કોઈ સ્રોત નહોતો. એથી તેમણે ખોરાક અને અન્ય આવશ્યકતાઓ માટે ભીખનો આશરો લેવો પડ્યો હતો. શરૂઆતના આ મહિનાઓમાં ટેરેસાએ શંકા, એકલતા અને પોતાના કોન્વેન્ટના આરામદાયક જીવનમાં પાછા ફરી જવાની લાલચ અનુભવ્યાં હતાં. પણ અંતે 'રામ રાખે તેમ રહીએ' નો મંત્ર આત્મસાત કરીને મધર ટેરેસાએ સેવામય જીવન જીવવાનું જ નક્કી કર્યું.

ઑક્ટોબર, ૧૯૫૦માં મિશનરીઝ ઑફ ચેરિટીની સ્થાપના કરી. મધર ટેરેસાના મિશનરીઝ એસોસિએશને ૧૯૯૬ સુધીમાં લગભગ ૧૨૫ દેશોમાં ૭૫૫ નિરાધાર ઘરો ખોલ્યાં. ટેરેસાએ શરૂ કરેલા 'નિર્મળ હૃદય' આશ્રમ રોગથી પીડિત દર્દીઓની સેવા માટે હતો, જ્યારે 'નિર્મલા શિશુ ભવન' આશ્રમ અનાથ અને બેઘર બાળકોને મદદ કરવા માટે સ્થાપવામાં આવ્યો હતો. ૧૯૫૨માં કોલકાતા શહેર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી જગ્યા પર મધર ટેરેસાએ સૌથી પહેલું મરણપથારીએ પડેલાઓ માટેનું ઘર ઊભું કર્યું... ભારતીય અધિકારીઓની મદદથી તેમણે એક ખંડેર હિન્દુ મંદિરને મૃત્યુશૈયાએ પડેલાઓ માટેનું ઘર- કાલિઘાટ, એટલે કે ગરીબો માટેનું નિઃશુલ્ક રુગ્ણાલય શરૂ કર્યું. તેમણે એને કાલિઘાટ, પવિત્ર હૃદય-નિર્મળ હૃદયનું ઘર -એવું નવું નામ આપ્યું.

આ પ્રકારનાં સેવાકીય કાર્યોને પગલે સિત્તેરના દાયકા સુધીમાં તો માનવતાવાદી અને ગરીબ અને અસહાયોના બેલી તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાતિ પામી ચૂકયા હતાં. તેમને પ્રથમ વખત ૧૯૮૩માં તોતેર વર્ષની વયે હાર્ટ એટેક આવ્યો હતો. તે સમયે મધર ટેરેસા પોપ જ્હોન પોલ બીજાને મળવા રોમ ગયેલાં. ત્યાર બાદ ૧૯૮૯માં બીજો હાર્ટ એટેક આવ્યો. વધતી ઉંમર સાથે તેમની તબિયત પણ બગડતી ગઈ. ૧૩ માર્ચ, ૧૯૯૭ના રોજ, તેમણે મિશનરીઝ ઑફ ચેરિટીના વડા પદેથી હોદ્દો છોડ્યો. ૫ સપ્ટેમ્બર, ૧૯૯૭ના તેમનું અવસાન થયું. તેમનાં મૃત્યુ બાદ,પોપ જ્હોન પોલ બીજાએ તેમને બ્લેસ્ડ ટેરેસા ઓફ કોલકાતા -કોલકાતાની આશીર્વાદિત ટેરેસાનું બિરુદ આપ્યું હતું. જોકે મધર ટેરેસાના મૃત્યુ પછી પણ નોબેલ પારિતોષિક મળ્યું ત્યારનો એમનો સંવાદ મશહૂર બની ગયો છે. મધર ટેરેસાએ નોબેલ એવોર્ડ સ્વીકાર્યો ત્યારે પ્રશ્ન પૂછાયો, 'વિશ્વશાંતિ માટે અમે શું કરી શકીએ?' મધરે પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'ઘેર જાઓ અને તમારા પરિવારને પ્રેમ કરો...!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

અળખામણા થવાનો ડર,પણ ક્યાં સુધી?

આજ સવારથી ક્લાસરૂમમાં હિયાની આસપાસ ગણગણાટ ચાલુ હતો. સ્કૂલ છૂટ્યા બાદ એક્સ્ટ્રા ક્લાસના બહાને ક્યાંક બહાર રખડવા જવાના પ્લાન થઈ રહ્યા હતા. જેનો ખ્યાલ હિયાને ધીમે-ધીમે આવતો ગયો. હિયાએ જેમની સાથે નવીસવી મિત્રતા કેળવેલી એ ક્લાસનું સૌથી ડોમિનન્ટ ગ્રુપ હતું એટલે સહુ કોઈને એમની સાથે જોડાવાનો અભરખો રહેતો. હિયા પણ એમાંથી બાકાત નહોતી. હાઈસ્કૂલમાં આવ્યા બાદ હિયા એમની સાથે મિત્રતા કરવાના પ્રયત્નો કર્યા કરતી. એમાં વળી હમણાંથી એને થોડી સફળતા મળેલી એટલે જ્યારે એને પૂછવામાં આવ્યું કે 'એ આવશે કે નહીં?' ત્યારે હિયા બરાબર અવઢવમાં મુકાઈ ગઈ. ના પાડવાનો મતલબ કે એ સ્કૂલના પોપ્યુલર ગ્રુપમાંથી આપોઆપ બાકાત થઈ જવું. અને હા પાડવાથી એણે ઘેર ખોટું બોલવું પડશે. એટલું જ નહીં, ટ્યુશનના એક્સ્ટ્રા ક્લાસ પણ કદાચ પાડવા પડે.

'જલ્દી બોલ આવીશ કે નહીં. અમને ખબર પડે ને કે અમારી વચ્ચે પણ એક બહેનજી છે કે નહીં.' ગ્રુપની લીડર એવી આશનાએ સામે ઊભેલી હિયા પાસે જવાબની રીતસર ઉઘરાણી કરી. એ સાથે છ-સાત છોકરીઓનું ટોળું ખડખડાટ હસવાં લાગ્યું. હિયાને ના જ પાડવી હતી તેમ છતાં હકારમાં માથું ધુણાવ્યું, પણ સ્કૂલથી ઘેર જવાને બદલે સ્કૂટર પર આમતેમ રઝળવામાં કોઈ આનંદ હિયાને આવ્યો નહીં.

એકાદ કલાકની રઝળપાટ બાદ હિયાને બરાબર સમજાય ગયું કે આવું કરવા માટે પોતે તદ્દન 'મીસફીટ'; છે, પણ જો એવું કહી દે તો પોતે આ ગ્રુપમાં મહામહેનતે મેળવેલી એન્ટ્રી રદ્દ થતાં વાર લાગે નહીં એટલે પરાણે ઢસડાતી રહી.

ઘેર પહોંચતાવેંત એના પર પ્રશ્નોનો મારો ચાલ્યો. : કેમ મોડું થયું? ક્યાં ગઈ હતી?' ના જવાબમાં હિયાએ સાચું કારણ જણાવી દીધું. સાથોસાથ એવું પણ કહ્યું કે પોતે જવા માગતી નહોતી, પણ ગ્રુપમાં ટકી રહેવા માટે એ ના પાડી શકી નહીં.

'અરે, તને ગમતું ના હોય તો ચોખ્ખી ના પાડી દેવાની. એમાં શું! મમ્મી-પપ્પા એકીસૂરે બોલ્યા, પરંતુ આ બોલવામાં કે સલાહ આપવામાં સહેલું લાગતું વાક્ય છે. વ્યવહારુ રીતે જોવા જઈએ તો આપણા માટે કોઈ વાતમાં 'ના પાડવી' એ સહજ સ્વીકાર્ય હોતું નથી. એમાં પણ ખાસ કરીને ટીનેજર્સ માટે એ બહુ કઠિન છે. આવા નકાર ક્યારેક મિત્ર વર્તુળમાં અળખામણા બનાવી દે તો ક્યારેક એકલા પાડી દે. ક્યારેક 'બીકણ-બોચીયા' જેવા લેબલ્સ પણ લાગી જાય તો ક્યારેક મજાકનું કારણ પણ બની જાય, જેના કારણે હિયા જેવા અન્ય તરુણો ક્યારેક મિત્રો પાછળ ઢસડાતા ચાલે તો ક્યારેક નાની-મોટી મુસીબતોમાં પણ અટવાઈ જાય એવુંય બને.

હિયા આમ ખૂબ હોશિયાર, સ્માર્ટ, ચબરાક તરુણી છે. એને ખ્યાલ છે કે પોતાના નવા બનેલા મિત્રો ઘેર જુઠ્ઠું બોલી પાર્ટીઝ કરે છે. એમના માટે સેફ્ટી કે સાવચેતીની કોઈ પરવાં કર્યા વગર રખડપટ્ટી કરવી એ રોમાંચ છે. આશનાની લીડરશિપવાળા એ ગ્રુપને લગભગ રોજ જોખમ ઉઠાવવાની આદત પડી ગઈ છે. ભણવામાં પણ એ બધા પાછળ રહી ગયા છે. હિયા એક તરફ ભણીગણી જીવનમાં કંઈક બનવાની ખેવના લઈને બેસી છે. તો બીજી તરફ, આ કહેવાતા મિત્રોને ગુમાવવાની બીક પણ એને કોરી ખાય છે. હિયામાં હિંમત નથી કે એમને ના કહે. એ સતત એવા ડરમાં જીવવા લાગી છે કે જો સાચું કહેશે તો મિત્રતા તૂટશે અને ખોટી હા પાડી એમની સાથે ફર્યા રાખશે તો પોતાનાં સપનાં!

હિયાએ પેરેન્ટસને આ અંગે માંડીને વાત કરવાની કોશિશ કરી તો જવાબ મળ્યો કે, 'એમાં શું એ બધાં સાથે હવેથી નહીં બોલવાનું!'. પરંતુ હિયા માટે એમ કહી દેવા માત્રથી વાત પૂરી થઈ જતી નથી. એના ટીનએજ મનની મુશ્કેલીઓ કંઈક અલગ હતી.

આપણી આસપાસ હિયા જેવા અનેક તરુણો વસે છે, જે મિત્રોના સહવાસથી બગડી જાય છે. માતા-પિતા વિચારતા રહે છે અને દોષનો ટોપલો મિત્રો પણ ઢાળતા રહે છે, પરંતુ એવું જાણવાની કોશિશ ક્યારેય નથી કરતા કે ટીનેજર્સ શા માટે ચોખ્ખી ના કે હા આ ઉંમરે પાડી શકતા હોતા નથી.

હિયાને હવે છાશવારે પરાણે કોઈ કાફેમાં, ક્યારેક મુવીમાં કોઈ પાર્ટીમાં કે નાઈટ આઉટમાં જવું પડતું. ઘેર જુઠ્ઠાણું ચલાવવું પડતું. પૈસાની સગવડ કરવી પડતી. પરાણે રાજી હોવાનો ડોળ કરવો પડતો. માત્ર એટલા માટે કે સ્કૂલના એ ગ્રુપમાં પોતાનું સ્થાન જાળવી શકે. અંતે આ બધામાં એના ભણતરનો ભોગ લેવાતો ગયો. પરિણામ આવ્યું ત્યારે એની આંખો ખુલી કે પોતાની જાતનું કેવડું મોટું નુકસાન કરી બેસી છે. વર્ષોથી ક્લાસમાં અવ્વલ રહેવા ટેવાયેલી હિયા પહેલીવાર માંડ-માંડ પાસ થઈ હતી.

હિયાને આનો એવો તો આંચકો લાગ્યો કે એણે બે-ત્રણ દિવસ સ્કૂલ જવાનું બંધ કરી દીધું. એ આખો સમય પોતાના રૂમમાં ભરાઈ રહેતી.

રોઈ-રોઈને આંખો નિચવી નાખતી. અંતે એને ભાન થયું કે આ ઉંમરે જાતને બચાવવાની જવાબદારી એની પોતાની છે. અન્ય કોઈની નહીં. જો અત્યારે એ ના પાડતાં નહીં શીખે, એકલા પડી જવાના કે અળખામણા થવાના ડરને નહીં નાથે તો જિંદગીભર પસ્તાવાનો વારો આવશે. રાતભર આવા વિચારોથી જાગતી રહેલી હિયા બીજા દિવસની સવારે જાતને પરાણે કોઈ વસ્તુ ના કરાવવાનું પ્રણ લઈ એ મક્કમ મને સ્કૂલ જવા સજ્જ થઈ ગઈ. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ગરમી શરૂ... શું પહેરશો?

ઉનાળો શરૂ થતા જ બધી જ મહિલાઓનું વોર્ડરોબ ચેન્જ થઈ જાય છે.મોટાભાગની મહિલાઓ કંફર્ટ ઓવર સ્ટાઇલ પ્રિફર કરે છે.કંફર્ટ ઓવર સ્ટાઇલ એટલે કે, જે કપડામાં ઓછી ગરમી થાય અને કમ્ફર્ટેબલી ઉનાળામાં પહેરી શકાય.જેમકે, સિન્થેટીક કપડાં ન પહેરવા અને તેની બદલે કોટન કપડાં પહેરવા.ઉનાળામાં કપડાંની સાથે હેર સ્ટાઇલ અને ફૂટવેર પણ ચેન્જ કરવા પડે છે.અને સાથે ડાયેટ પણ. ચાલો જાણીએ ઉનાળામાં કઈ રીતે આપડે ઓવેર ઓલ લુક કંફર્ટેબલી ચેન્જ કરી શકીએ.

કલોથસ -લૂઝ કપડાં ઉનાળામાં સૌથી વધારે કંફર્ટેબલ હોય છે જેમકે કુર્તા સાથે લેગિંગ્સ ન પહેરવું અને લેગિંગ્સની બદલે સલવાર અથવા પેન્ટ કે પછી પ્લાઝો પહેરી શકાય.સિન્થેટિક ફેબ્રિક્સ ન પહેરવા. સિન્થેટિક ફેબ્રિકને લીધે સ્કિન પર રેશીશ થવાની શક્યતા હોય છે.સિન્થેટિક ફેબ્રિકની બદલે કોટન ફેબ્રિક્સના ગારમેન્ટ જ પહેરવા.ટાઈટ ડેનિમની બદલે હોઝિયરી અને કોટન ફેબ્રિકના જેગિંગ્સ પહેરવા. સૌથી મહત્ત્વનું એ કે, બ્રાઇટ કલર્સ ન પહેરવા તેની બદલે લાઈટ કલર પહેરવાનો આગ્રહ રાખવો.અને ફેબ્રિકની ડિઝાઇન પણ એવી જ સિલેક્ટ કરવી કે જે, બહુ બોલ્ડ ન હોય અને આંખને ઠંડક આપે તેવી હોય.જેમકે, ફ્લોરલ પ્રિન્ટ.ફ્લોરલ પ્રિન્ટ જોવાથી આંખને ઠંડક મળે છે અને પોતાને પણ શીતળતા અનુભવાય છે.લાઈટ કલરના બેઝ પર આવેલી ફ્લોરલ પ્રિન્ટના ગારમેન્ટ ખૂબ જ સુંદર લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ સાથે મિક્સ એન્ડ મેચ કરવું પણ ખૂબ જ સેહલું છે. જેમકે, જો તમારા કુર્તાની પ્રિન્ટ મલ્ટી કલરમાં હોય તો તે કુર્તાની સાથે તમે કોઈ પણ બ્રાઇટ કલરનો પ્લાઝો પેહરી શકો. અથવા તો ફ્લોરલ પ્રિન્ટના પ્લાઝો સાથે તમારી બોડી ટાઈપ અને હાઈટ મુજબ ફેન્સી ટોપ પહેરી શકો.જેટલા લૂઝ કપડાં હશે તેટલો જ ફેશનેબલી તમે સમર સિઝન માણી શકો. ચિકન ફેબ્રિકમાંથી બનાવેલા એ-લાઈન સ્કર્ટ્સ પહેરી શકાય .અને તેની પર કોઈ પણ બ્રાઇટ કલરનું ક્રોપ ટોપ એક સ્માર્ટ લુક આપી શકે. બોટમ વેરમાં તમે કોઈ પણ બ્રાઇટ કલર પહેરી શકો. પરંતુ અપ્પર વેર માટે તો લાઈટ કલર જ પસંદ કરવો. જેમક, પેસ્ટલ શેડના પ્લેન કુર્તા અને પેન્ટ , સિમ્પલ હોવા છતાં પણ એલિગન્ટ લુક આપે છે. પેસ્ટલ શેડના પેન્ટ સી ગ્રીન, સની યેલો કે પછી બેજ કલર અને તેની સાથે પેસ્ટલ શેડમાં જ લાઈટ કલરનું શર્ટ એક ઓફિસવેર માટે બેસ્ટ ઓપશન છે.ઓફિસ વેર માટે એ-લાઈન કુર્તા અને તેની સાથે પેન્ટ અથવા પ્લાઝો પણ પહેરી શકાય.

એક્સેસરીઝ - મોટા ભાગની મહિલાઓ પાસે સમરમાં કામ આવતી એક્સેસરીઝ હોય જ છે જેમકે , સન ગ્લાસ, કેપ/ટોપી ,સ્કાર્ફ,હેન્ડ ગ્લવ્ઝ ,શુ સોક્સ, સન કોટ વગેરે .સમરમાં સ્કિન ટેન થઈ જાય તે ખૂબ જ સ્વાભાવિક છે. સ્કિન ટેન ન થાય તેની માટે બહાર જાવ ત્યારે બહાર જવાના અડધા કલાક પહેલા સનસ્ક્રીન લોશન લગાડી લેવું. અને ઘરેથી નીકળો એટલે નિયમ બાંધી લેવો કે, ચહેરાને કવર કરીને જ બહાર જવું એટલે કે, ચહેરાને સ્કાર્ફથી કવર કરી લેવો. માત્ર આંખો જ દેખાવી જોઈએ અને આંખો માટે સન ગ્લાસનો ઉપયોગ કરવો. સમરમાં બહાર જતી વખતે ફૂલ સ્લીવ્ઝના કપડાં પહેરવા, અને જો ફૂલ સ્લીવ્ઝના હોય તો ,હેન્ડ ગ્લવ્ઝ એટલે કે હાથના મોજા પહેરવા . હાથના મોજામાં પણ ઘણા વેરિએશન આવે છે ફેબ્રિક અને લેન્થ વાઇસ.એટલે કે,સિન્થેટિક ફેબ્રિકમાંથી બનેલા મોજા અથવા કોટન અને હોઝિયરી ફેબ્રિકમાંથી બનેલા મોજા. બને ત્યાં સુધી કોટન અને હોઝિયરી મિક્સ મોજા પહેરવા. સિન્થેટિક ફેબ્રિક ગરમીમાં પહેરવાથી સ્કિન પર રેશીશ થવાની શક્યતા હોય છે.અને સિન્થેટિક ફેબ્રિક પરસેવો એબ્સોર્બ નથી કરતુ એટલે, ઇચિંગ થવાની શક્યતા હોય છે.લેન્થમાં પણ વેરિએશન આવે છે જેમકે, રીસ્ટ સુધી, થ્રિ ફોર્થ કે પછી ફુલ .તમારી ડ્રેસની સ્લીવ્ઝ મુજબ તમે હેન્ડ ગ્લવ્ઝના લેન્થની પસંદગી કરી શકો. જે યુવતી કે મહિલાઓ રેગ્યુલરલી સ્કૂટર ચલાવતા હોય અને તેઓ જો સન કોટ પહેરતા હોય તો માત્ર રીસ્ટ કવર થાય તેટલા જ મોજા પહેરવાની જરૂર છે. જો તમેં વોકર્સ હોવ તો તમે બહાર જાવ ત્યારે ટોપી અથવા હેટ પહેરવાનું ન ભૂલશો. ઘરની બહાર જાવ ત્યારે પાણીની બોટલ હંમેશાં સાથે રાખવી.જો વધારે વખત બહાર રેવાનું હોય તો, લીંબુ શરબત સાથે રાખવું જેથી કરી ડી હાઈડ્રેટ ન થઇ જવાય. ■

લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

ભુલકણાં ભૂરીબહેન તમને યાદ છે?

ભૂરીબહેન અચાનક બધું જ ભૂલી જવા લાગ્યાં. એટલે સૌથી પહેલાં હેરાન એમના પતિદેવ ભુલાભાઈ થયા. થોડા દિવસથી, ‘હેં... હેં...? શું કહ્યું? શું ભૂલી ગઈ? આમ અચાનક જ બધું ભૂલી ગઈ? યાદ કરી જો. જરા મગજ ઉપર જોર લગાવ. છેલ્લો કબાટ તેં જ ખોલેલો ને ચાવીનો ઝૂડો કેડે લટકાવીને કામે વળગેલી.’

ક્યારેક ક્યારેક ભુલાભાઈને શક થઈ આવતો કે ભૂરી ખાલી ખાલી બધું ભૂલી જાય છે અને સાથે સાથે બહેરી પણ થઈ જાય છે, પણ પછી થયું એવું કે બંને સજોડે મંદિર ગયાં.

ભૂરીબહેન તો કહીને ગયાં કે ‘હું મંદિર ફરતે અગિયાર પ્રદક્ષિણા કરીને આવીશ. તમે દર્શન કરીને મંદિરને ઓટલે વડની નીચે બેસજો.’ પૂરો દોઢ કલાક પસાર થયો ને ભુલાભાઈને થયું કે નક્કી મેં સાંભળવામાં કંઈ ભૂલ કરી હશે. ભૂરીએ કીધું હતું કે અગિયાર ફેરા ફરીને આવીશ. આખરે કંટાળીને ઘરે ફોન લગાવ્યો. ‘મમ્મી ઘરે આવી છે?’

મોટી દીકરીએ ફોન ઉપર જવાબ આપતાં કહ્યું, ‘મમ્મી તો ક્યારની ઘરે આવી ગઈ છે. રસ્તેથી ભજિયાં લઈ આવી હતી, એ શાંતિથી ઝાપટીને ઘસઘસાટ ઊંઘે છે! મેં મમ્મીને પૂછ્યું હતું, પપ્પાની સાથે ગઈ હતી, તે પપ્પા ક્યાં છે? તો મમ્મી કહે, મારી સાથે ક્યાં આવ્યા હતા? આવશે હવે. એ કંઈ નાના કીકલા થોડા છે કે ખોવાઈ જવાના!’

ભુલાભાઈને થયું કે હું પણ ક્યાં ભૂલમાં આ સાત ફેરાની જંજાળમાં પડ્યો છું!

એકવાર ભૂરીબહેન પતિ ભુલાભાઈનું સ્કૂટર લઈને ખરીદી કરવા ગયાં. બજારમાં જ, જ્યાં ’નો પાર્કિંગ’નું બોર્ડ હતું, ત્યાં સ્કૂટર મૂકીને સાડીઓની પસંદગીમાં મોડું કર્યું. ‘નો પાર્કિંગ ઝોન’ માં તો ફાંફાં મારતાં આવ્યાં, પણ સ્કૂટર ક્યાં? ત્યાં બેઠેલા ફેરિયાએ કહ્યું, ‘બેન, હમણાં પેલા પોલીસની ગાડી આવી હતી. બધાં જ સ્કૂટર ઊંચકી ગયા છે. હવે ત્યાં જ લેવા જાવ.’

ભૂરીબહેન બબડવા લાગ્યાં: ‘આ પુરુષો તો હોય ત્યારે પણ આપણને હેરાન કરે અને ન હોય ત્યારે એમનાં સાધન હેરાન કરે!’

ભુલકણા લોકો જ્યારે ભીડમાં હોય, ત્યારે બુદ્ધિ બહુ ચલાવે. ભૂરીબહેને તો અમેરિકા ગયેલા ભુલાભાઈને ફોન જોડ્યો. પણ ફોન ના લાગ્યો. પોલીસચોકીએ સ્કૂટર છોડાવવા ૨૦૦ રૂપિયા ખર્ચીને ગયાં, પણ ભૂરીબહેનને સ્કૂટરનો નંબર જ યાદ નહીં આવ્યો. મગજ પર બહુ જ જોર આપ્યું. આખરે એટલું યાદ આવ્યું કે સ્કૂટર સફેદ કલરનું છે ને સ્કૂટી છે, પણ સફેદ સ્કૂટી તો ત્યાં દસ જેટલાં પડેલાં હતાં.

ભુલકણાં ભૂરીબહેને તો અમેરિકા ગયેલા ભુલાભાઈને ફરી ફોન જોડી દીધો. અડધી રાતે ફોન રણકાર સાંભળી ભુલાભાઈ જે ભૂરીને ભૂલવા માંગતા હતા, તે સાક્ષાત થઈ!

ભુલાભાઈ ‘હાય... હલો...’ કરે, તે પહેલાં ભૂરીબહેન બબડ્યાં. ‘એવો કેવો સ્કૂટરનો નંબર રાખો છો કે મને યાદ પણ નથી આવતો?’

‘કેમ ભૂરી, તારે નંબરનું શું કામ છે?’

‘તમારો નંબર મારે કંઈ દાળમાં નથી નાખવો. આ તો તમારું સ્કૂટર પોલીસચોકીએ પડેલું છે ને તમારા જેવા સફેદ રંગનાં દસ સ્કૂટરમાં મને તો ખબર નથી પડતી કે આમાં તમારું કયું છે. ઉપરથી પોલીસ ક્યારનો નંબર પૂછે છે... અને હા, તમને પણ નંબર યાદ ન હોય, તો તમારું ફટફટિયું પોલીસને જ આપી દઉં. એને ચોર પકડવા કામ આવશે.’

‘ભૂરી, હજી અમેરિકા આવ્યાને માત્ર ચાર દિવસ થયા છે. એમાં તે દિવસ-રાત મળીને બાર- બાર ફોન કરી મારા બાર વગાડી દીધા છે! અધૂરામાં પૂરું, ત્યાં દિવસ હોય, ત્યારે અહીં રાત હોય. એટલી પણ તને ખબર નથી? લાકડાના ઘરમાં બધાને બધું સંભળાય. સમજી? હવે બોલું છું તે યાદ રાખજે. પાછી ભૂલી ગઈ તો પોલીસ તને સ્કૂટર નહીં આપે.’

‘હલો... હું ભૂલી જ જઈશ. વ્હોટ્સ એપ ઉપર ટાઈપ કરીને મોકલો. સૉરી, તમારી ઊંઘ બગાડી. (જીવનભર મારી ઊંઘ બગાડેલી તે હું ભૂલી નથી, ભુલા!)

ફરી પાછો ફોન રણક્યો, તો બધા બેડરૂમનાં બધાં સગાંઓ ભૂરી પુરાણ શરૂ કરશે! ભુલાભાઈએ ફોન સ્વિચ ઑફ જ કરી દીધો. રાતભર ભુલાભાઈ વિચારતા રહ્યા કે હું જીવનની ભવાટવીમાં ભેરવાઈ પડ્યો છું. નક્કી બે-ચાર દિવસમાં ભૂરી મને ઇન્ડિયા ભેગો કરશે ને ત્યાં જ દીકરી બાજુના રૂમમાંથી આવીને ફોન ભુલાભાઈને આપતાં બોલી, ‘પપ્પા, મમ્મીનો ફોન છે. એ પૂછે છે કે સ્કૂટરનું લાઇસન્સ લીધેલું નહીં? સ્કૂટર છોડાવવાના ને લાઇસન્સ ન હોવાના મળીને હજાર રૂપિયા પોલીસ માંગે છે. તો આપી દઉં? કે પછી બિચારાને આ સ્કૂટર જ આપી દઉં?’

‘તારી મમ્મી દેવાળું ફૂંકવાની લાગે છે. હું નથી એટલે શોપિંગ પર શોપિંગ કરે છે. એમાં ‘નો પાર્કિંગ’માંથી સ્કૂટર હાથથી ગયું... એ મને બાવો બનાવે, તે પહેલાં તું મારી ટિકિટ કપાવ...’

‘પપ્પા, ભૂલ તમારી છે. તમારે સ્કૂટરની ચાવી સંતાડીને આવવું હતું ને...!’

ચાલો, આ એક નવી ભૂરી તૈયાર જ છે, બાપની ભૂલ કાઢવા માટે!

‘ભૂલ મારી જ છે દીકરા! તું તારી મમ્મીને યોગ્ય જવાબ આપી, ફોન કટ કરી ઊંઘી જા... ને હા, ઘરના બધાના જ ફોન સ્વિચ ઑફ કરી દે. નહીંતર ભૂરીબહેન... ભૂલી પડશે ફોન ઉપર! ભૂલ કબૂલશે નહીં, અને ઉપરથી કહેશે તમે જ સાવ ભુલકણા છો!’ ■

ફેશન પ્લસ

નીલોફર
feedback.ladki@bombaysamachar.com

હેર-મસાજ શું કામ છે જરૂરી?

વાળને મજબૂત બનાવવા માટે બાળપણમાં મમ્મી આપણા વાળમાં હેર-મસાજ કરતી હતી. હવે, તો વધતા પ્રદૂષણને કારણે વિવિધ હેર-ટ્રીટમેન્ટ કરીને આપણે આપણા વાળને વધુ નુકસાન પહોંચાડીએ છીએ. વાળના ગ્રોથને વધારવા માટે અને એને મજબૂતી આપવા માટે વાળમાં ઑઇલ-મસાજ કરવો જરૂરી છે. આમ તો આપણા વાળની તૈલીય ગ્રંથીઓ સતત સક્રિય રહે છે, એમાંથી થતા સ્રાવને કારણે વાળની લંબાઈ અને સુંદરતાને વધારે છે. છતાં પણ જો વાળમાં માલિશ કરવામાં આવે તો વાળને પોષણ મળે છે.

હેર-મસાજના ફાયદા

વાળમાં મસાજ કરવાથી રક્ત કોશિકાઓમાં રક્તપ્રવાહ વધે છે. માથાની ત્વચાનાં છિદ્રો ખૂલી જાય છે અને તેલ વાળમાં શોષાઈ જાય છે. એનાથી વાળના ગ્રોથમાં લાભ મળે છે. એથી અઠવાડિયામાં એકાદ વખત મસાજ કરવો જરૂરી છે.

મસાજ માટે હૂંફાળા તેલનો ઉપયોગ કરવો. એનાથી દિમાગ રિલેક્સ થાય છે.

બહારના પ્રદૂષણથી વાળમાં જમા થયેલી ધૂળ, માટીથી ઇન્ફેક્શન થવાનું જોખમ રહે છે. ઑઇલ મસાજથી ફાયદો થાય છે. તેલ લગાવવાથી રોમછિદ્રો ખૂલી જાય છે. બંધ રોમછિદ્રોમાં ફંગલ ઇન્ફેક્શન થવાની શક્યતા વધે છે. એનાથી ડેન્ડ્રફ અને જુ થાય છે.

આપણા વાળનું સૌંદર્ય આપણા પોષણ પર નિર્ભર કરે છે. વાળમાં પ્રોટીનની ઊણપ થાય તો એનાં મૂળ નબળાં પડે છે અને વાળ તૂટવા લાગે છે. એથી બદામ, એરંડિયું અને જૈતૂનનું તેલ લગાવવું જોઈએ.

વાળમાં વિવિધ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવાથી વાળને નુકસાન થાય છે. હેર-ડ્રાયરના ઉપયોગથી વાળ પાતળા થઈ જાય છે. વાળમાં કેમિકલ્સવાળા પ્રોડક્ટ્સનો ઉપયોગ ન કરવો જોઈએ. વાળમાં દહીં, એલોવિરા અને લીંબુથી બનેલો હેર-માસ્ક લગાવવો.

તેલની નિયમિત માલિશ કરવાથી વાળનો પ્રાકૃતિક રંગ જળવાઈ રહે છે. એ વાળ પર એક સુરક્ષાત્મક લેયર બનાવી દે છે. જેથી કરીને ધૂળ, માટી અને આકરા તડકાની અસર ઓછી થાય છે.

વાળને જેમ બને એમ કુદરતી ઉપાયો દ્વારા સ્વસ્થ અને સુંદર બનાવી શકાય છે. બદામ, લીમડો, આમળાં, નાળિયેર, અરીઠા, શિકાકાઈ જેવી વસ્તુઓના ઉપયોગથી વાળની ચમક જળવાઈ રહે છે.

કયા ઑઇલથી મસાજ કરવો

બદામનું તેલ: બદામનું તેલ વાળને પોષણ આપવાની સાથે ધૂળ અને પ્રદૂષણથી ડૅમેજ થયેલા વાળને સ્વસ્થ બનાવે છે. આ તેલ માર્કેટમાં સરળતાથી મળી રહે છે.

નાળિયેર તેલ: વિટામિન ઈ થી ભરપૂર નાળિયેર તેલમાં અનેક એન્ટિ-ઑક્સિડેન્ટ્સના ગુણ જોવા મળે છે. આ તેલમાં સૂકાં આમળાં, લીમડો અને અન્ય આયુર્વેદિક વસ્તુઓનો ઉપયોગ કરીને તેલ તૈયાર કરી શકાય છે. જે વાળને પોષણ આપે છે.

તલનું તેલ: તલનું તેલ માથાની ત્વચામાં થનાર ઇન્ફેક્શનથી બચાવે છે. હૉટ-ઑઇલ ટ્રીટમેન્ટ માટે આ તેલ ફાયદાકારક છે.

કેસ્ટર ઑઇલ: પ્રોટીન, વિટામિન ઈ અને અન્ય પોષક તત્વોથી ભરપૂર કેસ્ટર ઑઇલનો ઉપયોગ તેમને કરવો જોઈએ, જેમની ત્વચા સૂકી હોય. આ તેલ ખૂબ હેવી હોય છે. વાળમાં એ લાંબા સમય સુધી રહે છે.

ઓલિવઑઇલ: આ વાળને મોઇશ્ચરાઇઝ કરે છે. વિટામિન ઈના ગુણ ધરાવતાં આ તેલ વાળને નરમ અને મુલાયમ બનાવે છે. ■

પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

તેલ ને બહારનો ખોરાક તે વળી આપણાથી છૂટે ખરા?

આપણા વડા પ્રધાનની એક લક્ષણિકતા છે. સામાજિક કે પછી આરોગ્યલક્ષી સમકાલીન પ્રશ્નો શોધી કાઢી એમાં નાગરિકોને એ સહજતાથી સામેલ કરી દે છે એના ઉપાય શોધવા માટે! પછી એ સ્વચ્છતા હોય કે રોજિંદી આપણી ખાદ્ય-આદત.

તાજેતરમાં વડા પ્રધાને 'મન કી બાત' કાર્યક્રમમાં મોટાપા વિશે વાત કરી અને દેશના લોકોને મહિનાના ખોરાકમાં ૧૦% તેલ ઓછું કરવાની સલાહ આપી. એની સાથે જ લોકોમાં વધતા જતાં વજન તેમજ વજનને કારણે ઊભી થતી સમસ્યાઓ તરફ બધાનું ધ્યાન પણ દોરાયું છે. પોતાના એ કાર્યક્રમ દરમિયાન વડા પ્રધાને એમ પણ આંકડો આપ્યો કે વર્ષ ૨૦૨૨માં દુનિયાના અઢીસો કરોડથી વધુ લોકો ઓવર વેઈટ હતા! એને લીધે એમણે કારણ વિનાની સમસ્યાઓ વેઠવી પડી હતી. દુનિયામાં કરોડો લોકો મોટાપાને કારણે અનેક બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આ વાતને ધ્યાનમાં રાખીને જ એમણે લોકોને એમના ખોરાકમાં તેલ ઓછું કરવાની સલાહ આપી છે. જોકે આપણે માટે એ અત્યંત મુશ્કેલ છે, કારણ કે આપણા લગભગ નાસ્તા અને ફરસાણના કેન્દ્રમાં તેલ છે. એવા સમયે આપણે ચાહીને પણ તેલને ઓછું ન કરી શકીએ.

આખરે જેનો જીવ જ ભજિયા, બટાકા વડા, ફ્રાઈઝ, દાલવડા, મેંદુવડા કે સમોસામાં અટકેલો હોય, એ વળી તેલ સાથેનો નાતો કઈ રીતે છોડી શકે? અને આ તો માત્ર નાસ્તા પૂરતી વાત થઈ. એ ઉપરાંત અનેક શાક અને રોટલી કે ભાખરી સુધ્ધાં ઓઈલની મોહતાજ બની ગઈ હોય ત્યાં વળી તેલ કઈ રીતે ઓછું કરવાના?

આમ છતાં ચાલો, આપણે એકવાર નક્કી કરી લીધું કે એક મહિનો મારે ચેલેન્જ લેવી છે. અને વધુ નહીં તો એક મહિના માટે હું સદંતર તેલ ઓછું કરી દઉં છું અથવા બહારનું ખાવાનું બંધ કરી દઉં છું. તો શું થાય?

--તો ખોરાકમાં તેલ ઓછું કરવાથી સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેલ એ કેલરીનો મોટો સ્રોત છે અને વધારે તેલના ઉપયોગથી વજન વધે છે. જ્યારે તમે તેલ ઓછું કરો છો

ત્યારે તમે ઓછી કેલરી લો છો, જેનાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. એકાદ મહિનામાં તમને લાગવા માંડશે કે તમારી અંદર કશુંક હળવું થઈ રહ્યું છે. સાથે જ તમને તમારી ઊર્જામાં પણ વધારો થયેલો જોવા મળશે. વજન ઘટાડવાની સાથે, ઓછું કે નહીંવત્ તેલ હૃદયરોગ, ડાયાબિટીસ અને કેન્સર જેવી અનેક બીમારીઓનું જોખમ પણ ઘટાડે છે.

બાકી બીમારીનું હમણાં રહેવા દઈએ. અને હાલ પૂરતું આપણે હૃદયરોગની વાત કરીએ. તો આપણે સૌ જાણીએ જ છીએ કે તેલ ઓછું કરવાથી કોલેસ્ટ્રોલ (કોલેસ્ટેરોલ) નું સ્તર ઘટે છે, જેનાથી હૃદય રોગનું જોખમ ઘટે છે. આટલું સાદું ગણિત છે, છતાં આપણા મગજમાં આ વાત નથી ઊતરતી. દુઃખની વાત એ છે કે આપણે આપણો સ્વાદ નથી છોડવો એટલે હાર્ટ એટેકનો અળિયોબળિયો તણાવ પર નાખી દઈએ છીએ, પણ કંઈ માત્ર તણાવ જ થોડો હૃદયની બીમારીનું કારણ છે?

મૂળ તો તેલ હૃદયનું આરોગ્ય બગાડે છે, જેને કારણે હૃદય નબળું પડે છે- જેને કારણે હૃદય જરા સરખો પણ તણાવ સહન નથી કરી શકતું. બાકી, માનવજાત વળી, તણાવ વિના ક્યારે રહી છે? આદિમ યુગથી તણાવ સાથે માણસ જીવે છે, પણ આદિમ યુગમાં ભજિયા નહોતા એટલે માણસનું હૃદય એ બધા ઘા ખમી શકતું!

ખેર, આપણે તેલ ઓછું કરવાના બીજા ફાયદા પર નજર કરતા હતા. તેલ ઓછું કરવાથી પાચનક્રિયા પણ સુધરે છે. વધારે તેલ ખાવાથી પાચનક્રિયા ધીમી પડી જાય છે, જેનાથી કબજિયાત અને અપચો જેવી સમસ્યાઓ થાય છે, પરંતુ આપણે જે એ પ્રકારનું ખાવાનું જ બંધ કરી દઈએ તો કબજિયાત અને અપચો જેવી સમસ્યાઓ દૂર થાય છે.

બહારના ખોરાક બાબતે પણ એવું જ છે. બહારનો ખોરાક એક મહિના માટે સદંતર બંધ કરવાથી પણ ઘણા લાભો થાય છે. બહારના ખોરાકમાં વધારે તેલ, મીઠું અને ખાંડ હોય છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બહારનો ખોરાક બંધ કરવાથી તમે તમારા શરીરમાં જતી કેલરી, ચરબી અને મીઠાનું પ્રમાણ ઘટાડી શકો છો. તેનાથી વજન ઘટાડવામાં, હૃદય રોગ અને ડાયાબિટીસનું જોખમ ઘટાડવામાં અને પાચનક્રિયા સુધારવામાં મદદ મળે છે. ખાસ તો આનાથી પેટની બીમારીઓને અત્યંત રાહત રહે છે, જેનો શરીરની ઊર્જામાં અત્યંત લાભ થાય છે.

બહારના ખોરાકમાં પ્રિઝર્વેટિવ્ઝ વધુ હોય છે અને એ પ્રિઝર્વેટિવ્ઝ સીધી રીતે ગેસ અને અપચાને નિમંત્રે છે. સાથે જ એનાથી રોગપ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે, જેને કારણે સતત અમુક એલર્જી થતી રહે અને એ બધુ અંતતઃ માંદગી અને આળસ તરફ દોરી જાય છે. ઈનશોર્ટ, આ બધુ માત્ર એક જ મહિનો કરીએ તો પણ આપણને સુખ સુખ થઈ જાય એમ છે , પરંતુ આ આપણું ય પેલા દુર્યોધન જેવું છે. આપણને ખબર જ છે કે ધર્મ શું છે ? આપણી તકલીફ એ છે કે આપણાથી ધર્મનું આચરણ નથી થતું! ■

ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

રસોઈ એક કળા છે, શાસ્ત્ર છે...

ડિયર હની,

અનેકવાર આ વાક્ય કહેવાય છે કે પતિ કે પુરુષને રાજી કરવાનો સૌથી સરળ રસ્તો પેટથી જાય છે એટલે કે ભોજન સારું હોય તો પુરુષ રાજી રાજી થઈ જાય છે. આ વાક્ય અનુભવે ઘડાયું હોઈ શકે, પણ એક વાત સાવ સાચી છે કે, ભોજન એ સૌને ખુશ કરે છે. એક જ શરત છે એ સારું, સ્વાદિષ્ટ હોવું જોઈએ અને કદાચ એટલે જ કોઈ પણ યુવતી પરણીને સાસરે જાય છે તો એને રસોઈ આવડવી જોઈએ એવો આગ્રહ રાખવામાં આવે છે. ના આવડતી હોય તો એ કારણે કેટલીક સમસ્યા થાય છે. દરેક ઘરમાં છોકરી ગમે તેટલું ભણે કે પછી ગમે તેટલી સારી નોકરી કરતી હોય તોપણ એને રસોઈ શિખડાવવામાં આવે છે.

વાત તો સાવ સાચી છે. જે ઘરમાં ભોજન સારું બનતું ન હોય ત્યાં કજિયા-કંકાસ થતા હોય છે. આપણે ત્યાં રસોઈને કળા કહેવામાં આવી છે. પાક શાસ્ત્ર ગણાય છે. રસોઈ જ નહિ, ભોજન લેવું પણ એક કળા છે એટલે જ કેટલાક પંથોમાં કહેવાય છે કે, ઇટિંગ ઈઝ અ મેડિટેશન.

ગુજરાતીમાં પાકશાસ્ત્ર પુસ્તક છે. ૧૯૩૫માં છપાયેલા આ પુસ્તકમાં કહેવાયું છે કે, 'સુવર્ણ સિદ્ધિ જે પઢે, કરે કાંક રાજ શોધ, પાકશાસ્ત્ર પઢતાં થકી, બહે સરસ રસ બોધ. એટલે કે, જે રસ લે, અભ્યાસ કરે તો એમાં પારંગત થાય છે. વાત સાચી છે અને સામાન્ય રીતે રસોઈને પુરુષ વર્ગ બહુ હળવાશથી લેતો હોય છે, પણ રસોઈકળા બહુ અઘરી હોય છે. કોરોના કાળમાં બધું બંધ હતું અને લોકો ઘરમાં 'કેદ' હતા અને એ વખતે પુરુષોએ રસોઈમાં હાથ અજમાવ્યો ત્યારે ખબર પડી હતી કે, કેટલી વિસે સો થાય! રોટલી કેમેય કરીને ગોળ થતી નહોતી અને વઘાર બળી જતો હતો!

રસોઈમાં કેટલી વિવિધતા હોય છે. જામનગર આયુર્વેદ યુનિવર્સિટીનાં પૂર્વાચાર્ય ડૉ. હિતેશ જાની કઈ વાનગી કઈ રીતે થાય એની બહુ મજાની વાત કરે છે. વઘાર ક્યારે થાય, તળવું ક્યારે જોઈએ, શેકવું શા માટે? ગ્રીલ ક્યારે કરવું.... આ એક એવું શાસ્ત્ર છે, જે બધાને હાથવગું નથી હોતું. સ્ત્રીને જ્યારે અન્નપૂર્ણા કહેવામાં આવે છે એ પાછળ કેટલી વિભાવનાઓ પડેલી છે.

ઘણાં ઘરોમાં સામાન્ય ડાયલોગ સંભળાય છે કે, પત્નીએ કોઈ વાનગી બનાવી હોય તો પતિ કહે છે કે, 'મારી બા જેવી બની નથી.' લાખો વાર આ સંવાદ આપણા કાને પડ્યો છે. આવું શા માટે કહેવાય છે એ કદી વિચાર્યું છે? તમને એક સ્વાદ દિલોદિમાગમાં વસી ગયો હોય છે. તમારી હાર્ડ ડિસ્કમાં એ સ્ટોર થયો છે. માની લો કે, બટેટાનું શાક પત્નીએ બનાવ્યું એટલે તમારી મા બનાવતી હતી એ સ્વાદ યાદ આવી જવાનો, પણ બટેટાનું શાક કેટલી રીતે બને છે એ તો વિચારો. એની સૂકી ભાજી થાય, રસાવાળું થાય. છાલસોતું થાય, બાફીને થાય, શેકીને થાય, તળીને થાય. આખા બટેટાનું ભરેલું થાય, પણ તમે પેલું માએ બનાવેલા શાક સાથે જ બધું સરખાવો છો. પતિદેવને કોણ સમજાવે કે પછી એવા પુરુષોને કોણ સમજાવે કે, બધાની રસોઈ અલગ અલગ હોય છે. એ અલગતાને પણ સ્વીકારવી જોઈએ. દરેક સંતાનને એની માતાની રસોઈ ભાવતી જ હોય છે, પણ ઘરમાં કોઈ નવા સભ્ય આવે એને રસોઈ આવડતી નથી એનું એકમાત્ર કારણ એમાં અલગતા છે એટલે એને વખોડવી એ બરાબર નથી.

હા, બાય ધ વે, તારા હાથની રસોઈ તો મને બહુ પસંદ છે, કારણ કે તે બાનો વારસો તો જાળવ્યો જ છે અને સાથોસાથ એમાં તારી પોતાની કુનેહ પણ ઉમેરી છે અને ઘણા વડીલ મિત્રો તને 'અન્નપૂર્ણા' કહે છે ત્યારે તને તો આનંદ થાય, પણ હું કેટલો રાજી થાઉં છું એની શું વાત કરું? હું ક્યારેક બાની તસવીર સામે જોઈ એમને યાદ કરી લઉં છું અને પછી તને અને તારી રસોઈને.

એક બીજી વાત પણ કહેવી છે. આજેય ઘણા લોકો એવું માને છે કે, તેલ ભારોભાર હોય એ જ સારી વાનગી. એમાંય ગામડામાં કોઈ પ્રસંગે રસોઈ બની હોય અને એમાં તેલ ઓછું હોય તો ટીકા થાય છે. ક્યારેક તો એવું બને છે કે, જેમાં શાક ભર્યું હોય એ તપેલામાં કે એ વાસણમાં ઉપર તો તેલ જ તેલ તરતું હોય - શાક તો એમાં ચમચો ફેરવો ત્યારે હાથ આવે. આ તે કેવી રસોઈ! ગુજરાતીઓ કદાચ દેશમાં સૌથી વધુ તેલ ખાય છે અને 'અમુલ'ને જેમણે વિશ્વકક્ષાએ બ્રાંડ બનાવી એ ડૉ. વર્ગીસ કુરિયને તેલના સંદર્ભે જ એકવાર ગુજરાતી મહિલાની કમરની વાત કરેલી અને બહુ વિવાદ થયો હતો. આમ છતાં, ભારતીય લોકોમાં તેલના વધુપડતા ઉપયોગ વિશે આપણા વડા પ્રધાને પણ તાજેતરમાં ટકોર કરી છે.

ખેર, ઓછા તેલથી પણ સારી રસોઈ બને છે, સ્વાદિષ્ટ બને છે એ તો હવે બધા જાણે છે. હા, એક વાત તેં નોંધી કે ઘરના રસોડામાં સ્ત્રીનું રાજ હોય છે, પણ હોટેલમાં મોટા ભાગે પુરુષો જ શેફ કેમ હોય છે? આ વિશે વિચારજે, એની પણ ક્યારેક વાત કરીશું.

તારો બન્ની

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

ઘર-નોકરોની જોહુકમી પણ ઘર છોડાવે...

રમાબહેન અને રમેશભાઈ એક મજાનું દંપતી. સુરેશ દલાલના કાવ્ય 'કમાલ કરે છે, એક ડોસી ડોસાને હજુ વહાલ કરે છે....' જેવું વહાલસોયું એમનું દાંપત્ય. બેમાંથી એક પણ ઘરે ન હોય તો બીજાને ચેન ન પડે. જ્યાં જાય ત્યાં બંને સાથેને સાથે જ જાય. બધાં એમને 'એક દૂજે કે લિયે' કપલ કહેતા. આ જ કારણ હતું કે રમાબહેન કદી પિયર રહેવા પણ નથી ગયાં. એ પિયર જાય તો રમેશભાઈને તો ન જ ગમે, પણ રમાબહેનનું મન પણ પિયરમાં લાગે નહીં. લગ્નજીવનની શરૂઆતમાં રમાબહેનના બાબાપુજીને ખરાબ લાગતું કે રમા કદી રોકાવા આવતી નથી, પણ ધીરે ધીરે એ સમજી ગયા હતા કે આ હંસલાની જોડી છે. એકબીજા વિના રહી શકે તેમ નથી.

આવાં મજાનાં કપલના જીવનમાં એક દુઃખ હતું. સૌના જીવનમાં કાંઈક તો ખૂટતું જ હોય છે. આ દંપતીના જીવનમાં પણ એક કમી રહી ગઈ હતી. એમને કોઈ સંતાન ન હતું.. પછી ઉંમર થતાં એમણે મન વાળી લીધું અને પ્રભુભક્તિ તરફ વળ્યાં.

પૈસેટકે પણ સંપન્ન હતાં રમેશભાઈ-રમાબહેન . વર્ષોથી એક બેડરૂમ-હોલ-કિચનના ઘરમાં રહેતાં હતાં. એમના સૌ સગાં-સંબંધી મોટા ઘરમાં રહેવા ગયા. એ બધાં પણ આગ્રહ કરવા લાગ્યા કે તમે પણ હવે મોટા ફ્લેટમાં રહેવા આવી જાવ.... રમેશભાઈને પણ થયું : ચાલો, નવા મકાનમાં રહેવાં જઈએ. લિફ્ટ હોય, સ્વિમિંગ પૂલ, જીમ, ગાર્ડન હોય એવાં મકાનમાં રહેવા જઈએ. પૈસા છે તો મોજથી રહીએ. આપણે ક્યાં કોઈ પાછળ વાપરવાવાળુ છે?

એક બહુમાળી ઈમારતના વીસમા માળે બે બેડરૂમના આલીશાન ફ્લેટમાં એ બન્ને શિફ્ટ થયાં. બહુ સરસ ઘર હતું. જૂનું ઘર ખાલી કરતા રમાબહેન રડી પડ્યાં. રમાબહેનની વર્ષોથી કામ કરતી બાઈ. સાવિત્રીએ એમની બહુ સેવા કરી હતી. એમને માતાપિતાની જેમ સાચવતી હતી. સામે પક્ષે રમાબહેને પણ સાવિત્રીને સાચવી લેતા.. જૂના ઘરથી નવું ઘર તો બહુ જ દૂર હતું તેથી સાવિત્રી ત્યાં કામ કરવા આવી શકે નહીં.

ખેર, નવા ઘરમાં રહેવા ગયાં. કામવાળી બાઈ શોધી કાઢી. શકુબાઈ નામની બાઈ સાથે કામ નક્કી કર્યું. નવું મકાન અને બહુમાળી ઈમારત હોવાથી અહીં રહેવા આવનાર લગભગ બધાં જ લોકો પૈસાપાત્ર હોય એમ ધારીને બાઈઓ અહીં કામના ભાવ વધારે જ માગે. જરૂર હોય એટલે બાઈને મોં માગ્યા પૈસા આપવા પણ પડે. વયોવૃદ્ધ હોય, નોકરી કરતી હોય, નાનાં બાળકો હોય એ બધી જ ગૃહિણીને કામવાળી બાઈ વગર ચાલે જ નહીં એટલે કામ દીઠ વધારે જ પૈસા માગે.

રમાબેને નવી બાઈ શકુબાઈને કહ્યું, 'ભલે, તું કહે છે તેટલા પૈસા આપીશ પણ મને કામ ચોખ્ખું જોઈએ. અને બહુ ખાડા નહીં કરવાના.

પહેલું અઠવાડિયું તો સારું કામ કર્યું. રમાબહેન રાજી થયાં : ચાલો, સારી બાઈ મળી ગઈ, પણ આઠ-દસ દિવસ પછી શકુબાઈ કામમાં વેઠ ઉતારવા માંડી. એટલું ગંદું કામ કરે કે એના ગયા બાદ રમાબહેને પાછું બધું સાફ કરતા એક કલાક જાય. હવે સિતેર વર્ષની ઉંમરે એમનાથી આ બધું થતું નહીં. રમાબહેન સ્વચ્છતાના આગ્રહી. શકુબાઈને કહે પણ સાંભળે નહીં તેથી પોતે સફાઈ કરવા મંડી પડે અને પછી તેમના હાથ-પગમાં કળતર થાય. પછી તો જેવું તેવું કામ કરતી શકુબાઈ તો ખાડા પણ બહુ પાડવા માંડી. મહિનામાં દસ દિવસ તો રજા પાડે. રમાબહેન કાંઈ કહે તો એની પાસે હજાર બહાના હોય. બીમારીનું બહાનું કાઢીને પૈસા પણ ઉધાર લઈ જવા માંડી હવે રમાબેન ત્રાસ્યાં હતા. શકુબાઈને પાણીચું આપી દીધું. પાંચ-દસ હજાર ઉધાર આપેલાં રૂપિયા પણ જતા કર્યા. બીજી બાઈ ઉષાને રાખી. એ તો વળી ચોરની બેન ઘંટીચોર નીકળી. કામ તો ગંધારું જ કરે. પગાર પણ શકુબાઈ કરતાં વધારે માગ્યો. અને મહિનામાં બાર-પંદર દિવસ ગુટલી મારે. કામ પર આવવાના સમયનું ઠેકાણું નહીં. આવશે કે નહીં તે પણ નક્કી ન હોય તેથી રમાબહેને ફોન પર ફોન કરવા પડે.

એક દિવસ ઉષાબાઈ રસોડામાં કામ કરતી હતી. રમાબેન પાણી પીવા રસોડામાં ગયા તો એમણે જોયું કે પ્લાસ્ટિકની થેલીમાં સાકર ભરીને તે પોતાની બેગમાં મૂકતી હતી. અચાનક રમાબેનને આવેલા જોઈને એ ચમકી. રમાબહેને પૂછ્યું 'આ શું કરે છે?' તો ઉષાબાઈએ નફ્ફટાઈથી કહ્યું, 'સાકર જોઈહતી હતી એટલે લીધી.'

'પણ મને પૂછવું જોઈએને?'

'એમાં પૂછવાનું શું? તમે થોડા ના પાડવાના હતા?'

હવે તેમને ખ્યાલ આવ્યો કે કિચનમાંથી આવી બધી ચીજ-વસ્તુઓ થોડા જ દિવસોમાં ખલાસ કેમ થઈ જતી હતી.... એવામાં રમાબહેનેને તાવ આવ્યો તોય ઉષાબાઈની તકલીફ ચાલુ. ઉષાને કામ છોડવાનું કહ્યું તો દાદાગિરી પર ઊતરી આવી, 'મારું કામ છોડાવશો તો બીજા કોઈને પણ કરવા નહીં દઉં!'

રમાબહેનના બહેન ખબર કાઢવા આવ્યા ત્યારે એમને બધી વાત કરી. બહેને કહ્યું, આ ઉંમરે હવે આ નોકરોને સંભાળવાની આપણી તાકાત નથી. વળી એકલા અને વૃદ્ધ જોઈને વધારે હેરાન કરે. મારી નણંદ એક વૃદ્ધાશ્રમમાં રહેવા ગયાં છે, તમે બંને પણ ત્યાં ચાલ્યા જાવ. ત્યાં તમારું બધુ જ કામ કરવા માટે સ્ટાફ હોય. તમારે કાંઈ ચિંતા જ નહીં. આ ઉંમરે વળી કામવાળાની પળોજણ ક્યાં કરવી?

બહેનની વાત માનીને રમાબહેન -રમેશભાઈ વૃદ્ધાશ્રમમાં રહેવા ચાલી ગયાં . વૃદ્ધાશ્રમનો સ્ટાફ એમનું પૂરતું ધ્યાન રાખે છે અને સ્ટાફ સાથે પણ એમને કયારેય સીધી માથાઝીંક કરવી નથી પડતી...આજે હવે એ બંને શાંતિથી વૃદ્ધાશ્રમમાં રહે છે.

ઘર-નોકરોના ત્રાસને લીધે પણ કયારેક આ રીતે વૃદ્ધાશ્રમનો આસરો લેવો પડતો હોય છે. ■

આ કથાના સર્જક **સુરેશ સોમપુરા** અનુભવી પત્રકાર હોવા ઉપરાંત એક લેખક - કાર્ટૂનિસ્ટ સાથે કુશળ ફોટોગ્રાફરની બહુવિધ પ્રતિભા ધરાવતા હતા. 'યુવદર્શન' સાપ્તાહિકના તંત્રી તરીકે ઝળહળતી સફળતા મેળવનારા સુરેશભાઈનાં પુસ્તકો આજે પણ એમના ચાહકો હોંશભેર વાંચે છે - યાદ કરે છે. ૧૯૭૭માં આલેખાયેલી એમની 'અઘોરીઓ સાથે પાંચ દિવસ'ની અનુભવ કથાએ પત્રકારત્વ ક્ષેત્રમાં રીતસરનો તહેલકો મચાવી દીધો હતો! આ પુસ્તકની ગુજરાતી, હિન્દી, મરાઠી, મલયાલમ, કન્નડ જેવી ભાષામાં અનેક આવૃત્તિ પ્રગટ થઈ છે.

જાતતપાસ દ્વારા મંત્ર-તંત્ર - અગમનિગમ અને અગોચરની દુનિયાનાં રહસ્યોની વાત પેશ કરીને અંધશ્રદ્ધામાં અટવાયેલા લોકોને માર્ગદર્શન આપવું એ સુરેશભાઈનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો અને એટલે જ એમનાં અન્ય પુસ્તક 'ચમત્કારને નમસ્કાર' તથા 'કાપાલિકના જગત' વગેરેને પણ વાચકોએ વધાવી લીધાં હતાં.



સાલા, મૈં તૂઝે ઐસી મૂઠ મારુંગા કી તું ખતમ હો જાયગા... ખૂનકી ઊલટિયાં હોગી ઔર તડપ તડપ કર મરેગા!

'યુવદર્શન'ની અમારી ઑફિસના ટેબલ પર આવીને બેઠો. સામે ટેબલ પર ટપાલ અને પ્રૂફોનો ઢગલો પડ્યો હતો. અખબારો પર એક સરાસરી નજર નાખી. કૌભાંડો, અકસ્માતો અને કાવાદાવાના સમાચારોથી મથાળાં ઊભરાતાં હતાં એ બધું ડિટેઈલમાં નિરાંતે વાંચવાનો વિચાર કરીને પ્રૂફો વગેરેનો નિકાલ કર્યો. ટપાલના પરબીડિયાં પરનાં સરનામાં વાંચ્યાં. કેટલાંકમાં વાર્તા- લેખો હતાં તે એક બાજુ મૂક્યાં. એક વજનદાર અને જરા ચોળાયેલાં કવર પરનું મોકલનારનું સરનામું અને અક્ષરો જોઈ આંખોમાં ચમક આવી ગઈ.

દત્તુને ચા લાવવાનું કહી મેં એ ચોળાયેલું કવર ખોલ્યું. પત્ર મારા મિત્ર સ્વામી શિવાનંદનો હતો. ઘણા દિવસે શિવાનંદનો પત્ર મળવાથી રોમાંચ અનુભવ્યો. રોમાંચ અનુભવવાનું એક કારણ બીજું પણ હતું. સ્વામી શિવાનંદને મેં તે સવારે જ યાદ કર્યા હતા. મારે મારા પુસ્તક 'ચમત્કારને નમસ્કાર'ના તૈયાર થયેલાં પ્રકરણો એમને બતાવવાં હતાં- પણ એ અલગારી માણસનું આ ભારત દેશમાં કોઈ નિશ્ચિત ઠેકાણું ન હોવાથી એમનો સંપર્ક ક્યાં સાધવો? આ પત્રથી કમસે કમ મારી એ ચિંતા દૂર થશે એમ મને લાગ્યું.

મેં પત્ર વાંચવો શરૂ કર્યો. પત્ર હિંદીમાં હતો:

'પ્રિય સુરેશભાઈ,

ઘણા દિવસે પત્ર લખું છું. ગરમીના દિવસો દરમિયાન દક્ષિણ ભારતનાં ગામડાઓમાં ભટકતો રહ્યો. થોડા જ દિવસથી હરદ્વાર આવ્યો છું. પાંચેક વર્ષ પહેલાં આપણે જ્યારે બેલૂરમાં હતા ત્યારે તમે એક ઇચ્છા વ્યક્ત કરી હતી. એ તો આપને યાદ હશે જ.

ત્યારે આપે જણાવ્યું હતું કે આપ સાચા અઘોરીઓને મળવા ઇચ્છો છો ત્યારે આપે એમ પણ કહ્યું હતું કે આપ અનેક કહેવાતા તાંત્રિકો, કાપાલિકો વગેરેને મળ્યા છો, પણ સાચેસાચા અઘોરીઓને ક્યારેય મળ્યા નથી. આપની જિજ્ઞાસુતાનો મને અંદાજ છે એટલે એ વાત મારા મનમાં કોતરાઈ ગઈ હતી.

અચાનક જ ગઈ કાલે અહીં હરદ્વારમાં મેળાપ બાબા ભૈરવનાથ સાથે થયો. સાડા છ ફૂટની ઊંચાઈ, પડછંદ કાયા, ચહેરા પર શીતળતાના ચાંઠા મોટી કાળી દાઢીમાંથી પણ ડોકિયાં કરે. વેધક આંખો. અંગ્રેજી અને ફ્રેન્ચમાં પણ કડકડાટ બોલી શકે છે. કૌપીનધારી એ સાધુ સાથે સ્વાભાવિક જ મેં પરિચય કેળવ્યો. મારા પરિચય પછી એમણે મને જણાવ્યું કે એ અઘોરીપંથી છે. સેંકડો વર્ષોની પરંપરામાં જે કેટલાક વામમાર્ગીઓ આ દેશમાં બચ્યા છે તેમાંના એક શ્રી લકુલેશ એમના ગુરુ છે. (લકુલેશ નામ આ પહેલાં પણ જૂના ઇતિહાસોમાં તમે વાંચ્યું હશે.)

એક વિચિત્ર વાત એમણે મને કહી. એમના કહેવા મુજબ આ દેશમાં એકાદ લાખ જેટલા વામમાર્ગીઓ છે. ખુલ્લંખુલ્લા એ અઘોરીઓની જેમ ફરતા કે વર્તતા નથી, પણ શહેરીઓની સાથે ભળીને પ્રતિષ્ઠિત નાગરિકની જેમ જીવન વિતાવતાં વામમાર્ગને અનુસરે છે. એમણે જે મને કેટલાંક નામો કહ્યાં તેનાથી હું ચોંકી ઊઠ્યો હતો.

એ પછી એમની સાધનાઓ અને તત્ત્વજ્ઞાન વિશે પણ લાંબી ચર્ચાઓ થઈ. સ્વાભાવિક જ મેં એમાં તમારો ઉલ્લેખ કર્યો હતો. કલ્પનાયોગ અને સ્વધર્મ વિશેના તમારા વિચારો પણ એમને જણાવ્યા હતા. એ બધું માનવા તૈયાર ન હતા, પણ સ્વાભાવિત થયા હોય એમ દેખાઈ આવતું હતું. ચૈતન્યાનંદ સાથેના તમારા સંબંધો જાણ્યા પછી એમણે તમને મળવાની ઉત્કંઠા દાખવી. એ ચૈતન્યાનંદને ઓળખતા હોય એમ લાગ્યું. જોકે એમણે એ વિશે મને કશું કહ્યું નહીં.

આ પછી એમણે જણાવ્યું કે મધ્ય પ્રદેશનાં જંગલોમાં અઘોરીઓ એક ખૂબ જ ગુપ્ત સાધના શિબિરનું આયોજન કરી રહ્યા છે. ભારતના સર્વોચ્ચ-શ્રેષ્ઠ વામમાર્ગી અઘોરીઓ એમાં ભાગ લેશે.

તાત્કાલિક જ મેં પૂછ્યું: 'સુરેશભાઈને તમે એ શિબિરમાં આમંત્રી શકો?'

'એ આવવા તૈયાર થશે?' એમણે પૂછ્યું. એમના આવા સવાલથી પ્રોત્સાહિત થઈ મેં કહી દીધું:

'અવશ્ય, અમને એ ગમશે.'

ખરેખર તો મને ખબર નથી કે આજકાલ તમે કેવા કામમાં રોકાયા છો, તમે જઈ શકશો કે નહીં! આમ છતાં મેં એમને તમે પાંચ વર્ષ પહેલાં દર્શાવેલી ઇચ્છાના આધારે 'હા' પાડી દીધી છે.

એ પછી એમણે કહ્યું કે: એ સાધના સમયે તમને ત્યાં પ્રવેશ મળે એ માટે કોશિશ કરશે, પણ આ પછી એમણે મને એમની સાધનાની- ભયાકનતાની જે વાતો કરી એ પરથી મેં મનોમન વિચાર્યું કે તમે એ શિબિરમાં ન જાવ તો સારું. ત્યાં વશીકરણના પ્રયોગો થાય છે. ભયાનક વાઘને વશ કરી બકરી બનાવી દેવાનો દાવો મારી સામે એ અઘોરી બાવા ભૈરવનાથે કર્યો. ચેતૂવિદ્યા દ્વારા એ અન્ય માનવીઓ પર કેટલી હદે કાબૂ મેળવી શકે છે એની વિચિત્ર વાતો એમણે મને કરી. મૂઠ દ્વારા સેંકડો માઈલ દૂર બેઠાં બેઠાં કેવી રીતે કોઈની હત્યા કરી શકાય એ પણ એમણે મને પોતાની લાક્ષણિક ઢબે સમજાવ્યું. જાતીયતા અને જીવન વિશેના એમના વિચારો, સાધનામાં માનવ બલિદાનો વગેરે એમની માન્યતાઓ એટલી ભયાનક છે કે કંપારી છૂટે.

આમ છતાં આપને આ પત્ર લખી રહ્યો છું. આજ સવારે જ ભૈરવનાથ મને કહી ગયા કે તમે સાધનામાં ભાગ લઈ શકો એવો પ્રબંધ એમણે કર્યો છે. અમાવાસ્યાની પહેલાં સાતેક દિવસથી સાધના શરૂ થશે. અમાવાસ્યા પછી ત્રણ દિવસ ચાલશે. તમે ગમે ત્યારે એ સાધનામાં જોડાઈ શકશો. સાધનાની વિગતો પ્રગટ કરતાં પહેલાં તમારે એમના મુખ્ય અધિકારીની પરવાનગી લેવી પડશે.

આપ આપની ઇચ્છા મને તાર કરીને જણાવશો. આપે સહુ પ્રથમ જબલપુર આવવું પડશે. ત્યાં હું આપને મળીશ. એ પછી બાબા ભૈરવનાથ સાધના સ્થળે જવા માટે પ્રબંધ કરશે. સાધનાનું કોઈ ચોક્કસ સ્થળ એમણે મને જણાવ્યું નથી.

ચારેક દિવસ હું હરદ્વારમાં જ છું. આનંદ આશ્રમના સરનામે આપ મને જવાબ લખશો.

બાકી કુશળ

શિવાનંદનાં સ્નેહસ્મરણ

કેટલીય વાર સુધી હું પત્ર હાથમાં પકડી બેસી રહ્યો. સામે ચા ઠંડી પડી ગઈ હતી.

સવારે વહેલા ઊઠવાનું. એ જ રોજનો નિત્ય ક્રમ, ફરવા જવાનું, ચા પીવાની, છાપું વાંચવાનું, જમવાનું, બાળકો સાથે, પત્ની સાથે વાતો અને અહીં આવવા એક ચોક્કસ ટ્રેન કે બસ પકડવાની. એના પરિચિત ચહેરાઓની પરિચિત વાતો સાંભળ્યા કરવાની. એકાદ ઝોકું ખાઈને ટ્રેનમાંથી ઊતરવાનું અને 'સંત સરવર'ના પરબમાંથી ઠંડું પાણી પીને લિફ્ટમાં બેસી ઑફિસે પહોંચવાનું. ડહોળાયેલા રાજકારણની ડહોળાયેલી ચર્ચા, મોંઘવારીની ફરિયાદો, ફરિયાદોની ફરિયાદો અને રોજેરોજ એ જ જૉક્સ, હવાઈ ગયેલી વાતો અને ખોટેખોટું હસવાનું અને જેને મળવા ઇચ્છતા ન હોઈએ તેવાને પણ ગંભીર થઈને કહેવાનું: 'ઘણે દિવસે મળ્યા!'

ક્યારેક થાય કે આ બધાથી દૂર ક્યાંક એવા સ્થળે ચાલ્યા જઈએ જ્યાં આમાંનું કશું ન હોય અને આ ઇચ્છા જાણે સ્વામી શિવાનંદના પત્રમાંથી પડઘાતી હતી.

અઘોરીઓ, કાલ્પનિક કથાના પેલા ભયાનક બાવાઓ મારી આંખ સામે આકાર ધારણ કરવા લાગ્યા.

મને યાદ આવ્યો પેલો પાંચ વર્ષ પહેલાનો દિવસ જ્યારે મેં શિવાનંદ પાસે અઘોરીઓને- સાચા અઘોરીઓની મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

તે દિવસે હું, મારો મિત્ર પ્રમોદ અને અમારો પંજાબી સાથી જગજીત બેલૂરના મંદિરની મૂર્તિકલાને અમારા કૅમેરાની ફિલ્મો પર ઝડપી રહ્યા હતા.

જગજીત ગરમ સ્વભાવનો જવાન હતો. તે દિવસે થોડો અસ્વસ્થ હતો. બે દિવસ પહેલાં જ મૈસૂરમાં એણે એક બાવા સાથે ઝઘડો કર્યો હતો. બહારથી ભલે એ કંઈ બોલતો નહોતો, પણ એની અસ્વસ્થતાનું કારણ હું સારી રીતે જાણતો હતો. સદાય બકબક કર્યા કરતો અને વાતવાતમાં હસ્યા કરતો જગજીત આજે ચૂપચાપ ઊંધું ઘાલીને તસવીરો ઝડપ્યા કરતો હતો. એના મનમાં ચાલી રહેલા તોફાનને હું સારી રીતે જાણતો હતો.

એટલામાં જ સ્વામી શિવાનંદ ત્યાં આવી ચડ્યા. એમને જોઈ મને આનંદ થયો, પણ આશ્ચર્ય જરાય થયું નહીં, કારણ કે શિવાનંદને હું છેલ્લાં ચારેક વર્ષથી ઓળખતો થયો હતો. એ અલગારી યુવાન સ્વામી મહાજિજ્ઞાસુ છે. એણે કોઈ પણ પંથ યા ધર્મ યા માન્યતાની કંઠી બાંધી નથી. ભારતની અને વિદેશની અનેક ભાષાઓ પર સારોક કાબૂ ધરાવે છે. વાંચન પણ વિશાળ છે. ભારતભરમાં ઘૂમીને એ ફક્ત અધ્યયન કરે છે - માનવ સ્વભાવનું. પાંત્રીસેક વર્ષના આ સ્વામી મને અનેક સ્થળે અચાનક ભેગા થઈ જતા.

એ દિવસ અમે સાથે જ વિતાવવાનું નક્કી કર્યું.

સરકીટ હાઉસમાં રાતનું ભોજન પતાવ્યા પછી હું શિવાનંદ સાથે ગપ્પાં મારતો બેઠો હતો એટલામાં પ્રમોદ હાંફળોફાંફળો આવ્યો અને બોલ્યો:

'જગજીતને ઊલટીઓ થઈ રહી છે.'

હું અને શિવાનંદ, જગજીત જ્યાં સૂતો હતો ત્યાં ગયા. જગજીત ખૂબ બેચેન હતો. આંખો ફાટી ગઈ હતી અને પીડા સહન ન થતી હોય એમ દાંત ભીંસ્યા હતા. બેચેનીમાં એ પથારીમાં પડખાં ફેરવવા લાગ્યો અને કણસવા લાગ્યો. મેં પૂછ્યું:

'શું થાય છે જગજીત?'

એ માંડ માંડ બોલ્યો: 'આખું શરીર તૂટે છે. ભયાનક પીડા થઈ રહી છે. કોઈ મને જાણે ભીંસી રહ્યું છે.'

હું ધ્રૂજી ઊઠ્યો. મારો ભય સાચો પડી રહ્યો હતો.

મેં જગજીતને સાંત્વના આપી. પ્રમોદે ક્યાંકથી લાવીને એને થોડી બ્રાન્ડી પિવડાવી. સરકીટ હાઉસના ચોકીદારને કહી ડૉક્ટરની તપાસ કરાવી, પણ મોડી રાતે ડૉક્ટર મળવાની કોઈ સંભાવના નહોતી.

બ્રાન્ડીની અસરથી જગજીતને થોડી શાંતિ વરતાવા લાગી. એ ઊંઘવા લાગ્યો. જગજીત પાસે પ્રમોદને બેસાડી હું અને શિવાનંદ ફરી બહાર જઈ બેઠા.

'ક્યા બાત હૈ?' શિવાનંદે પૂછ્યું.

'જગજીત માની બેઠો છે કે એને કોઈએ મૂઠ મારી છે.' હતાશાથી મેં કહ્યું.

'મૂઠ!' શિવાનંદે આશ્ચર્યથી પૂછ્યું હતું.

'હા' અને પછી મેં એને બે દિવસ પહેલાં બનેલો પ્રસંગો કહી સંભળાવ્યો.

તે દિવસ દશેરાનો હતો અને અમે મૈસૂરમાં હતા. મહારાજાઓની વિદાય પછી સવારી નીકળે છે, પણ એમાં પહેલાંના જેવો દમામ હોતો નથી. લોકોનો ઉત્સાહ પણ પહેલાં જેટલો ન હોય એ સ્વાભાવિક છે. આમ છતાં 'ફેર અને ફેસ્ટિવલ' સિરીઝ માટે અને મૈસૂરના દશેરાને કૅમેરામાં ઝડપવાનો નિર્ણય કર્યો હતો. મૈસૂરના મહારાજના વિશાળ મહેલ સામેના ચોગાનમાંથી સવારી શરૂ થવાની હતી. અમે સામેના મકાનની નજીક ઓટલા પર અમારા કૅમેરાઓને ટ્રાઈપોડ પર ગોઠવી રહ્યા હતા. કેટલાક લોકો કુતૂહલથી અમને જોઈ રહ્યા હતા. અચાનક એક ઊંચો કદાવર બાવો જગજીતના કૅમેરાની આડો આવી ઊભો રહ્યો. જગજીતનો સ્વભાવ આમેય ગરમ છે. એના પંજાબી ખમીરને અનુરૂપ એણે બાવાને ઉદ્ધતાઈથી પડકાર્યો અને કૅમેરાની સામેથી હટી જવા કહ્યું. પેલા બાવાએ નરી બેફિકરાઈથી જગજીત સામે જોયું અને ફરી એમ ને એમ ઊભો રહ્યો. આ અવગણનાથી જગજીતનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. એણે બાવાને હાથથી ધક્કો મારી દૂર હડસેલ્યો. બાવો પણ અડિયલ હતો, એ ફરી ત્યાં જ આવીને ઊભો. એ પછી જગજીતે બાવાને ગાળો દેવાની શરૂઆત કરી. થોડી જ વારમાં બન્ને હાથોહાથ આવી ગયા હતા. હું અને પ્રમોદ અમારા કૅમેરા સાચવવામાં રોકાયા હતા. અચાનક બાવાએ પોતાનો જોરદાર પંજો જગજીતના ગાલ પર ઝીંકી દીધો. જગજીતના હોઠ પાસેથી લોહી વહેવા માંડ્યું. એ ગુસ્સામાં આવી બાવા પર થૂંક્યો. થૂંક બરાબર બાવાની વિશાળ છાતી પર પડ્યું. બાવાએ એક વિચિત્ર હરકત કરી. એણે ચપળતાથી રસ્તા પર પડેલી ધૂળ ઊંચકી પોતાની છાતી પર પડેલા થૂંક પર નાખી. એ થૂંકવાળી માટીને એણે પોતાની પાસેના એક પાંદડામાં વીંટી લીધી. એ પછી વિચિત્ર રીતે કટાક્ષયુક્ત હાસ્ય કરી જગજીત સામે જોઈ બોલ્યો:

'અબ તૂઝે કોઈ બચા નહીં સકતા સાલા. મૈં તૂઝે ઐસી મૂઠ મારુંગા કી એક સપ્તાહ મેં હી તું ખતમ હો જાયગા, ખૂનકી ઊલટિયાં હોગી ઔર તડપ તડપ કર મરેગા.' આટલું કહી બાવો ઝડપથી જમા થયેલાં ટોળાં વચ્ચે અદૃશ્ય થઈ ગયો.

જગજીત ક્રોધ અને ભયથી કંપવા લાગ્યો હતો. થોડી જ વારમાં સવારી શરૂ થઈ. અમારો મૂડ ખરાબ થઈ ચૂક્યો હતો. જેમ તેમ કેટલીક તસવીરો ઝડપી અમે વિદાય લીધી. ત્યારથી જગજીત ગૂમસૂમ બની ગયો હતો. તે રાતે એને થોડો તાવ પણ આવી ગયો હતો. મેં એની સાથે વાતો કરવાની કોશિશ કરી તો એ ફરી ફરીને 'મૂઠ' વિશે જ વાતો કરતો. એની વાતો પરથી મને લાગ્યું એ 'મૂઠ' વિશે ખૂબ જ જોરદાર માન્યતા ધરાવે છે. મેં અનેક રીતે એના મનમાંથી એ વહેમ કાઢી નાખવાની કોશિશ કરી, પણ એ બધી નાકામિયાબ રહી. એક તો એની માન્યતાઓએ ઊંડી જડ ઘાલી હતી અને ત્યારે એ ખૂબ જ ભયભીત બનેલો હતો.

શિવાનંદ અને હું ચૂપચાપ કેટલોક સમય બેસી રહ્યા. મેં શિવાનંદને કહ્યું: 'તમે તો ભારતમાં અનેક જગ્યાએ ફર્યા છો. તમે સાચા તાંત્રિકો, અઘોરીઓ, વામમાર્ગીઓ જોયા છે ખરા? હું જેમને મળ્યો છું એમાંના મોટા ભાગના બનાવટ કરતા હોય છે અને બાકીના કેટલાક માણસમાં જડ ઘાલી બેઠેલી માન્યતાઓના કારણે નિર્માણ થયેલા ભયનો લાભ ઉઠાવતા હોય છે. કોઈ સાચા તાંત્રિકો, અઘોરીઓ, વામમાર્ગીઓ હોય તો મારી ઇચ્છા એમને મળવાની છે.'

વર્ષો પછી એ ઇચ્છા પૂરી થવાની ક્ષણ આવી હતી. મેં તરત જ અમારા તંત્રી રસિકભાઈ ભુતા પાસે પરવાનગી મેળવી શિવાનંદને તાર કરી દીધો.

'જબલપુર સ્ટેશન પર મળીશ આવતા બુધવારે.'

મેં જવા માટેની તૈયારીઓ આરંભી દીધી. અઘોરીઓ સાથેની મુલાકાત રસપ્રદ થશે એ વિશે મને શંકા નહોતી. આમ છતાં કોઈ ચહેરો મને ત્યાં જતાં રોકવાની કોશિશ કરતો હતો અને એ ચહેરો હતો જગજીતનો.

-પણ મારે તો જગજીતના એ રહસ્યને ઉકેલવા જ અઘોરીઓને મળવાનું હતું. શિવાનંદે જે રીતે એ અઘોરીનું ભયાનક વર્ણન કર્યું હતું એથી પણ મારો એમને મળવાનો ઉત્સાહ વધ્યો હતો.

-અને આખરે હું અઘોરીઓને મળવા રવાના થયો. **(ક્રમશઃ)■**

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

A	B
ચવ	પૈડું
चंग	ધનુષ્ય
चाप	સ્વાદ
चाक	આંકો
चास	કમરપટ્ટો

ઓળખાણ પડી?

ગાંધીવાદી વિચારસરાને અનુસરનારા અને અંડરગ્રાઉન્ડ રેડિયો સર્વિસથી સ્વાતંત્ર્ય લડતમાં યોગદાન આપનારાં સન્નારીની ઓળખાણ પડી?

અ) અરુણા આસફ અલી બ) ઉષા મહેતા ક) સુચેતા કૃપલાણી ડ) એની બિસેન્ટ

ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સગા ફૂઆની દીકરીનાં એકમાત્ર સગા મામીનો સગો ભાઈ સગપણમાં એ પુરુષને શું થાય એ જરા દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) સાળો બ) મામા ક) ભત્રીજો ડ) કાકા

જાણવા જેવું

ઊંચી કોટિના જીવની આંખ બહુ ફરી શકે એવી અને કઠણ હોય, પણ હલકાં પ્રાણીમાં તેની બનાવટ બહુ સાદી હોય. કોઈ કોઈ જીવોને તો માત્ર એક ટપકાં જેવી આંખ હોય. એની ઉપર રક્ષા માટે પોપચું કે પાંપણ નથી હોતાં. કરોળિયાને આઠ આંખ હોય છે.

ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં દૂધને સમાનાર્થ શબ્દ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં. જીવનમાં નીરક્ષીર વિવેક જાળવતા શીખવું જોઈએ.

નોંધી રાખો

ઘડિયાળની ચાવી ફેરવવાથી સાચો સમય મેળવી શકાય, સારો સમય મેળવવા ઘડિયાળની સાથે ચાલવું પડે.

માઈન્ડ ગેમ

વિવિધ દેશમાં વિવિધ ચલણ અસ્તિત્વ ધરાવે છે. રૂબલ કયા દેશનું ચલણ છે એ જાણતા હોય તો ઉત્તર આપો.

અ) બલ્ગેરિયા બ) રુમાનિયા ક) રશિયા ડ) હંગેરી

ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

A	B
काडी	દીવાસળી
कातडी	ચામડી
कांता	પત્ની
कासव	કાચબો
कादंबरी	નવલકથા

ગુજરાત મોરી મોરી રે: નણદોઈ

ઓળખાણ પડી?: ચંદ્રિકા ટંડન

માઈન્ડ ગેમ: ક્રોના

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: દવા

ગયા વખતનો ઉકેલ

૧ સ	મ	૨ ય	સૂ	૩ ચ	૪ ક	તા		૫ કા	૬ પ
ન્મા		મુ		૭ ચ	ર		૮ કા	ય	ર
૯ ન	૧૦ ય	ના	ભિ	રા	મ		ર્ય		વા
૧૧ જ	મ			ટ		૧૨ ઉ	પ	વ	ન
૧૩ ન	રા	૧૪ તા	ળ		૧૫ વિ	રુ	દ્ધ		ગી
૧૬ ક	જ	રા		૧૭ ભા	ત		૧૮ તિ	લ	
		૧૯ જી	૨૦ ગ	ર		૨૧ ધ			૨૨ અ
૨૩ સં	ત		ત		૨૪ ધ	ર	પ	૨૫ ક	ડ
ગ		૨૬ જ		૨૭ પ	ર	ખ		૨૮ સ	ચ
૨૯ મ	હે	રા	મ	ણ		૩૦ મ	થા	મ	ણ

શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

૧	૨	૩			૪	૫	૬		
૭				૮					૯
૧૦			૧૧						
		૧૨				૧૩		૧૪	
૧૫			૧૬			૧૭			
		૧૭અ		૧૮	૧૯			૨૦	
	૨૧		૨૨				૨૩		
૨૪			૨૫			૨૬			
		૨૭				૨૮			૨૯
૩૦						૩૧			

આડી ચાવી

૧. ઉત્સવની --- થવી જોઈએ (૪)
૪. બાંધવા-ચણવાનું કામ (૪)
૭. ઈંટના રસનો ગઠ્ઠો, કીટો (૩)
૮. સૂક્ષ્મ જીવાણુઓ (અં.) (૪)
૧૦. છાપરાનો અંદરનો ભાગ (૨)
૧૧. શાબાશ (૨)
૧૨. સહન કરનાર (૫)
૧૪. ઠંડીમાં લોકો ---નો કોટ પહેરે (૨)
૧૫. હમણાં નહીં (૨)
૧૬. નવું (૨)
૧૭. હાથીઓનો રાજા (૪)
૧૮. ભાર, બોજ (૩)
૨૦. અવાજ (૨)
૨૧. છેવટે, કંઈ પણ હોય (૫) (ઊ.)
૨૪. સારું (૨)
૨૫. વરસો સુધી સતત (૬)
૨૭. વજન (૨)
૨૮. ખરબચડું (અં.) (૨)
૩૦. તાકાતવાળું (૫)
૩૧. મુખ્ય નાયક (૪)

ઊભી ચાવી

૧. આછકલાપણું (૬)
૨. દુનિયા, વિશ્વ (૩)
૩. આંબળો (૨)
૪. ખમીસનો હાથ ઢાંકતો ભાગ (૨)
૫. 'ધરવું'નું આજ્ઞાર્થ (૨)
૬. આડખીલી, નડતર, પીડા (૩)
૮. વાહનોની અવરજવર (૭)
૯. આવનજાવન (૬)
૧૧. યાતાયાતનું સાધન (૩)
૧૩. લગની, વિવાહ, આસક્ત (૩)
૧૪. ભાગી છૂટવું તે (૩)
૧૭અ. લગની, પ્રેમ (૨)
૧૯. ઉત્સવ, સંગીતનો મેળાવડો (૩)
૨૧. ખરાબ (૨)
૨૨. ચચરાટ (૪)
૨૩. આવવું જવું તે (૪)
૨૪. સરખાપણું (૩)
૨૬. બાર મહિના (૩)
૨૭. દાળ સાથે ખાવા જોઈએ (૨)
૨૯. ઢગલો (૨)

સુડોકુ-૮૦૨૯

૭	૫	૪	૧					
					૯			૭
	૧		૫			૨	૩	
૬						૩		
૨	૪			૬			૭	૫
		૭						૬
	૮	૬			૭		૯	
૧			૪					
					૧	૮	૪	૨

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૮૦૨૮

૮	૫	૯	૪	૧	૨	૩	૭	૬
૨	૭	૧	૮	૬	૩	૫	૪	૯
૪	૬	૩	૫	૯	૭	૮	૧	૨
૧	૩	૪	૨	૫	૮	૯	૬	૭
૫	૮	૬	૯	૭	૪	૨	૩	૧
૭	૯	૨	૧	૩	૬	૪	૮	૫
૯	૪	૫	૬	૮	૧	૭	૨	૩
૩	૧	૮	૭	૨	૫	૬	૯	૪
૬	૨	૭	૩	૪	૯	૧	૫	૮

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) સુભાષ મોમાયા (૬) વિભા મહેશ્વરી (૭) નુતન વિપીન (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) નિખિલ બંગાળી (૧૧) અમીશી બંગાળી (૧૨) લજિતા ખોના (૧૩) ભારતી બુચ (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ દોશી (૧૭) અરવિંદ કામદાર (૧૮) હર્ષા મહેતા (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) અશોક સંઘવી (૨૧) સુરેખા દેસાઈ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) કલ્પના આશર (૨૮) ભાવના કર્વે (૨૯) નંદકિશોર સંજાણવાળા (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) દિલીપ પરીખ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) નિતીન બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

નિફ્ટી આખરે દસ દિવસે પોઝિટિવ ઝોનમાં પાછો ફર્યો, સેન્સેક્સે ૭૪૦ના ઉછાળે ૭૩,૭૦૦ની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના સકારાત્મક ટ્રેન્ડ સાથે સ્થાનિક સ્તરે સતત દસ દિવસની પીછેહઠ બાદ પાવર તથા યુટિલિટી શેરોની આગેવાનીએ નવેસરની લેવાલી નીકળતાં નિફ્ટી ૨૨,૩૦૦ની ઉપર પહોંચ્યો હતો, જ્યારે સેન્સેક્સે ૭૪૦ના ઉછાળા સાથે ૭૩,૦૦૦ની સપાટી વટાવી હતી.

સેન્સેક્સ ૭૪૦.૩૦ પોઇન્ટ અથવા તો ૧.૦૧ ટકાના ઉછાળા સાથે ૭૩,૭૩૦.૨૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. સત્ર દરમિયાન તે ૯૪૩.૮૭ પોઇન્ટ અથવા તો ૧.૨૯ ટકાના ઉછાળા સાથે ૭૩,૯૩૩.૮૦ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૫૪.૬૫ પોઇન્ટ અથવા તો ૧.૧૫ ટકાના ઘટાડા સાથે ૨૨,૩૩૭.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. સત્ર દરમિયાન તે ૩૧૨.૨૫ પોઇન્ટ અથવા તો ૧.૪૧ ટકાના સુધારા સાથે ૨૨,૩૯૪.૯૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

અદાણી પોર્ટ, ટાટા સ્ટીલ, પાવરગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, આઇટીસી, નેસ્લે ઇન્ડિયા, એચસીએલ ટેકનોલોજી, ભારતી એરટેલ, સ્ટેટ બેન્ક, એશિયન પેઇન્ટ અને કોટક મહિન્દ્રા બેન્ક સેન્સેક્સના ટોપ ગેઇનર્સ શેરોમાં સામેલ હતા. જ્યારે બજાજ ફાઇનાન્સ, ઇન્ડસઇન્ડ બેન્ક, એચડીએફસી બેન્ક અને ઝોમેટો ટોપ લુઝર્સ હતા.

એચપીસીએલ અને ટાટા મોટર્સે કો-બ્રાન્ડેડ ડીઝલ એક્સહોસ્ટ ફ્લુઇડ જેન્યુઇન ડીઇએફ લોન્ચ કર્યું છે. ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે ૨૮ ફેબ્રુઆરીથી બીજી માર્ચ દરમિયાન ચેન્નાઈ ટ્રેડ સેન્ટર, નંદમ્બક્કમ ખાતે આયોજિત જેમ એન્ડ જ્વેલરી ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફેર અને બીટુબી એક્સ્પામાં સહભાગી થવા ઉપરાંત તેની ગોલ્ડ સેવિંગ સ્કીમ એપને જ્વેલરી પરચેઝ પ્લાન એપમાં રિબ્રાન્ડ કરી ડિજિટલ હાજરીનો વિસ્તાર કર્યો છે. એલએન્ડટીને રૂ. ૧૦૦૦ કરોડથી મોટો રેસિડેન્શિઅલ ટાવરનો ઓર્ડર મળ્યો છે.

સ્વીડીશ લકઝરી કાર કંપની વોલ્વો તેની ઇલેક્ટ્રિક એસયુવી આ વર્ષે લોન્ચ કરશે. બેલ્જિઅન ટેલિકો કંપનીએ બેંગલોરમાં જીસીસી શરૂ કર્યું છે. કિચન સામગ્રી બનાવતી બર્ગનર કંપનીએ પારંપરિક અને આધુનિક કુકવેરના સમન્વય સાથે અર્જેન્ટ સમસારા એન્ડ હાઇટેક ગાયરો એકસ રેન્જનું લોન્ચિંગ કર્યું છે, જે ઘરેલું રસોઇ અને પ્રોફેશન શેફ બંને માટે ઉપયુકત હોવાનો કંપનીનો દાવો છે. ટાટા ઇલેક્ટ્રોનિક્સ ગુજરાતમાં તાઇવાનની કંપની સાથે મળીને ડિસ્પ્લે ચીપનું ઉત્પાદન એકમ સ્થાપશે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને તેની બીપી પ્લેક સહિતની ભાગીદાર કંપનીઓ પાસેથી સરકારી માલિકીના ઓએનજીસીના બ્લોકમાંથી નીકળતો ગેસ કથિતરૂપે માઇગ્રેટ કરી, મેળવી વેચાણ કર્યું હોવાના આરોપ સાથે સરકારે ૨.૮૧ અબજ ડોલર અથવા રૂ. ૨૪,૫૦૦ કરોડની ડિમાન્ડ નોટિસ ફટકારી છે. ટાટા મોટર્સે લાંબા અંતરના હાઇડ્રોજનથી ચાલનારા હેવી ડ્યુટી ટ્રકના ટ્રાયલની શરૂઆત કરી દીધી છે, જેમાં અલગ કોન્ફ્યુગરેશન અને પેલોડ કેપેસિટી સાથેના છ હાઇડ્રોજનથી ચાલતા વાહનોની ૨૪ મહિના ટ્રાયલ લેવામાં આવશે.

અમેરિકા તરફથી ભારતને ટેરિફ સંદર્ભે રાહત મળવાની અશા તો દૂરની સંભાવના જણાય છે પરંતુ આ દિશાના પ્રયાસ અને સર્વિસ સેકટરના સારા ડેટાને કારણે તેમ જ વેલ્યુ બાઇંગને કારણે બજારને બુધવારના સત્રમાં દસ દિવસના નીચા સ્તરેથી બહાર આવવામાં મદદ મળી હતી. એચએસબીસી ઇન્ડિયા સર્વિસ પીએમઆઇ ૫૬.૫ની ૨૬ મહિનાની નીચી સપાટી સામે નોંધપાત્ર સુધારા સાથે ૫૯ના સ્તરે પહોંચ્યો છે.

જોકે, ટ્રમ્પે બીજી એપ્રિલથી ભારત સહિતના દેશોને લક્ષ્ય બનાવીને પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી છે, જે યુએસ માલ પર વધુ ટેરિફ વસૂલ કરે છે. આ પગલાથી ભારતના નિકાસ ક્ષેત્રોને અસર થઈ શકે છે, જેના કારણે વાર્ષિક સાત અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે. ભારતના વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલ સંભવિત છૂટછાટોની ચર્ચા કરવા અને પારસ્પરિક ટેરિફ અંગે સ્પષ્ટતા મેળવવા માટે વોશિંગ્ટનની મુલાકાત લઈ રહ્યા છે.

કેનેડા અને મેક્સિકો પર ટ્રમ્પની પ્રસ્તાવિત ૨૫ ટકા ટેરિફ મંગળવારે ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૧ વાગ્યે અમલી બની ગઇ છે. વધુમાં, ચીન પર ૧૦ ટકાની વધારાની ડ્યુટી સાથે કુલ ટેરિફ ૨૦ ટકા સુધી લાવશે, તે પણ આ પગલાં સાથે લાગુ કરવામાં આવશે. આની સામે ચીને ૧૦ માર્ચથી વિવિધ યુએસ ઉત્પાદનો પર વધારાની ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે.

બજારના નિષ્ણાતો જણાવે છે કે, નબળા વૈશ્વિક સંકેતો સેન્ટિમેન્ટ પર દબાણ લાવી રહ્યા છે, પરંતુ સારા ફંડામેન્ટલ અને નીચા વેલ્યુએશન પર ઉપલબ્ધ પસંદગીયુક્ત ખરીદી ઘટાડાને મર્યાદિત કરી રહી છે. એફઆઇઆઇની સતત વેચવાલી ઉપરાંત રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભૂરાજકીય તણાવ વધવાની ચિંતા વચ્ચે બજારમાં સાવચેતીનું માનસ રહ્યું છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના સૂચનોનો સ્પષ્ટ અસ્વીકાર કર્યા બાદ પરિસ્થિતિ ઓર વણસવાની શક્યતા છે. આ ઉપરાંત કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ અને ચીની આયાત પર ૨૦ ટકા ટેરિફની અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા પુષ્ટિ આપવામાં આવ્યા બાદ ઉદ્‌ભવનારા વેપાર યુદ્ધ અંગેની ચિંતાઓને કારણે બજારના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચાડી છે.

એશિયન બજારોમાં, ટોક્યો, હોંગકોંગ, શાંઘાઇ અને સિઓલ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. મધ્યસત્ર સોદાઓમાં યુરોપિયન બજારો સકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઇ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા. દરમિયાન, ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૯ ટકા ઘટીને ૭૦.૬૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૩૪૦૫.૮૨ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, એમ એક્સચેન્જ ડેટા દર્શાવે છે.

નોંધવું રહ્યું કે પાછલા શુક્રવારે સેન્સેક્સ ૧૪૧૪.૩૩ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૭૩,૧૯૮.૧૦ પોઇન્ટની સપાટીએ પટકાયો હતો અને નિફ્ટી ૪૨૦.૩૫ પોઇન્ટના ભયાનક કડાકા સાથે ૨૨,૧૨૪.૭૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. પાછલા સપ્તાહમાં તમામ સેક્ટરના ઈન્ડેક્સની પીછેહઠ સાથે માર્કેટ કેપમાં રૂ. ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો અને એફઆઈઆઈની રૂ. ૨૫,૪૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી. ૨૮ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫,૩૧૧.૦૬ના બંધ સામે ૨,૧૧૨.૯૬ પોઈન્ટ્સ (૨.૮૧ ટકા) ઘટ્યો હતો.

એકધારી પછડાટના દસ દિવસ બાદ આવેલા સુધારામાં સાર્વત્રિક લેવાલીનો ટેકો મળતાં શેરબજારના બ્રોડ બેઝ્ડ અને સેક્ટરલ સહિત બધા ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો અને યુટિલિટીઝ ઈન્ડેક્સ સૌથી અધિક ઊછળ્યો હતો. આ સાથે માર્કેટ કેપમાં રૂ.૭.૯૭ લાખ કરોડની વૃદ્ધિ

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૨,૯૮૯.૯૩ના બંધથી ૭૪૦.૩૦ પોઈન્ટ્સ (૧.૦૧ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૭.૯૭ લાખ કરોડ વધીને રૂ.૩૯૩.૪ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૩,૦૦૫.૩૭ ખૂલીને ઊંચામાં ૭૩,૯૩૩.૮૦ સુધી અને નીચામાં ૭૨,૮૯૪.૦૫ સુધી જઈને અંતે ૭૩,૭૩૦.૨૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૫ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૫ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪૧૦૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૩,૨૪૭ સ્ટોક્સ વધ્યા હતા, ૭૬૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૮૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૯૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૬૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૮૦ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૨૩ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૧૮ ટકા વધ્યો હતો.

બધા સેકટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં યુટિલિટીઝ ૪.૪ ટકા, પાવર ૩.૬૭ ટકા, સર્વિસીસ ૩.૬૪ ટકા, મેટલ ૩.૫૨ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૩.૩૬ ટકા, કોમોડિટીઝ ૨.૮૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૪૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૪૫ ટકા, ઓટો ૨.૪૫ ટકા, રિયલ્ટી ૨.૩૨ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૨૬ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૨ ટકા, એનર્જી ૨.૧૧ ટકા, ફોકસ્ડ આઈટી ૨.૦૯ ટકા, આઈટી ૨.૦૬ ટકા, ટેક ૨.૦૫ ટકા, હેલ્થકેર ૧.૭૩ ટકા, એફએમસીજી ૧.૭૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૫૧ ટકા બેન્કેક્સ ૦.૭૭ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૫૫ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૫.૦૨ ટકા, તાતા સ્ટીલ ૪.૯૨ ટકા, પાવર ગ્રીડ ૪.૨૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૨૭ ટકા, એનટીપીસી ૪.૦૬ ટકા, ટેક મહિન્દ્ર ૩.૭૩ ટકા, તાતા મોટર્સ ૩.૫૨ ટકા ભારતી એરટેલ ૨.૫૮ ટકા એચસીએલ ટેકનોલોજી ૨.૩૮ ટકા અને નેસ્લે ૨.૨૭ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૩.૨૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૬૪ ટકા, એચડીએફસી બેન્ક ૧.૨૫ ટકા, ઝોમેટો ૦.૩૧ ટકા અને મારુતિ ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૩૭.૭૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૭૩૦ સોદામાં ૯૩૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫,૦૯,૩૬૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૫,૯૯,૨૨૩.૬૭ કરોડનું રહ્યું હતું.

ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં ૧૪ પૈસાનું બાઉન્સબૅક

મુંબઈઃ અમેરિકાની ટેરિફની નીતિની ફુગાવા ઉપરાંત આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસાના બાઉન્સબૅક સાથે ૮૭.૦૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૧૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૧૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૨૦ અને ઉપરમાં ૮૬.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના સુધારા સાથે ૮૭.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ જોવા મળી રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૭૯ ટકા ઘટીને ૧૦૪.૯૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૫ ટકા ઘટીને ૭૦.૫૧ પ્રતિ બેરલ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૪૦.૩૦ પૉઈન્ટનો અને ૨૫૪.૬૫ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૦૫.૮૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

રૂપિયો મજબૂત થતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૧૩૨નો ઘટાડો, ચાંદીમાં ₹ ૭૦૦ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નવા ટેરિફની ચિંતાઓ ઉપરાંત આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈંડેક્સમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના નિર્દેશો હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૪ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨નો ઘટાડો આવ્યો હતો.

જ્યારે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૦૦ની તેજી આવી હતી. આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૦૦ વધીને રૂ. ૯૫,૯૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વિશ્વ બજારમાં સોનાના ભાવ વધી આવ્યા હોવા છતાં સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો મજબૂત થતાં આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારથી વિપરીત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૫,૯૫૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૬,૩૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની માગ છૂટીછવાઈ રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ત્રણ મહિનાની નીચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૯૧૮.૮૩ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૨૯૨૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૩૨.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલના તબક્કે વૈશ્વિક સ્તરે વેપારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ રહ્યું હોવાથી સોનાના સુધારાને ટેકો મળતો રહેશે, એમ કેસીએમ ટ્રેડનાં ચીફ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ગઈકાલથી મેક્સિકો અને કેનેડાથી થતી આયાત સામે ૨૫ ટકા ટેરિફ અમલી બનાવવાની સાથે ચીનથી થતી આયાત સામેની જકાત બમણી અથવા તો ૨૦ ટકા કરી હોવાથી અમેરિકા ખાતે ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવી છે. વધુમાં અમેરિકાના નિર્ણયના જવાબરૂપે ચીન અને કેનેડાએ પણ અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી અને મેક્સિકો આ અંગે આગામી રવિવારે નિર્ણય લે તેવા અહેવાલો છે.

વધુમાં ગઈકાલે ફેડરલ રિઝર્વ બૅન્ક ઑફ ન્યૂ યોર્કના પ્રમુખ જહોન વિલિયમ્સે જણાવ્યું હતું કે અમેરિકાની ટેરિફની નીતિઓને કારણે ફુગાવો વધે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં હાલનું ફેડરલનું વ્યાજદરનું માળખુ યોગ્ય છે.

જોકે, હવે બજારની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના એડીપી એમ્પ્લોયમ્ન્ટ ડેટા તેમ જ શુક્રવારે જાહેર થનારા નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડૉલર નબળો પડતાં કોપર સહિતની ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમમાં રહેલા ટકેલા વલણ અને લીડ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૨નો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે કોપર વાયરબાર, નિકલ, ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૮૯૫, રૂ. ૧૦ વધીને રૂ. ૧૪૦૮, રૂ. છ વધીને રૂ. ૨૮૫૪ અને રૂ. પાંચ વધીને રૂ. ૫૮૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૮૩૦ અને રૂ. ૨૭૬, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૨૦ અને રૂ. ૮૧૦ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૨૬૪, રૂ. ૭૫૭ અને રૂ. ૫૪૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યાં હતા, જ્યારે નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૮૨ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦માં થયાના હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજર તેમ જ નાકા ડિલિવરી ધોરણે એકંદરે માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૬થી ૪૦૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૧૦૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૨૦માં અને રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

છૂટાછવાયા કામકાજે દેશી-આયાતી તેલમાં પીછેહઠ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૯ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્ય તેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવાથી ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૧૦ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ તથા રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપાર ગોઠવાયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, સિંગતેલના રૂ. ૧૪૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગેતલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૨૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૯૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૦૭૫થી ૪૧૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ખેડૂતના હક્કના સરકારી સબસિડીયુક્ત યુરિયાના ગેરઉપયોગ બદલ જીઆઇડીસીના ફેક્ટરી માલિક સામે ફોજદારી ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરકારી સબસીડીયુક્ત યુરિયા ખાતરનો ગેરકાયદે રીતે અન્ય હેતુ બદલ ઉપયોગ કરવા સબબ અંજાર જીઆઈડીસીના ફેક્ટરી માલિક અને તેને સરકારી યુરિયા મોકલનાર ભચાઉના ત્રણ શખ્સો વિરુદ્ધ અંજાર પોલીસ મથકે ગુનો દાખલ થતાં ચકચાર પ્રસરી હતી. પૂર્વ બાતમીના આધારે ગત ૧૭-૧૦-૨૦૨૪ના રોજ સ્થાનિક ગુન્હાશોધક શાખાએ અંજાર શહેરના જીઆઇડીસી વિસ્તારમાં આવેલી લક્ષ્મી પોલિમર્સ નામની ફેક્ટરીમાં દરોડો પાડી એક ટ્રકમાંથી ફેક્ટરીમાં ઠલવાઈ રહેલી નીમ કોટેડ યુરિયાની ૭૦ હજારની ૨૬૪ બોરી શક પડતાં મુદ્દામાલ તરીકે જપ્ત કરી હતી.

સ્થળ પર હાજર ફેક્ટરી માલિક વિનોદ જેન્તીલાલ લિંબાણી (રહે. માધવવિલા, અંજાર મૂળ રહે. દેવપર યક્ષ, નખત્રાણા) અને ટ્રકચાલક ભરત ચૌહાણ (રહે. ટાટાનગર, ભચાઉ)ની અટક કરાઈ ટ્રક, બે મોબાઈલ ફોન અને યુરિયાનો મુદ્દામાલ અંજાર પોલીસને સુપ્રત કરાયાં હતાં.

પૂછપરછમાં વિનોદ લિંબાણીએ યુરિયાનો જથ્થો ભચાઉના કકરવાના રામજી આહીર પાસેથી મગાવ્યો હોવાનું જણાવ્યું હતું જયારે ટ્રકચાલક ભરતે કકરવાના મહાદેવ આહીરે કારથી તેની સાથે કકરવા મંડળીના ગોડાઉન પર આવી ત્યાંથી યુરિયાનો જથ્થો ટ્રકમાં લોડ કરાવ્યો હોવાનું કહ્યું હતું. માલ ખાલી કરાવવા મહાદેવ તેને અંજાર જીઆઇડીસી મધ્યે લઈ આવ્યો હતો. જપ્ત યુરિયાનો જથ્થો સરકારી નીમ કોટેડ સબસીડાઈઝ્ડ યુરિયા હોવાનું લેબ ટેસ્ટના રિપોર્ટમાં સ્પષ્ટ થયું હોવાના ખેતીવાડી વિભાગના અહેવાલ બાદ એલસીબીએ સરકાર તરફે ચારે વિરુદ્ધ ધ ફર્ટિલાઈઝર કંટ્રોલ ઓર્ડર અને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની વિવિધ ધારાઓ તળે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો. ■

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરના નવનિયુક્ત ધર્મેશભાઈ ધીરુભાઈ પોશિયાની મેયર અને આકાશભાઈ કરમણભાઈ કટારાની ડેપ્યુટી મેયરની નિમણૂક કરાઈ હતી.. (તસવીર-હરેશ સોની, જૂનાગઢ)

અંજારમાં માતા દ્વારા ૧૨ હજારની ઉઘરાણી કરાતાં બિહારનો યુવક માસૂમ બાળકનું અપહરણ કરી દિલ્હી બાજુ ફરાર થઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર શહેરમાં ૧૨૦૦૦ રૂપિયાની ઉઘરાણીના મુદ્દે બિહારનો યુવક પરિચિત મહિલાના પોણા ત્રણ વર્ષના બાળકનું અપહરણ કરીને દિલ્હી તરફ નાસી છૂટતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આરોપી પ્રવીણકુમાર શાહુ નામનો શખસ અપહૃત બાળકની માતાના ઘરે માસિક ચાર હજાર રૂપિયા આપીને ભોજન કરતો હતો. છેલ્લાં ત્રણેક મહિનાની રકમ ચઢી જતાં મહિલાએ નાણાં તાત્કાલિક ચૂકવવાનું જણાવતાં બિહારી શખસે આ હિન કરતૂત આચર્યુ હોવાનું જાણવા મળ્યું છે.

બનાવ અંગે અંજાર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, અંજારના વરસામેડીમાં વેલસ્પન કંપની સામે આવેલી મથુરા કોલોનીમાં ૨૪ વર્ષીય નવીશા અસ્લમ અન્સારી છ માસ અગાઉ તેના પોણા ત્રણ વર્ષના પુત્ર અને માતા સાથે રહેવા આવી હતી. નવીશા બિહારના મધુબનીના લોફા બિહારની વતની છે. નવીશાની માતા વેલસ્પનમાં નોકરી કરે છે, નવીશાનો પતિ બિહાર રહે છે. વેલસ્પનમાં નોકરી કરતો પ્રવીણકુમાર શાહુ કે જે લોફા બિહારનો વતની છે તે આ મા દીકરીને ઓળખતો હતો અને તેણે જ વેલસ્પનમાં નોકરીએ રખાવવાના નામે મા-દીકરીને અહીં બોલાવ્યાં હતાં. પ્રવિણ નવીશાની બાજુની સોસાયટી સાગર રેસિડેન્સીમાં એકલો રહે છે.

એકલો રહેતો પ્રવીણ મહિને ચાર હજાર રૂપિયા ચૂકવીને નવીશાના ઘેર જમવા આવતો હતો. શરૂઆતના બે મહિના તેણે સમયસર પૈસા ચૂકવ્યા હતા. પરંતુ છેલ્લાં ત્રણ માસથી ચૂકવવાના થતા ૧૨૦૦૦ રૂપિયા તે ધરાર ચૂકવતો નહોતો.

ગત રવિવારે બપોરે બાર વાગ્યે પ્રવીણ ઘરે જમવા આવ્યો ત્યારે નવીશાએ તેને રૂપિયાની ચૂકવણી કરવા જણાવતાં તેણે રૂપિયા સાંજે આપી દેવાનો વાયદો કર્યો હતો. નવીશા તેને ભોજન આપીને કપડાં ધોવા જતી રહી હતી. દરમિયાન, પ્રવીણ નવીશાના પોણા ત્રણ વર્ષના દીકરાને રમાડતો રમાડતો પોતાની સાથે લઈને નાસી ગયો હતો.

પ્રવીણ દીકરાને લઈ ગયો હોવાની જાણ થતાં માતાએ તેને ફોન કર્યો, પરંતુ તેણે ફોન ઉપાડ્યો નહોતો. ત્યારબાદ મા દીકરીએ પ્રવિણની સોસાયટી અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી પરંતુ પ્રવિણ અને પુત્રનો કોઈ પત્તો ના મળતાં અંજાર પોલીસ મથકે દોડી આવ્યા હતાં. બનાવ અંગે ફરિયાદ નોંધી આરોપીને શોધવા તપાસ શરૂ કરી છે. ટેકનિકલ સર્વેલન્સમાં આરોપી પ્રવિણ દિલ્હી બાજુ હોવાનું સ્પષ્ટ થતાં એક ટીમને દિલ્હી તરફ રવાના કરી હોવાનું અંજાર પી.આઈ અજયસિંહ આર.ગોહિલે જણાવ્યું હતું. ■

તબીબી ઘટ વચ્ચે વર્ષો જૂની માંગણીઓ ન સંતોષાતાં કચ્છના ૭૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ માસ સીએલ પર ઉતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ સહિત રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય ન લેવાતાં આરોગ્ય વિભાગ વિરુદ્ધ પોતાનો રોષ પ્રકટ કરવા આરોગ્ય કર્મચારીઓ માસ સીએલ પર ઊતરીને પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. કચ્છમાં અંદાજે ૭૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ માસ સીએલ પર ઊતરી વિરોધ નોંધાવશે. તેમના આ પગલાંથી ઋતુજન્ય રોગચાળાના ભરડા વચ્ચે ગ્રામીણ વિસ્તારોમાં દર્દીઓને ભારે હાલાકી ભોગવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખાસ કરીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આવતા દર્દીઓ વીલા મોઢે પરત ફર્યા હતા. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના નેતૃત્વ હેઠળ ગુજરાતની કારોબારી તેમ જ ૩૩ જેટલા વિવિધ જિલ્લાના પ્રમુખ, મહામંત્રી, કન્વિનરોની ગાંધીનગર ખાતે અગાઉ મળેલા સંયુક્ત કારોબારી મીટિંગમાં લેવાયેલા નિર્ણયોને આધિન ડબલ એન્જિનવાળી ગુજરાત સરકાર સમક્ષ વર્ષો જૂના પડતર પ્રશ્નો જેવા કે, પ્રમોશન તેમ જ ૧૦ વર્ષીય ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા ખાતાકીય પરીક્ષા રદ કરવી તેમ જ એમપીએચડબ્લ્યુ, એફએચડબ્લ્યુ, એમપીએચએસ, એફએચએસ, તાલુકા કક્ષાના સુપરવાઈઝર, જિલ્લા કક્ષાના સુપરવાઈઝર્સ, ભાઈઓ અને બહેનોને ટેક્નિકલ કેડરમાં સમાવેશ કરવા તેમ જ ટેક્નિકલ ગ્રેડ પે અનુક્રમે એમપીએચડબ્લ્યુ અને એફએચડબ્લ્યુ કેડરને ૧૯૦૦ ગ્રેડ-પે થી ૨૮૦૦ તેમ જ સુપરવાઈઝર કેડરને ૨૪૦૦થી ૪૨૦૦ રૂપિયાનું ભથ્થું મેળવવા સાથે કેડરના કર્મચારીઓના નાણાકિય અને વહીવટી પ્રશ્નોના નિરાકરણ માટે અગાઉ રજૂઆત કરવામાં આવી હતી જેનું સરકાર તરફથી આજદિન સુધી નિરાકરણ આવ્યું ન હોઈ, વિરોધ દર્શાવવા બુધવારે જિલ્લાના દરેક કેડરના તમામ આરોગ્ય કર્મચારીઓ માસ સીએલ મૂકી વિરોધ નોંધાવ્યો હતો. ગુરુવારે ગાંધીનગર કક્ષાએ સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં હાજર રહી સરકાર વિરુદ્ધ ઉગ્ર આંદોલન કરવાની રણનીતિ નક્કી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■

કેવી આ મોસમ થઈ છે!

કચ્છમાં વિષમ વાતાવરણ વચ્ચે નલિયા ૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યભરમાં ઠંડીમાં મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ફરી ફૂલગુલાબી ઠંડી પરત ફરી છે. અબડાસા તાલુકાના શીતમથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક શેરબજારના સેન્સેક્સની જેમ ગગડીને ૬.૪.ડિગ્રી સે. નોંધાવાની સાથે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ઠર્યું હતું, જયારે ભુજમાં ૧૪ ડિગ્રી જેટલું નીચું અને ૩૫ ડિગ્રી ઊંચુ તાપમાન નોંધાતાં લોકોને ફરી ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી છે.

કચ્છનાં મોટા ભાગના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વિષમ વાતાવરણ જોવા મળી રહ્યું છે જે આગામી હોળી મહાપર્વ સુધી યથાવત્ રહેવાની આગાહી હવામાન ખાતાંએ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પહાડી રાજ્યોમાં થયેલી ભારે બરફવર્ષાના પગલે સમગ્ર ઉત્તર ભારતમાં ગાયબ થઈ ગયેલી ઠંડી પાછી ફરી છે. આ ઠંડીની અસર ઓસર્યા બાદ કાળઝાળ ગરમી પડવાની શરૂઆત થઈ જશે તેમ હવામાન નિષ્ણાતોએ જણાવ્યું હતું. ■

રાજકોટના ભીલવાસમાં આવેલ પેટ્રોલ પંપમાં તોલમાપ ખાતાનું ચેકિંગ હાથ ધરાયું હતું, ગેરરીતિ જણાતાં પેટ્રોલની નોઝલ સીલ કરાઈ હતી. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

ભાવનગરના ઠાડચ ગામમાં બે મકાનમાંથી ૩.૫૬ લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલીતાણા તાલુકાના ઠાડચ ગામમાં આવેલ બે મકાનમાં પાલીતાણા રૂરલ પોલીસે દરોડો પાડી રૂ.૩.૫૬ લાખની કિંમતના વિદેશી દારૂ અને બિયરનો જથ્થો કબજે કરી ત્રણ શખસ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ પાલીતાણા રૂરલ પોલીસ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઠાડચ ગામમાં રહેતા હરેશ હિંમતભાઈ મકવાણાએ ગામના પ્લોટ વિસ્તાર, મફતનગરમાં રહેતા મહેશ રામજીભાઈ મકવાણા અને અરવિંદ અજયભાઈ મકવાણાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હતો.

આ બાતમીના આધારે પાલીતાણા રૂરલ પોલીસે મહેશ રામજીભાઈ મકવાણાના મકાનમાં આવેલ બાથરૂમમાં રાખેલ વિદેશી દારૂ તેમજ મકાનની દીવાલની બાજુમાં આવેલ અરવિંદ મકવાણાના મકાનમાં દીવાલ પાસે આડશ મૂકી છુપાવેલ દારૂ મળી બંને સ્થળોએથી વિદેશી દારૂની ૩૪૧ બોટલ, કિં.રૂ. ૧,૭૩,૧૭૦/- તેમજ વિદેશી દારૂના ચપટા નંગ ૧૨૮૦ કિં.રૂ. ૧,૭૯,૮૮૦/- અને બિયરના ટીન નંગ ૨૪ કિં.રૂ. ૩૧૨૦/- મળી કુલ રૂ. ૩,૫૬,૧૭૦/-નો મુદ્દામાલ કબજે કરી દરોડા દરમિયાન હાજર નહીં મળી આવેલ ત્રણેય શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ■

રાજકોટ મહાનગરપાલિકાએ ૩૨ કરોડની વેરા વસૂલાત માટે 300 કર્મચારીને જવાબદારી સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગે ૨૦૨૪-૨૫ના ૪૧૦ કરોડના ટાર્ગેટને પૂરો કરવા માટે વસૂલાતની કામગીરી આરંભી છે, જેમાં અત્યાર સુધીમાં ૩૭૮ કરોડ જેટલી વસૂલાત થઈ ગઈ છે અને ૩૨ કરોડનો વેરો વસૂલવાનો બાકી છે. ચાલુ નાણાકીય વર્ષ પૂરૂ થવામાં એક મહિના જેટલો સમય બાકી છે.

આ સમયમાં ૩૨ કરોડની વસૂલી માટે વેરા વિભાગના કર્મચારીઓમાં દોડધામ વધી ગઈ છે.

વેરા વિભાગના અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગત બજેટમાં રૂ. ૪૧૦ કરોડનાં વેરાની વસૂલાતનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જેની સામે અત્યાર સુધીમાં ૩૭૭.૮૧ કરોડની વસૂલાત થઈ છે. જોકે, હજુ ટાર્ગેટ પૂરો કરવા માટે રૂ. ૩૨ કરોડ વસૂલવાનાં બાકી છે ત્યારે આ લક્ષ્યાંક પૂરો કરવા માટે ચાલુ મહિનાનાં બધા શનિવાર અને રવિવાર તેમજ ધુળેટી સિવાયની જાહેર રજાઓમાં પણ કોર્પોરેશનનાં ત્રણેય ઝોનનાં સિવિક સેન્ટરો ચાલુ રાખવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરે વેરા વસૂલાતની કામગીરી માટે ખાસ ટીમો ઉપરાંત જુદા-જુદા વિભાગના કુલ ૩૦૦ કરતા વધુ કર્મચારીઓને જવાબદારી સોંપાઈ છે. આ કર્મચારીઓ દ્વારા પણ રૂ. ૫,૦૦૦થી લઈને રૂ. ૫૦,૦૦૦નો વેરો ભરવાનો બાકી હોય એવી મિલકતનાં ધારકોને રૂબરૂ મળી વેરાની વસૂલાત કરાઈ રહી છે. આ કામગીરી શનિ-રવિ અને જાહેર રજાઓના દિવસોમાં પણ ચાલુ રહેશે.

રાજકોટમાં સરકારી મિલકતોનો કુલ રૂ. ૮૮ કરોડ જેટલો વેરો હાલ બાકી છે. જે પૈકી બીએસએનએલ દ્વારા સંપૂર્ણ રકમ ભરપાઈ કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા બાકી રૂ. ૧૦ કરોડનો વેરો ભરપાઈ કરવા સરકાર પાસે ગ્રાન્ટ માંગવામાં આવી છે. રેલવે દ્વારા ૧૭ કરોડ પૈકી રૂ. ૫ કરોડ ભરી દેવાયા છે. પીડબલ્યૂડી દ્વારા રૂ. ૯.૫ કરોડની સામે રૂ. ૪ કરોડ ભરપાઈ કરાયા છે. મેડિકલ કોલેજે રૂ. ૧.૬૧ કરોડ સામે રૂ. ૩૮ લાખ જમા કરાવ્યા છે. સિવિલ હોસ્પિટલનાં રૂ. ૨.૨૨ કરોડ વેરો ભરવામાં આવ્યો છે. ■

સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ભાવનગરની વુમન એમ્પાવરમેન્ટ કમિટીના માધ્યમથી તા. ૮.૩.૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ૩૧૫-ચેમ્બર હોલ, સાગર કૉમ્પલેક્ષ, જશોનાથ સર્કલ, ભાવનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ નિમિતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મહેમાનો અને વક્તા તરીકે ભાવનગરનાં મહારાણી સમયુક્તા કુમારીબા ગોહિલ, ભાવનગરના ડીવાય.એસપી રીમાબેન ઝાલા, એસીસ ગ્રુપ ઑફ સ્કૂલના સંચાલક અમરજ્યોતિબા ગોહિલ અને સર્જન ફર્ટીલિટીના ડૉ.નિધીબેન ઐય્યર ઉપસ્થિત રહી બહેનોને પ્રેરણા અને પ્રોત્સાહન આપશે. રસ ધરાવતાં બહેનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌરાષ્ટ્ર ચેમ્બર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. ■

તળાજા ન.પા.ના.પ્રમુખપદે હેતલબેન રાઠોડ, ઉપપ્રમુખ પદે ધર્મેન્દ્રસિંહ વાળાએ ચાર્જ સંભાળ્યો

(તસવીર - વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: જિલ્લાના તળાજા નગરને સવા બે વર્ષ બાદ નવા પ્રમુખ ઉપ પ્રમુખ મળ્યા છે. ભાજપે પ્રમુખનો તાજ હેતલબેન રાઠોડને પહેરાવ્યો હતો. આમ ચાળીસ વર્ષ બાદ તળાજા પાલિકાના પ્રમુખ તરીકે વણિક સમાજને પ્રમુખ પદ મળ્યું હતું. જ્યારે ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રસિંહવાળા પર કળશ ઢોળવમાં આવ્યો હતો. પ્રમુખપદે આરૂઢ થનાર હેતલબેન રાઠોડ જિલ્લા ભાજપ સંગઠન ના મંત્રી તરીકે કાર્યરત છે. ઉપપ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાળા તળાજા શહેર ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ તો તેજલબેન પરમારના પતિ દિનેશભાઈ તેઓ ત્રણ વખત સતત દીનદયાળ નગર વિસ્તારમાંથી ચૂંટાઈ આવતા હતા. તેઓ પાલિકા ઉપપ્રમુખ, સંગઠન ઉપપ્રમુખની જવાબદારી સંભાળે છે. આમ ભાજપ એ સંગઠનમાં સક્રિય રીતે કામગીરી કરતા હોય તેને પ્રાધાન્ય આપ્યું છે. પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચૅરમૅન ત્રણેય પ્રથમ વખત ચૂંટણી લડ્યા ને મહત્ત્વની જવાબદારી પાર્ટીએ આપી છે. તળાજા પ્રાંત અધિકારી તરીકે તાલીમી આઈ.એ.એસ આયુષી જૈનના અધ્યક્ષસ્થાને તથા ચિફ ઑફિસર દવેની હાજરી સાથે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી થઈ હતી. જેમાં ભાજપના ૧૭ સભ્યો ચૂંટાયેલા હોવા છતાંય કૉંગ્રેસના ૧૧ સભ્યો જ હોઈ બહુમતી ન હોવા છતાંય કૉંગ્રેસના તેજસ્વીબા ગોહિલે પ્રમુખ પદ માટે અને દાઉદભાઈ નાગરિયાએ ઉપપ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હોય બંનેની હાર થઈ હતી. હાર થશે જ તે જાણવા છતાંય કૉંગ્રેસે બિનહરીફ ન થાય તે માટે દાવેદારી કરી હતી. ■

સૌરાષ્ટ્રની બ્રાન્ચ કેનાલની મરામત કરવાની હોવાથી જામનગરમાં ઉનાળાના પ્રારંભે નર્મદાનું પાણી નહીં મળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડતી નર્મદાની કેનાલમાં એપ્રિલ અને મે મહિના દરમ્યાન મરામત થવાની હોવાથી અનેક વિસ્તારોને મળતું નર્મદાનું પાણી નહીં મળી શકે. આ માટે પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા તંત્રને સૂચનાઓ પણ આપવામાં આવી છે. જામનગર મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે રણજીતસાગર ડેમમાંથી વધુ પાણી મેળવવા માટેની વ્યવસ્થા ઊભી કરાઈ છે.

જામનગર મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, નર્મદા કેનાલના મરામત અંગે પાણીપુરવઠા બોર્ડ તરફથી સૂચના મળી છે. નર્મદાનું પાણી બંધ થાય કે વિક્ષેપ પડે તો મહાનગરપાલિકા દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરાઈ છે. જેમાં રણજીતસાગર ડેમમાંથી પાણીનો જથ્થો મેળવવા પાઈપલાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ટેસ્ટિંગની પ્રક્રિયા ચાલી રહી છે. શહેરીજનોને પીવાના પાણીની કોઈ તકલીફ ના પડે તેની વ્યવસ્થા કરી દેવાઈ છે.

સૌરાષ્ટ્રને સૌની યોજના દ્વારા પાણી પહોંચાડાય એવી શક્યતાઓ હાલ સેવાઈ રહી છે. આ માટેની સત્તાવાર વૈકલ્પિક વ્યવસ્થાઓ અંગે નર્મદા વિભાગ દ્વારા હજુ સુધી કોઈ જ જાહેરાત કરી નથી. રાજ્યના પાણી પુરવઠા બોર્ડ કે સિંચાઈ વિભાગ દ્વારા પણ આ બાબતે કોઈ વૈકલ્પિક વ્યવસ્થાઓ સંબંધે સત્તાવાર જાહેરાત થઈ નથી. ■

રાજકોટમાં જ્ઞાનપ્રકાશ સ્વામીની ટિપ્પણીનો રઘુવંશી સમાજે વિરોધ કર્યો: બે મહિલા સહિત ૧૦ લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનપ્રકાશ સ્વામી દ્વારા જલારામ બાપા વિશે કરેલી વિવાદિત ટિપ્પણી મુદ્દે રઘુવંશી સમાજમાં ભારે રોષ ફેલાયો છે. બુધવારે રાજકોટમાં સ્વામિનારાયણ મંદિર ખાતે રઘુવંશી સમાજના યુવાનોએ વિરોધ શરૂ કર્યો હતો. આ યુવાનોએ જ્ઞાનપ્રકાશ સ્વામીના પૂતળાનું દહન કર્યું હતું. પોલીસે વિરોધ કરી રહેલા યુવાનો સહિત બે મહિલાની પણ અટકાયત કરી હતી. રાજકોટમાં ભૂપેન્દ્ર રોડ પર સ્થિત વડતાલ તાબાના સ્વામિનારાયણ મંદિર ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ દરમિયાન વિરોધ કરવા માટે આવી પહોંચેલા યુવકોએ કહ્યું હતું કે, સ્વામીએ વીડિયો દ્વારા માગેલી માફી અમને મંજૂર નથી. તેઓ વિરપુર આવીને માફી માગે નહીં તો ઉગ્ર વિરોધ કરાશે. આ યુવાનોએ વિરોધ કરતાં તેમની સાથે અન્ય લોકો પણ જોડાયા હતાં, જેમાં મહિલાઓ પણ હતી. પોલીસે વિરોધ કરી રહેલી બે મહિલા સહિત ૧૦ લોકોની અટકાયત કરી હતી. ■

(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)